Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

FOR BUYING, SELLING & LEASING
Investment In Real Estate Can Make Your Future Better...
For Sellers
Free Home Staging Consultation
Professional Photography & Virtual Tour
Attractive Advertising
Social Media Marketing
Customized Feature Sheet
Weekly Open House
Assist in Mortgage & Legal Services
For Buyers
Team of Strong Mortgage Brokers
Team of Lawyers
Professional Home Inspectors
Step by Step Guidance Through out Buying Process
AMIT SHAH
Sales Representative
Dir: 647-995-5640
KOMAL SHAH
Sales Representative
Dir: 647-624-5640
Homekey236@gmail.com
Web: www.amitshah.ca

FRIDAY, 19 NOVEMBER, 2021 Vol. 18, No. 47 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news

# બ્રિટિશ કોલંબિયામાં પૂર પ્રકોપ, ઈમરજન્સી જાહેર

## એકનું મોત, બે લાપતા: અનેક વાહનો ફસાયા, ભારે કીચડને કારણે મૃત્યુ પામનારાઓનો આંક વધવાની શક્યતા

**ઓન્ટેરિયો**

બ્રિટિશ કોલંબિયામાં આવેલા ભારે પૂરના કારણે નદીઓમાંથી ભારે કીચડ ઘસડાઈ આવ્યું હતું. કીચડના આ ધસમસતા પ્રવાહમાં ફસાઈને એક વ્યક્તિનું મોત થયું હોવાની વાતને બ્રિટિશ કોલંબિયાના હાઈવે સતાવાળાઓએ સમર્થન આપ્યું હતું. બીસીના આરસીએમપીએ મંગળવારે કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પેમ્બ્રટોન અને લીલુંએટ વચ્ચે આવેલા ૯૯ નંબરના હાઈવે ખાતેથી એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. તે રાજ્યના લોઅર મેનલેન્ડની રહેવાસી છે. પૂર પ્રકોપને કારણે ઓછામાં ઓછા બે લોકો ગૂમ હોવાના તથા અનેક સ્થળોએ વાહનો કીચડમાં ફસાઈ ગયા હોવાના અહેવાલ છે. આ બનાવ પેમ્બ્રટોનની ઉતરે ૯ કિ.મી. દૂર બન્યો હતો. પ્રાથમિક અહેવાલો મુજબ લીલુંએટ પ્લેસ અને સેટોન લેક રોડ વચ્ચેનો હાઈવે હજુ પણ બંધ છે. ત્યાં ફસાયેલા 50 વાહનોમાંથી કેટલાક વાહનો કીચડમાંથી બહાર નીકળવામાં સફળ રહયા છે. સમગ્ર બ્રિટિશ કોલંબિયામાંથી કીચડમાં ફસાયેલા લોકોને હેલીકૉપ્ટરથી સલામત સ્થાને ખસેડવામાં આવ્યા હતા. આ રાહતકાર્ય બે દિવસ સુધી ચલાવવામાં આવ્યું હતું. ભારે પૂરને કારણે પાણીની સાથે મોટા પ્રમાણમાં કીચડ પણ ધસી આવ્યું હતું. તેમાં અનેક વાહનો અને રાજ્યની પરિવહન સેવાની બસો ફસાઈ ગઈ હતી.

બ્રિટિશ કોલંબિયાના પ્રીમિયર જ્હોન હોગને કીચડના પૂરના કારણે સર્જાયેલી સ્થિતિને ધ્યાનમાં લેતા કટોકટી જાહેર કરી હતી. તેઓએ બુધવારે એક પત્રકાર પરિષદને સંબોધિત કરી નાગરિકોને એવી વિનંતી પણ કરી હતી કે, તેઓ ખાનપાનની સામગ્રીનો ખોટો સંગ્રહ ના કરે અને પરિસ્થિતિને પહોંચી વળવામાં મદદ કરે. અમને એ કહેતા દુ:ખ થાય છે કે, કીચડના તોફાનમાં હજુ પણ વધુ મૃત્યુ થયા હોવાની શક્યતા છે. ઘટનાસ્થળ પેમ્બ્રટોન અને લીલુંએટ વચ્ચેના નવ નંબરના હાઈવે ઉપરથી એક મહિલાનો મૃતદેહ શોધી કઢાયો છે.

જો કે, પોલીસે વધુ વિગત આપી નહોતી પરંતુ પોલીસે એટલું જણાવ્યું હતું કે આ મહિલા લોઅર મેનલેન્ડની રહેવાસી છે.







### નુકસાન પામનાર ખેડૂતોને સહાય અપાશે

ખેતીવાડી ખાતાના પ્રધાન લાના પોફામે જણાવ્યું હતું કે, હજારો પશુઓ આ પૂરમાં માર્યા ગયા છે અને બીજા હજારો ગંભીર હાલતમાં છે. બીસીમાં ખેતીવાડી માટે હાલનો સમય ગંભીર છે. ઉત્પાદકો પણ ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યા છે. તેમણે એવી ખાતરી આપી હતી કે, આ પૂરને કારણે નુકશાન પામનાર ખેડૂતોને રાજ્ય અને કેન્દ્ર સરકાર બંને તરફથી પૂરતી સહાય આપવામાં આવશે કે જેથી તેઓ ફરીથી બેઠા થઇ શકે.

### રાહત-બચાવ કાર્યમાં સૈન્યની મદદ લેવાઈ

તોફાનને પગલે હજારો લોકો ફસાયા છે, જેમને બચાવવા કેનેડાનાં સૈન્યદળોને તહેનાત કરવામાં આવ્યાં છે. વોશિંગ્ટન ડીસીની મુલાકાતે ગયેલા કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ સહાયતાની જાહેરાત કરતા કહ્યું કે સૈન્યદળો પુનર્નિર્માણની કામગીરીમાં મદદ કરશે. પૂરથી પ્રભાવિત વિસ્તારોમાં નહીં જઇ શકે અને પ્રભાવિત લોકો સુધી જરૂરી વસ્તુઓ પહોંચાડવામાં આવશે.

» ભારતને બે વન-ડે વર્લ્ડ કપ સહિત ICCની ત્રણ ઈવેન્ટ્સની યજમાની
» ભારત અને સાઉથ આફ્રિકા આઇસીસી અંડર-19 વર્લ્ડ કપમાં એક જ ગ્રૂપમાં
Page 17

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

જનરલ હેલ્પ / રસોઇ કામમાં બહેનોના હેલ્પની જરૂર છે.
ઈટોબીકોક એરિયામાં ગુજરાતી બહેનોની રસોઈ કામ માટે (જનરલ હેલ્પ / રોટલી બનાવવા માટે) જરૂર છે.
કામ ઇચ્છતાં બહેનોને વધારે જાણકારી માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.
# 647-839-5649

ABOWATH
REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# સરહદો ખુલતાં હવાઈમથક પર વિદેશી પ્રવાસીઓમાં વધારો

## ઓક્ટોબર મહિનામાં કેનેડાના હવાઈમથકો ઉપર 2,63,400 વિદેશી પ્રવાસીઓ આવ્યા

**ક્યૂબેક**

કોવિડ-19 દરમિયાન લાદવામાં આવેલા નિયંત્રણોને કારણે કેનેડાના આંતરરાષ્ટ્રીય હવાઈમથકો ઉપર અવાર-જવર લગભગ ઠપ થઈ ગઈ હતી. પરંતુ હવે બંને દેશો વચ્ચેની સરહદો સંપૂર્ણ રસી મુકાવી હોય તેવા લોકો માટે ખુલ્લી મુકાતા કેનેડાના આંતરરાષ્ટ્રીય હવાઈમથકો ઉપર પ્રવાસીઓની અવર-જવરમાં વધારો થયો છે.

સ્ટેટિક્સ કેનેડા તરફથી શુક્રવારે ઓક્ટોબર મહિનાના જે આંકડાઓ બહાર પાડવામાં આવ્યા છે તે દર્શાવે છે કે, એ કેનેડાના હવાઈમથકો ઉપર 2,63,400 વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા. આમ કેનેડાના હવાઈ મથકો ઉપર ગયા વર્ષના આ જ મહિના કરતા 14 ગણા વધુ વિદેશી પ્રવાસીઓની અવાર-જવર થઈ હતી. જે કેટલાક વિદેશી પ્રવાસીઓ કેનેડામા આવ્યા હતા તેની સંખ્યા



1,14,200 હતી, તે વધીને 1,49,200 પર પહોંચી છે.

ઓગસ્ટની 9મીથી કેનેડામાં પ્રવાસીઓ પરના નિયંત્રણો હળવા કરવામાં આવ્યા હતા. આ પ્રતિબંધો માર્ચ 2020માં કોવિડ-19ના કારણે લાદવામાં આવ્યા હતા. પરંતુ હવે આ નિયંત્રણો હળવા કરવામાં આવ્યા છે અને સંપૂર્ણ રસી મુકાવનાર અમેરિકાનો કોઈપણ કારણ વિના પણ કેનેડામાં આવી શકે છે તેવી છૂટને કારણે બંને દેશો વચ્ચેના પ્રવાસીઓની અવર-જ્વરમાં વધારો થયો છે. સપ્ટેમ્બર 7થી સરહદો ખુલ્લી મુકતા હવે વિશ્વભરના પ્રવાસીઓ કેનેડા આવવા લાગ્યા છે. નવી જોગવાઈ મુજબ જે કોઈ કેનેડામા આવવા ઈચ્છતું હોય તેને સંપૂર્ણ રસી મુકાવી હોવી જોઈએ, તે અનિવાર્ય છે એમ હેલ્થ કેનેડાએ જણાવ્યું હતું. તેને એમ પણ કહ્યું હતું કે, કેનેડામા પ્રવેશનાર પ્રવાસીએ ફ્લાઈટના 72 કલાક પહેલા નેગેટિવ પીસીઆર ટેસ્ટનો પુરાવો રજુ કરવો જરૂરી છે.

# નોર્થ યોર્કની મસ્જિદમાં તોડફોડ મામલે શકમંદની ધરપકડ, પાંચ હજાર ડોલરનો દંડ

## સીસીટીવી ફુટેજને આધારે પોલીસ દ્વારા તપાસ, ઘટનાને વખોડી કઢાઈ

**ટોરોન્ટો**

ટોરોન્ટો પોલીસે નોર્થ યોર્ક મસ્જિદમાં ધમાલ મચાવવા અને ભાંગફોડ કરવા બદલ એક વ્યક્તિની ધરપકડ કરી હતી. આ બનાવ પછી થોડા સમયમાં જ પોલીસ અધિકારીએ ટોરોન્ટો એન્ડ રિજન ઈસ્લામિક કોંગ્રીગેશન (તા. રિ.ક.) ઈસ્લામિક સેન્ટર ખાતેથી 9મી નવેમ્બરમાં રોજ એક શકમંદની ધરપકડ કરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, સીસી ટીવીના ફુટેજની તપાસ દરમિયાન બહાર આવ્યુ હતું કે, એક વ્યક્તિ મોટા પથ્થર સાથે સાંજે 7 વાગ્યા પહેલા દાખલ થઈ રહ્યો છે. ત્યારબાદ આ વ્યક્તિએ પથ્થરને બારી પર ફેંક્યો હતો અને બારીને નુકશાન થયું હતું. જે બાદ તે પથ્થર નજીકની દીવાલ પાસે પડી ગયો હતો. પોલીસના જણાવ્યા મુજબ આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી. 50 વર્ષીય એક પુરુષની આ ભાંગફોડના આરોપ બદલ ધરપકડ કરી 5000 ડોલરનો દંડ ફટકાર્યો હતો. ટોરોન્ટો પોલીસના પ્રવક્તા ઈન્સ્પેક્ટર કીથ સ્મિથે આ બનાવને વખોડી કાઢ્યો હતો. તેમણે કહ્યું હતુ કે, પોલીસ આ બનાવ ઉપર સતત નજર રાખી રહી છે. દેશમાં બનતા આવા બનાવોથી દેશના તાંતણાઓને અસર પહોંચે છે. કોઈપણ ધાર્મિક જૂથોની આસ્થાને નુકશાન પહોંચાડવું એ ગુનો છે એમ રવિવારે સ્મિથે પત્રકારોને જણાવ્યું હતું. જોકે આ બનાવથી કોઈ શારીરિક ઈજા થઈ નથી, પરંતુ આવા બનાવો લોકોની શ્રદ્ધા અને સંવેદના તથા માનસિકતાને ભારે નુકસાન પહોંચાડે છે તેમ તેમણે ઉમેર્યુ હતુ.

# નેધરલેન્ડમાં યોજાયેલી સ્વિમિંગ સ્પર્ધામાં મેકિનટોસ બીજા સ્થાને

**ઓન્ટેરિયો**

કેનેડાની સ્વિમર મેકિન્ટોશે નેધરલેન્ડના એડીન હોવેન ખાતે યોજાયેલી ઈન્ટરનેશનલ સ્વિમિંગ-3 સ્પર્ધામાં બીજું સ્થાન મેળવ્યું હતું. ટોરોન્ટોની 15 વર્ષીય સ્વિમરે ટોરોન્ટો ટાઈટન્સ તરફથી મહિલાઓ માટેની ત્રણ સ્પર્ધાની વ્યક્તિગત કક્ષામાં 400.મી.નું અંતર 04:27:87 સેકન્ડમાં પૂરું કરી ટીમના બે અન્ય સ્પર્ધકોને પાછળ છોડ્યા હતા. બીજી બે સ્પર્ધામાં પણ જ્યોર્જ ટાઉનની સેપુલા ટેસ્ટે 04:30:04 સેકન્ડ અને લંડન રોયલ વતી આ સ્પર્ધામાં ભાગ લઈ રહેલી હેલિફેક્સની સિડની પીકરેમેં 04:30:10 સેકન્ડમાં અંતર કાપ્યું હતું. જોકે મેકિન્ટોશ તેની ટીમના બે સાથીઓથી આ સ્પર્ધામાં આગળ રહી હતી. પરંતુ આ જ સ્પર્ધાના 6ઠ્ઠા અને 8માં જેકપોટ રાઉન્ડમાં પાછળ રહી ગઈ હતી. બીજા પ્લે ઓફ મેચમાં મેકિન્ટોશે તેના બે સ્પર્ધકો સાથે મળીને કુલ 398.5 પોઈન્ટ મેળવ્યા હતા અને તે આ ટીમમાં પહેલા સ્થાન પર રહી હતી. એલ એ કરંટ ટીમ 506 પોઈન્ટ સાથે સૌથી આગળ રહી હતી. પરંતુ શનિવારે યોજાયેલી સ્પર્ધામાં તે માત્ર 495.5 પોઈન્ટ સાથે પાછળ ધકેલાઈ હતી. તો એક્વા સેન્ચ્યુરીયન ગ્રુપ 350 પોઈન્ટ સાથે સ્પર્ધામાં છેલ્લા સ્થાને ફેંકાઈ ગઈ હતી. 20-21 નવેમ્બરના રોજ યોજાનારી 4થી મેચમાં કેલીડો કોન્ડર્સ, ટીમ આયરન, લંડન રોયલ તથા એલએ કરંટની ટીમો સ્પર્ધામાં ઉતરશે.

# સાસ્કેચવાન અને સાસ્કટુન પંથકમાં ફરી શિયાળુ તોફાનની અસર સંભવ

**સાસ્કટુન**

સાસ્કેચવાનના મોટાભાગના વિસ્તારોમાં તોફાની પવનો અથવા શિયાળુ તોફાનની આગાહી કરવામાં આવી છે. આવા હવામાનના કારણે બ્રિટિશ કોલંબિયાના નીચાણવાળા વિસ્તારમા ઉષ્ણતામાનમાં ઘટાડો થયો છે. ગંભીર ચેતવણીને કારણે રેજીના અને સાસ્કટુન ખાતે પરિસ્થિતિ વધુ ગંભીર બની છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારે પવનો અને અન્ય વિસ્તારોમાં શિયાળુ તોફાનોની આજે આગાહી કરવામાં આવી હતી.

એન્વાયોરનમેન્ટ એન્ડ કલાઈમેન્ટ ચેન્જ કેનેડાના હવામાન શાસ્ત્રી ટેરી લેંગે જણાવ્યું હતું કે, સાસ્કેચવાનમાં ઠંડા પવનો ફૂંકાવાની અને બરફ પાડવાની શક્યતા છે. જયારે 90 કિમી પ્રતિ કલાકની ઝડપે ઝંઝાવાતી પવનો ફૂંકાવાની શક્યતા છે. ગુરુવારે બપોર સુધીમાં 10-15 સેમી બરફ પડવાની શક્યતા હતી. હવાઈ પરથી આ સિસ્ટમના પવનો આવી રહ્યા છે. આ એજ સિસ્ટમ છે કે જેણે બ્રિટિશ કોલંબિયામાં ભારે તારાજી સર્જી હતી. હવે પછીના દિવસોમાં બપોરના સમયે ઉષ્ણતામાનનો પારો શૂન્યની નીચે જવાની શક્યતા છે એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું. વધુમાં મેનિટોબા તરફથી આવી રહેલી સિસ્ટમના કારણે ભારે ઠંડા પવનો આ વિસ્તારમાં ફૂંકાવાની શક્યતા છે. તેમણે જણાવ્યું હતું કે પોણા ભાગના રાજ્યમાં આ હવામાને તેનો પંજો ફેલાવ્યો છે.

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને છન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.

Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
Residential
New Construction
Investment
Commercial
MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC.
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits

Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865 Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# પ્રશ્નો રજુ કરવા નેતાઓ દ્વારા સોશિયલ મીડિયાનો ઉપયોગ


## વિરોધ પક્ષોએ મંત્રી પ્રધાન ફ્રેઝરને પત્ર લખી ઈમિગ્રેશન સિસ્ટમમાં સુધારા માટે સુચનો કર્યા

**ઓન્ટેરિયો**

કેનેડાના વસાહતી ખાતાના પ્રધાન ફ્રેઝરને વિરોધ પક્ષના સભ્યોએ સોશિયલ મીડિયા મારફતે એક પત્ર લખી ઈમિગ્રેશન સિસ્ટમમાં કઈ રીતે સુધારો કરી શકાય તે માટે સૂચનો કર્યા છે.

કન્ઝર્વેટિવ પાર્ટીના જસરાજસિંઘ હાલન તથા ન્યુ ડેમોક્રેટિક પાર્ટીના જેની કવાને પણ વસાહતી ખાતાના પ્રધાનને સોશિયલ મીડિયા મારફતે પોતાની સમસ્યા રજુ કરી હતી. આ સભ્યોનું કામ સરકાર સાથે સબંધ જાળવી રાખવાનું છે અને તેઓ ઈમિગ્રેશન એન્ડ સિટિઝનશીપની સ્ટેન્ડિંગ કમિટીમાં અવાર-નવાર ભાગ લેતા હોય છે.

આ કમિટીમાં જુદા-જુદા પક્ષના રાજકારણીઓનો સમાવેશ કરાયો છે. કેનેડાની સંસદમાં પણ હવે સોશિયલ મીડિયાનો ઉપયોગ વધવા લાગ્યો છે. ઈમિગ્રેશન રેફયુજીસ એન્ડ સિટિઝનશીપ કેનેડા (આઈઆરસીસી) તેમની ભલામણો તથા નવી નીતિઓનો અભ્યાસ કરવા માટે પણ સોશિયલ મીડિયા પર આધાર રાખે છે. લિબરલ પક્ષના સભ્ય કે જેમને હાલમાં માઈનોરિટી પાવર ઈન ધ ગવર્મેન્ટ બાબતે સોશિયલ મીડિયા મારફતે સંસદમાં રજૂઆત કરી હતી. કવાને વસાહતી ખાતાના પ્રધાનને 4 પન્નાના એક પત્રમાં અનેક મુદ્દાઓ રજુ કર્યા છે. તેણે પોતાના જમા થઈ ગયેલા કામનો ઝડપથી નિકાલ કરવા માટે સોશિયલ મીડિયાને એક



આદર્શ વિકલ્પ ગણાવ્યો છે. આ સાથે જ ભારે રોગચાળો ફાટી નીકળ્યો ત્યારથી મારે માટે સોશિયલ મીડિયાનું માધ્યમ મારા કામના ઝડપી નિકાલનો એક આદર્શ વિકલ્પ બની ગયો હોવાનું તેમણે સ્વીકાર્યુ હતુ.

જો કે, મેંડીસીનોએ કહ્યું હતું કે, ઈમિગ્રેશન સિસ્ટમમાં ઝડપથી આધુનિકીકરણ લાવવામાં આવશે. જો કે, આ સુધારા માટે 5 વર્ષ જેટલો સમય લાગી જશે. એ દરમિયાન પ્રોસીડીંગ્સમાં વિલંબ થતા પરિવારોને તો નુકસાન થાય જ છે. પરંતુ વસાહતીઓની અછત ઉભી થતા કેનેડાના અર્થતંત્રને પણ નુકશાન થાય છે. કેનેડાના ઉદ્યોગો એક બાજુ માનવબળ મેળવવા માટે ભારે મહેનત કરી રહ્યા હોય છે. ત્યારે બીજી તરફ કેનેડાની વસાહતી નીતિને કારણે કામદારોની જરૃરિયાત પુરી થતી નથી. હાલમાં જે નવી પ્રક્રિયા અપનાવવામાં આવી છે તે હજુ વધી લાંબી થઈ ગઈ છે.


વધુમાં 2020થી બેકલોગ રહ્યો છે તે છેલ્લા ત્રણ વર્ષથી પૂરો કરી શકાયો નથી. આઈઆરસીસીએ કેટલીક અરજીઓનો અંતિમ નિર્ણય લઈ ટેમ્પરરી રેસિડેન્સમાંથી પરમેનન્ટ રેસિડેંટ્સ પ્રોગ્રામમાં મોકલી આપી છે. આ કાર્યક્રમની રચના 2021ના વસાહતીઓ માટેના લક્ષ્યાંકો પાર પાડવા માટે કરાઈ છે. પરિણામે જે લોકોએ પરમેનન્ટ રેસીડેન્સી માટે આ અગાઉ અરજી કરી છે તેમને તેનો નિર્ણય આવે તે માટે હજુ વધુ રાહ જોવી પડશે.

# ગુજરાતી સિનિયર્સ સમાજ ઓફ મિસીસાગા દ્વારા ફીઝીયો તબીબનો માર્ગદર્શન કાર્યક્રમ

**ઓન્ટેરિયો**

મુંબઈના પ્રસિદ્ધ Phsio theraphist ડો. સ્નિગ્ધાબેન મહેતાનો ઝૂમ પર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાતી સિનિયર્સ સમાજે રફીફી ક્લબ, ગુજરાતી કલ્ચરલ એસોસિએશનના વૉટર લૂ, જૈન સોશિયલ ક્લબ, જૈન સમાજ, ગુજરાતી સિનિયર્સ સમાજ ઑફ બ્રેમ્પ્ટન, ગુજરાતી સિનિયર્સ સમાજ પ્રમુખ કુસુમબેન શાહ તથા સિનીયર્સને ડૉ. સ્નિગ્ધાબેનના માર્ગદર્શનનો લાભ લેવા માટે આમંત્રિત કર્યા હતા.

કાર્યક્રમનો વિષય The Dormant Butt - A Hidden Danger to our health હતો. સમાજનાં પ્રમુખ કલાબેન પટેલે ઉપ-પ્રમુખ, પ્રવિણભાઈ મહેતા, કનુભાઈ પટેલ તથા E.C સભ્યોનો આભાર માન્યો હતો. તથા ડૉ. સ્નિગ્ધાબેનનો પરિચય આપ્યો હતો.



સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ કનુભાઈ પટેલે આવકાર આપતા જણાવ્યું કે, ડોકટર જે ટૉપિક પ્રસ્તુત કરે છે તે વિસ્તૃત રૃપે સમજાવે છે. જેથી સિનિયર્સને પોતાની હેલ્થ માટે ફાયદો થાય. રમત ગમતમાં ભાગ લેનારાઓની શારીરિક અડચણો પણ ફિઝીયો થેરેપીથી દૂર થાય છે. જે બાદ ડોક્ટરે કહ્યું કે બાળકોને રમવાનું ઓછું મળે તો હલનચલન ઓછું થાય અને શરીર નબળું બને. આ બધુ MRI ks Blood Test કરાવો તો પણ કંઈ ખબર પડતી નથી. પગ સૌથી વધારે ઉપરના તથા નીચેના સ્નાયુઓને સપોર્ટ કરે છે. અને ઝડપથી ચાલી શકે છે. જેનાં મસલ્સ નબળા થયા હોય તેઓ ઝડપથી ચાલી નથી શકતા. વાંકા ચાલવાથી મસલ્સ કમજોર થઈ જાય છે. જેથી બ્લડ પ્રેશર, Cardic Problems, High LDL Cholasherd વગેરે સમસ્યા ઉભી થાય છે. સ્નાયુઓને મજબૂત કરવા કસરત ખૂબ જરૃરી છે. અંતે પ્રશ્નોત્તરી કાર્યક્રમ થયો હતો. બધાને સંતોષકારક માર્ગદર્શન મળ્યું હતું.

# કેનેડિયન ફોટો જર્નાલિસ્ટને કોપ-26 ફોટોગ્રાફી સ્પર્ધામાં બે ઈનામ

**ટોરોન્ટો**

એક કેનેડિયન ફોટોગ્રાફરે યુ.એન. ક્લાઈમેટ કોન્ફરન્સ ફોટો સ્પર્ધામાં ટોચનું ઈનામ મેળવ્યું હતું. જો-એને મેક આર્થરે સ્કોટલેન્ડના ગ્લાસગો ખાતે 12મી નવેમ્બરના રોજ યોજાયેલી કોપ-26 ફોટોગ્રાફી સ્પર્ધામાં 2 ઈનામ મેળવ્યા હતા. તેના એનિમલ્સ નામના આ ફોટોગ્રાફે તેને આ સિદ્ધી અપાવી હતી.



મેક આર્થરે મીડિયા સમક્ષ કહ્યું હતું કે, આ ફોટોગ્રાફમાં ગાયોને એક ટ્રકમાં લઈ જતી દર્શાવવામાં આવી છે. આ ઘટના બલ્ગેરિયા અને તુર્કીની સરહદ ઉપર બની હતી. હું માનું છું કે, આ ફોટાનું મહત્વ એવુ છે કે, પ્રાણીઓનો આહાર માટે ઉપયોગ કરવા ગાયનું પરિવહન એક છુપા એજેન્ડાનો ભાગ છે. કેનેડામાં દર વર્ષે લાખો પ્રાણીઓની લેવડ દેવડ થાય છે. તમે જાણો છો કે આનો ઉપયોગ માંસાહાર માટે કરવામાં આવે છે અને હું તેનો સખત વિરોધી છું. મેક આર્થર પોતે શાકાહારી છે. તેણે જણાવ્યું હતું કે, આપણે જયારે પ્રાણીઓનો ઉપયોગ કરીએ છીએ ત્યારે તેના પરિણામો વિષે વિચારતા નથી. જોકે, પ્રાણીઓ માટે આ બાબત સારી નથી. પરંતુ માણસજાત માટે પણ માંસાહાર સારી બાબત નથી. કારણકે તેના કારણે પર્યાવરણમાં પણ ભારે મોટું પરિવર્તન આવે છે. મેક આર્થરે ગ્રીન હાઉસ ગેસ એમિશનના વિષયનો અભ્યાસ કર્યો છે અને હાલમાં તે પર્યાવરણને લઈને પણ કામ કરી રહી છે. તેણે જણાવ્યું હતું કે, આવા બનાવોની પણ પ્રાયાવરણ પર ભારે અસર થાય છે. કેનેડામાં આ જ કારણોસર જંગલી આગના બનાવો વધવા લાગ્યા છે. તેમણે પોતાના ફોરગ્રાફને પસંદ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# શરણાર્થી અને વસાહતીઓ તરફ કેનેડિયનોની સહાનુભૂતિ યથાવત્

## વસાહતીઓનું પ્રમાણ બહુ વધી ગયું હોવાની કાગારોળને 65% નાગરિકોએ ફગાવી દીધી

**બ્રામ્પ્ટન**

મહા-રોગચાળાની સ્થિતિ હળવી થઈ જતા મોટાભાગના કેનેડિયનનો વસાહતીઓને મોટા પ્રમાણમાં આવકાર આપે છે તેવુ તારણ અભ્યાસમાં બહાર આવ્યુ છે. આ એક સારી બાબત છે એમ એન્વાર્યોનીકસના એક સર્વેમાં જણાવવામાં આવ્યું છે.

એન્વાયરોનિક્સ ઈન્સ્ટિટ્યૂટે 2000 કેનેડિયનનોનો સપ્ટેમ્બર 7 અને 23, 2021ના રોજ ટેલિફોન ઉપર ઈન્ટરવ્યૂ લીધો હતો. જેમાં વસાહતીઓ તથા શરણાર્થીઓ સબંધી મંતવ્યો જાણવાના પ્રયત્નો કર્યા હતા.

આ સર્વેના તારણો મુજબ ફોલ 2021 નામના અહેવાલમાં કેનેડિયનનોના વસાહતીઓ અને શરણાર્થીઓ સબંધી જે મંતવ્યો લેવામાં આવ્યા હતા તે લગભગ ગત વર્ષ જેવા જ હતા. સ્પષ્ટ બહુમતીએ વસાહતીઓ તરફ સહાનુભૂતિ દર્શાવાઈ હતી અને જણાવ્યું હતું કે, કેનેડાના આર્થિક વિકાસ માટે તે જરૃરી છે. તેઓ દેશના વિકાસ માટે તથા વસ્તીના વધારા માટે આવશ્યક છે. કેનેડા ધીમે-ધીમે સમસ્યાઓમાંથી બહાર આવી રહ્યું છે, એ સમયે આ અહેવાલ બહાર આવ્યો છે. વસાહતીઓની સમસ્યા કોવિડ-19ના સમયમાં એક તરફ ધકેલાઈ ગઈ હતી. પરંતુ હવે ફરીથી સપાટી પર આવી છે. આ સર્વેનો હેતુ એ સમજવાનો હતો કે ગયા વર્ષે કેનેડિયનનોને વસાહતીઓ તરફથી કેવા પડકારોનો સામનો કરવો પડ્યો હતો. બે તૃતીયાંશ એટલ કે 65% કેનેડિયનનોએ કેનેડામા વસાહતીઓનું પ્રમાણ બહુ વધી ગયું છે એવી કાગારોળને ફગાવી દીધી હતી.

# હિન્દુ હેરિટેજ માસની ઉજવણી સાથે ધ્વજવંદન





**બ્રામ્પ્ટન**

તાજેતરમાં સમગ્ર બ્રામ્પટનમાં અનેક સામુદાયિક કાર્યક્રમો દ્વારા હિન્દુ હેરિટેજ માસની ઉજવણી કરવામાં આવી હતી. 12મી નવેમ્બરના રોજ બ્રામ્પ્ટન સિટી હોલમાં હિન્દુ કેનેડિયનો વિશે ભાવિ પેઢીઓને માહિતગાર થાય તેવા ઉદેશ્ય સાથે નાગરિકો એકત્ર થયા હતા.

આ સાથે જ પ્રભાવશાળી ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ઘણા સ્થાનિક ચૂંટાયેલા મહાનુભાવો તથા અધિકારીઓ હાજર રહ્યા હતા. જેમાં બ્રામ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉન, કાઉન્સિલર જેફ બોમેન, કાઉન્સિલર માઈક પેલેસ્કી, કાઉન્સિલર ચાર્માઈન વિલિયમ્સ, કાઉન્સિલર રોવેના સેન્ટોસ, કાઉન્સિલર હરકીરાત સિંહ, કાઉન્સિલર ગુરપ્રીત ધિલ્લોન, રૂબી સહોતા (એમપી બ્રામ્પ્ટન નોર્થ), સોનિયા સિદ્ધુ (એમપી બ્રામ્પ્ટન સાઉથ), રેચી વાલ્ડેઝ (એમપી, મિસિસોગા સ્ટ્રીટ, વિલે સ્ટ્રીટ)નો સમાવેશ થાય છે.

મંત્રી પ્રબમીત સરકારિયા, અમરજોત સંધુ (એમપીપી બ્રામ્પ્ટન વેસ્ટ), કેવિન યાર્ડે (એમપીપી બ્રામ્પ્ટન નોર્થ), દીપક આનંદ (એમપીપી મિસીસોગા-માલ્ટન), સ્કૂલ બોર્ડના ટ્રસ્ટી કેથી મેકડોનાલ્ડ, વિલ ડેવિસ અને હરદીપ ગ્રેવાલ (પીસી પાર્ટી ઉમેદવાર) ઉપરાંત બ્રામ્પ્ટન ઈસ્ટના MPP ગુરરતન સિંઘના પ્રતિનિધિ તરીકે તેમનો સ્ટાફ હાજર રહ્યો હતો. અનેક સંગઠનોએ આ ઈવેન્ટને સમર્થન આપ્યું હતું. આ ઈવેન્ટ હિન્દુ હેરિટેજ સેલિબ્રેશન ફાઉન્ડેશનના આશ્રય હેઠળ એકસાથે રાખવામાં આવી હતી. ફાઉન્ડેશનના સભ્યોમાં દવે કપિલ, પીયુષ ગુપ્તા, રાકેશ જોશી, મનન ગુપ્તા, મધુસુદન લામા, નિક મેંગી, વીરેન્દ્ર રાઠી, સુભાષ ચંદ, ડોન પટેલ, જેક ધીર, પથિક શુક્લા, આનંદ ઐયર, અશ્વની અગ્રવાલ, અનિલ શર્મા, મધુ શારદા અને અમિતે કાર્યક્રમમાં સક્રિય ભૂમિકા ભજવી હતી.

તંત્રી સ્થાનેથી

# દિલ્હી માથે પ્રદૂષણનું કલંક અને સરકારો વચ્ચે ખો-ખો

પંજાબ અને હરિયાણામાં પરાળી એટલે કે ખેતીનો કચરો બાળવાનો શરૂ થાય તે પછી દિલ્હીમાં પ્રદૂષણની માત્રામાં ધરખમ વધારો થાય છે. હાલમાં ભારતની રાજધાનીમાં ફરી પ્રદૂષણને કારણે કોહરામ મચતા મામલો સુપ્રિમ કોર્ટ સુધી પહોંચ્યો છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અને દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકાર એકબીજા પર દોષનો ટોપલો ઢોળવાની નીતિ અપનાવી રહ્યા છે. દિલ્હીને દુનિયાની સૌથી પ્રદૂષિત રાજધાનીનો શિરપાવ મળ્યો છે. જુદાં જુદાં રિપોર્ટો કહે છે કે દેશની રાજધાનીના વાયુ પ્રદુષણમાં ૩૯ ટકા ધુમાડો વાહનો અને બાવીસ ટકા ધુમાડો ઔદ્યોગિક એકમો ફેલાવે છે. એ ઉપરાંત હવા સાથે આવતી ધૂળ ૧૮ ટકા જેટલું પ્રદૂષણ વધારી દે છે.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

દરમિયાનમાં સુપ્રીમ કોર્ટે બુધવારે પ્રસંશનીય વલણ અપનાવીને ખેડૂતો ઉપર દોષનો ટોપલો ઢોળનારાને ઝાટકી નાખ્યા હતા. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું કે, ખેડૂતોને દંડવાની તેની જરાય ઈચ્છા નથી. ખેડૂતો વાંકમાં નથી અને ખેડૂતો પાસેથી સરકારે સમજાવીને કામ લેવું જોઈએ. સરકારે ખેડૂતોને હાલ પૂરતી પરાળી નહીં બાળવા વિનંતી કરવી જોઈએ, ઓછામાં ઓછું એક અઠવાડિયા લગી આ કાર્યક્રમ મોકૂફ રાખવા માટે તેમને સમજાવવા જોઈએ. કોર્ટે તો શાળા કોલેજોને એક અઠવાડિયા સુધી બંધ રાખવા પણ તાકીદ કરી છે.

હવે ખેડૂતોને પરાળી બાળવાની ફરજ કેમ પડી રહી છે એ વિચારવા તો કોઈ તૈયાર જ નથી. ફાઈવસ્ટાર હોટલોમાં બેસી રહેનારા લોકો ખેડૂતોને વધતા પ્રદૂષણ માટે જવાબદાર ગણાવી રહ્યા છે. ખેડૂતોએ પરાળીના નિકાલ માટે મશીન વસાવવાં જોઈએ એવો બકવાસ પણ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટે બીજી પણ ઘણી વાતો કરી છે અને એ વાતોનો સાર એ છે કે, પરાળીની સમસ્યા માટે ખેડૂતોને દોષ દેવાના બદલે સરકારે આ સમસ્યાનો કાયમી ઉકેલ શોધવો જોઈએ.

સુપ્રીમની વાત સાચી છે. કેમ કે, પરાળીની સમસ્યા કામચલાઉ છે. જ્યારે દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યા તો બારમાસી છે. પંજાબ-હરિયાણામાં ઑક્ટોબર-નવેમ્બરમાં ઘઉનો પાક લેવાય પછી પરાળી બાળવામાં આવતી હોવાથી પ્રદૂષણ ફેલાય છે એવી વાતો થાય છે. કેજરીવાલ સરકાર પહેલાં પણ ખેડૂતોને દોષ દઈ ચૂકી છે અને અત્યારે ફરી દોષ દઈ રહી છે પણ તેનું યોગદાન પ્રદૂષણ ફેલાવવામાં બહુ મોટું નથી.

પરાળી એટલે કે, ખેતીનો કચરો પ્રદૂષણ ફેલાવવામાં યોગદાન આપે છે તેનો ઈનકાર ના થઈ શકે, પણ આ સમસ્યા એકાદ મહિના પૂરતી હોય છે. બીજું એ કે, તેનું પ્રમાણ એટલું મોટું નથી. કેન્દ્ર સરકારે તો કહ્યું જ છે કે, દિલ્હીના પ્રદૂષણમાં પરાળીનું યોગદાન માંડ દસેક ટકા છે. વાસ્તવમાં દિલ્હીમાં પ્રદૂષણની સમસ્યા માટે ચાર પરિબળ જવાબદાર છે. સતત ચાલતાં બાંધકામ, વાહનો, ઉદ્યોગો અને પાવર પ્લાન્ટ્સ. આ ચાર પરિબળો પ્રદૂષણ ફેલાવવામાં મુખ્ય યોગદાન આપે છે. આ ચાર પરિબળોને કઈ રીતે નાથવાં તેની વાત કોઈ કરતું નથી.

દિલ્હીમાં પ્રદૂષણ માટે સતત ઉડતી રહેતી ધૂળ અને વાહનોનો ધુમાડો સૌથી વધારે જવાબદાર છે. દિલ્હીમાં આડેધડ બાંધકામો થઈ રહ્યાં હોવાથી ખોદકામ ચાલ્યા જ કરે છે. પરિણામે ધૂળ ઉડ્યા જ કરે છે તેથી લોકોનું સ્વાસ્થ્ય બગડે છે. આ વાત અગાઉ દિલ્હી હાઈ કોર્ટમાં અપાયેલા રિપોર્ટમાં કહેવાયેલી છે. હાઈ કોર્ટે પોતે સત્તાવાર રીતે આ વાત સ્વીકારી છે. અત્યારે નવા સંસદ ભવનનું કામ રાત-દાડા ધમદોકાર ચાલે છે ને તેના કારણે ધૂળમાં વધારો થયો છે. દિલ્હીમાં વાહનોના કારણે વધતા પ્રદૂષણનો મામલો પણ ગંભીર છે. દિલ્હીમાં રોજ નવાં ૨૦૦૦૦ ખાનગી વાહનો ઉમેરાય છે. તેના કારણે સતત ધુમાડો ફેંકાતો જ રહે છે.

દિલ્હીમાં અડધોઅડધ વાહનો તો સરકારી છે ને તેના કારણે પ્રદૂષણ વધે છે. દિલ્હીમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, ત્રણ-ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ છે અને તેમનાં વાહનોની જ સંખ્યા હજારોમાં છે. આ બધાં વાહનો પેટ્રોલ-ડીઝલ પર ચાલતા હોવાથી હવામાં ઝેર ભેળવે છે. દિલ્હીમાં સેંકડોની સંખ્યામાં બસો છે. જેમાંની મોટાભાગની પેટ્રોલ અને ડીઝલ પર ચાલે છે. લાંબા સમયથી દિલ્હીમાં સીએનજી પર ચાલતી બસો સિવાય બીજી બસો નહીં દોડાવવાની વાતો થાય છે પણ પરિણામ હજી પણ મળ્યુ નથી. દિલ્હીમાં અંદરના વિસ્તારોમાં મોટા પ્રમાણમાં ઉદ્યોગો નથી પણ આસપાસના વિસ્તારોમાં બહુ ઉદ્યોગો છે. આ ઉદ્યોગો પ્રદૂષણની ચિંતા જ કરતા નથી.

દિલ્હીની આસપાસ હજારોની સંખ્યામાં નાની નાની ફેક્ટરીઓમાં વપરાતી મશીનરી બાવા આદમના જમાનાની છે. આ બધાં રોજ ટનબંધ કાર્બન ડાયોક્સાઈડ ઓકે છે. આટલું ઓછુ હોય તેમ વીજળી ઉત્પાદન કરવા માટે હજુય કોલસો વપરાય છે. સરકારી પાવર પ્લાન્ટ્સ જ સૌથી વધારે પ્રદૂષણ ફેલાવે છે. આ સિવાય દિલ્હીમાં અંદરના વિસ્તારોમાં નાનાં નાનાં ઘરઘરાઉ કારખાનાં પણ બહુ છે. આ ચાર પ્રદૂષણ ફેલાવનારાં મુખ્ય પરિબળો છે પણ તેનો ઉકેલ લાવવા કશું કરાતું નથી.

સુપ્રીમ કોર્ટ કે હાઈ કોર્ટ તતડાવે એટલે સરકારના ઈશારે સરકારી અધિકારીઓ ચોપડા કે સાચા-ખોટા રિપોર્ટ લઈને હાજર થઈ જાય છે. સરકારી અધિકારીઓની આ માનસિકતાનું કારણ એ છે કે, તેમને ખબર છે કે, સુપ્રીમ કોર્ટ ગમે તે કહે પણ તેમના પગારમાંથી પાંચિયુંય ઓછું થવાનું નથી કે કોઈ દંડ થવાનો નથી. એ લોકો પોતાની જવાબદારી સારી રીતે નિભાવતા નથી તો એ માટે તેમણે કોઈ કિંમત ચૂકવવાની નથી. સુપ્રીમ કોર્ટ બોલે ત્યારે તેમનો ઠપકો સાંભળી લો એટલે પત્યું. એ પણ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલે એટલો સમય સાંભળવાનું હોય. આ સુનાવણી પણ વરસમાં પંદર દાડા-મહિનોથી વધારે ચાલતી નથી. એટલો સમય સહન કરી લેવાનું અને બાકીના અગિયાર મહિના નિરાંતે રહેવાનું એ મંત્ર તેમણે અપનાવી લીધો છે. જો સરકાર અને અધકારીઓ આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માંગતા હોય તો પ્રદૂષણ સામે કેવી રીતે લડવું એ માટે મેક્સિકો પાસેથી શીખવુ જોઈએ. નોર્થ અને સાઉથ અમેરિકા વચ્ચે આવેલા મેક્સિકોની રાજધાની મેક્સિકો સીટીને ૧૯૯૨માં યૂ.એન.એ દુનિયાનું સૌથી પ્રદૂષિત શહેર જાહેર કર્યું હતું. પરંતુ એ પછીના બે દશકમાં આ શહેરના પ્રશાસને એવા પગલાં લીધાં કે પ્રદૂષણ ઘણી હદે ઓછું થઈ ગયું. સાઠના દસકામાં મેક્સિકોમાં નવા ઉદ્યોગો વિકસી રહ્યાં હતાં. ઉદ્યોગો વધવાની સાથે જ કામધંધાની શોધમાં આસપાસના પ્રદેશોના લોકો મેક્સિકો સીટીમાં આવવા લાગ્યાં. વસતી વધી અને સાથે સાથે વાહનો પણ વધ્યાં. ઉદ્યોગો વધતા શહેરની ચારે તરફનો ખુલ્લો વિસ્તાર બંધિયાર થવા લાગ્યો. અંધાધૂધ ઔદ્યોગિકરણનું પરિણામ એ આવ્યું કે, ૧૯૮૫ આવતા સુધીમાં તો પ્રદૂષણની હાલત બદતર થઈ ગઈ. ઝેરી ધૂમાડો વાતાવરણમાં ઝળુંબવા લાગ્યો અને લોકોને અનુસંધાન પેજ નં. 11 પર

manoj1968@yahoo. ca






# બનાસ બેંકની ચૂંટણીમાં ભાજપના 6 અને 3 બળવાખોર ઉમેદવારોની જીત

**પાલનપુર**

બનાસકાંઠાની બનાસબેંકના આગામી નવા ૧૯ સભ્યોના નિયામક મંડળ માટે ચૂંટણી જાહેર કરાઇ હતી જેમાં ચૂંટણી પૂર્વે દશ બેઠકો બિન હરીફ થઈ હતી અને બાકીની નવ બેઠક પર બેથી વધુ ઉમેદવારો ચૂંટણી લડતા હોઈ નવ બેઠકો પર ૨૨ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાઈ હતી. જેની સોમવારે પાલનપુર પ્રાંત કચેરી ખાતે મતગણતરી યોજાઈ હતી. જેમાં બનાસબેંકમાં ભાજપના મેન્ડેડ વાળા ઉમેદવારો સામે ચૂંટણી લડતા વડગામ, પાલનપુર અને દિયોદર બેઠક



પર ભાજપના સસ્પેન્ડ ત્રણ ઉમેદવારોનો વિજય થયો હતો જ્યારે દાંતીવાડા, ભાભર, સુઈગામ, લાખણી, ડીસા અને ઈતર બેઠક પર ભાજપના ઉમેદવારોનો વિજય થયો હતો જેમાં વડગામ બેઠક પર ભાજપના ઉમેદવાર કેશરભાઈ જાલમભાઈ વાયડા અને ભાજપના સસ્પેન્ડ ઉમેદવાર કેશરભાઈ પરથીભાઈ ચૌધરીને સરખા ભાગે ૩૫-૩૫ મત મળતા અહીં ચિઠ્ઠી ઉછાળવામાં આવી હતી જેમાં ભાજપના સસ્પેન્ડ ઉમેદવાર કેશરભાઈ ચૌધરીનું નામ નીકળતા તેમને વિજેતા જાહેર કરાયા હતા. જયારે ઈતર વિભાગમાં ચાર ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો જેમાં જિલ્લા ભાજપ મહામંત્રી ડાહ્યાભાઈ પીલિયાતરનો ૬૨૨ મતની લીડથી વિજય થયો હતો.

# મોડાસામાં મહિલાને બદનામ કરતો પ્રાંત અધિકારી સસ્પેન્ડ

## ધરપકડ બાદ જામીન મુક્ત કરાયેલા અધિકારી સામે એકશન લેવાશે

**મોડાસા**

ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા એક મહિલા અધિકારી સાથે બળજબરી પૂર્વક સંબંધ રાખવા દબાણ કરતા અને છેલ્લા એક વર્ષથી આ મહિલાને તંગ કરતા મોડાસાના પ્રાંત અધિકારી સામે કરાયેલી ફરીયાદ બાદ અમદાવાદ સાઈબર ક્રાઈમે અધિકારીની ધરપકડ કરી લીધી હતી. ૩૧ કલાકની ધરપકડ બાદ સાયબર ક્રાઈમે આ અધિકારીને કોર્ટમાં રજુ કર્યો હતો.પરંતે આશ્ચર્યજનક રીતે રિમાન્ડ નહી મંગાતાં શરતી જામીન મુક્ત કરાયેલા અધિકારીને આખરે રાજય મહેસૂલ વિભાગે સસ્પેન્ડ કરી દીધો હતો.આ સસ્પેન્શનના હુકમથી પીડીતાના પરિવારમાં રાહત ફેલાઈ હતી. જયારે આ અધિકારીના વહીવટદારો ફફડી ઉઠયા હતા. એક મહિલા અધિકારીને પોતાની સાથે સંબંધ રાખવા દબાણ કરવા, તેણીને બદનામ કરવા દબાણ કરનારા મોડાસાના ડેપ્યુટી કલેકટર એંવ પ્રાંત અધિકારી મયંક પટેલની અમદાવાદ સાયબર ક્રાઈમ ટીમે ગત મંગળવારના રોજ મોડાસા જિલ્લા સેવાસદનમાંથી અટકાયત કરી લીધી હતી.

# ખેડબ્રહ્મામાં કાર્તિકી પૂનમ પહેલા લોકોનો અસ્થિ વિસર્જન માટે ધસારો

**ખેડબ્રહ્મા**

ખેડબ્રહ્મા ભૃગુઋષિ આશ્રમ નજીક ત્રણ નદીઓના ત્રિવેણી સંગમમાં કાર્તિકી સુદ પૂનમના દિવસે મોટો મેળો ભરાય છે. ખેડબ્રહ્મા તેમજ વિજયનગર તાલુકાના આજુબાજુ ગામડાનાં લોકો અહીં આવે છે. અને પિતૃઓની અસ્થિઓનું વિસર્જન કરે છે. ગત વર્ષે કોરોનાના કારણે લોકો આવી શક્યા નહોતા જેથી પુનમ પહેલા કેટલાક લોકો તરપણ વિધી માટે આવ્યા છે. ખેડબ્રહ્મા ભૃગુઋષિ આશ્રમ નજીક આ પવિત્ર ત્રિવેણી સંગમની જગા પવિત્ર ગણાય છે. પૌરાણીક જગા અંગે શાસ્ત્રો મુજબ વર્ષો પહેલા ભૃગુઋષિએ અહીં આશ્રમ સ્થાપી તપ કર્યું હતું. તેથી આ મહત્ત્વને લીધે ચાલું વર્ષે અસ્થિ વિર્સજન માટે લોકો ખેડબ્રહ્મા આવી રહ્યા છે.

# વડોદરાનું પ્રાણી સંગ્રહાલય, પક્ષીઘર પર્યટકો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે

## કેવડિયાના ઝૂ કરતાં વધુ આકર્ષણ રૂપ ડિઝાઇન અન્ય શહેરો અનુકરણ કરશે

**વડોદરા**

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સયાજી બાગ પ્રાણી સંગ્રહાલય અને પક્ષી ઘર ઝૂ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની ગાઈડ લાઈન પ્રમાણે ત્રણ તબક્કામાં બનાવવામાં આવી રહ્યું છે જેમાં અંદાજે રૂપિયા 25 કરોડનો ખર્ચ થનાર છે જેમાં પ્રથમ બે તબક્કાનું કામ પૂર્ણ થવાના આરે છે ત્યારે કેવડીયા કરતા પણ વડોદરાના પ્રાણી સંગ્રહાલય અને પક્ષીઘર પર્યટકો માટે આકર્ષણરૂપ અને પ્રાણી પક્ષી માટે સુવિધાપૂર્ણ હોવાનું અન્ય રાજ્યના ઝૂ કુરેટરોએ વખાણ્યું છે.

વડોદરાના સયાજીરાવ ગાયકવાડ ત્રીજાએ સયાજી ભાગની ભેટ આપી હતી જેમાં પ્રાણી સંગ્રહાલય અને પક્ષીઘર તેમજ ટોય ટ્રેન સહિતના આકર્ષણો પર્યટકો માટે બનાવ્યા હતા. સમય જતા ઝૂ ઓથોરિટી ઓફ ઈન્ડિયા એ પ્રાણી સંગ્રહાલય અને પક્ષી ઘર માટે નવા નિયમો બનાવ્યા જેમાં સયાજીબાગ સ્થિત પ્રાણી સંગ્રહાલય અને પક્ષીઘરના પિંજરા નાના પડતા હતા જેને ધ્યાનમાં રાખી પ્રાણી સંગ્રહાલયનું સ્થળાંતર કરી આજવા સરોવરની બાજુમાં નવું પ્રાણી સંગ્રહાલય બનાવવાનું આયોજન હાથ ધર્યું હતું.

# મહેમદાવાદ લાંચ કેસમાં વીજ કંપનીના જુનિયર ઈજનેરને 4 વર્ષની કેદ

**નડિયા**

મહેમદાવાદમાં પ્લોટ ધારકોએ વીજ જોડાણ માટે અરજી કરતા જુનિયર એન્જિનીયર રાજેશ મિસ્ત્રીએ બિલ્ડર મારફતે કાર્યવાહી થતી હોવાનું જણાવ્યું હતું જેથી પ્લોટ પાડનાર કરિમખાન પઠાણે વીજ કંપનીમાં અરજી કરી હતી પરંતુ વીજ સપ્લાય ચાલુ ન થતાં વીજ ગ્રાહકએ જુનિયર એન્જિનીયર રાજેશભાઈ મિસ્ત્રીને મળ્યા હતા. દરમિયાન અધિકારીએ રૂ.૨૦,૦૦૦ની માંગણી કરતા ગ્રાહકે આ એસીબીને જાણ કરતાં જુનિયર એન્જિનીયર મિસ્ત્રીને લાંચ લેતાં રંગે હાથ ઝડપી પાડયા હતા.આ આ કેસમાં જજએ આરોપી રાજેશ મિસ્ત્રીને ચાર વર્ષની સખત કેદની સજા અને રૂ.૨૦,૦૦૦નો દંડ, દંડ ન ભરે તો વધુ છ માસની સખત કેદની સજા કરી છે.

ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $9.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $7.50 +Tax

CATERING SPECIAL
$ 9.99 10 items +Tax
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# નવસારીની યુવતી સાથે ગેંગ રેપ મામલે અંતે ગુનો નોંધાયો, તપાસનો ધમધમાટ

**વડોદરા**

શહેરના વેક્સિન મેદાનમા થયેલા સામુહિક દુષ્કર્મના મામલે પોલીસ હજુ પણ મુઝવણમા છે, જોકે 13મા દિવસે રેલ્વે પોલીસે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કર્યો છે. વલસાડ રેલવે પોલિસમા ફરીયાદ દાખલ કરવામા આવી છે.

સામુહિક દુષ્કર્મ અને ત્યારબાદ આત્મહત્યાની ઘટનામા છેલ્લા 13 દિવસથી તપાસ ચલાવી રહેલી રેલ્વે પોલીસ હજુ સુધી દુષ્કર્મનો ભેદ ઉકેલી શકી નથી. જોકે આજે રેલ્વે પોલિસે વલસાડમા આત્મહત્યા માટેની દુષ્પ્રેરણાની ફરીયાદ દાખલ કરી છે અને વેક્સિન મેદાનમા ત્રણ ઈસમો પીડિતાના હાથપગ બાધીને લઈ ગયા હતા. તેને કારણે યુવતીએ આત્મહત્યા કરી છે તેવુ પોલીસ તપાસમા બહાર આવ્યુ છે.

સામૂહિક દૂષ્કર્મની આ ઘટનામા રેલ્વે પોલિસ ,વડોદરા અને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ તપાસ કરી રહી છે, પોલીસે ચાર શકમંદોને પકડ્યા પણ હતા. જોકે હજુ સુધી દૂષ્કર્મની ધટનાનો ભેદ પોલીસ ઉકેલી શકી નથી. યુવતીની ડાયરી અને ત્રણ વિક્ટીમના નિવેદનના આધારે પોલીસ તપાસ કરી રહી છે અને હાથ પગ બાધીને ઝાડીઓમા લઈ જવામા ત્રણ ઈસમો હોવાની પોલિસને વિગતો મળી છે. જોકે દૂષ્કર્મ થયુ છે તેવા કોઈ ઠોસ પુરાવા પોલીસને મળ્યા નથી. પોલીસ માની રહી છે કે, ત્રણ લોકો પિડીતાને હાથપગ બાધીને ઝાડીઓમા લઈ ગયા હતા. જોકે દુષ્કર્મ થયુ છે કે કેમ તે અંગે તપાસ ચાલી રહી છે. ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય પુરાવાના આધારે ત્રણ ઈસમો દુષ્પ્રેરણા માટે જવાબદાર હોવાનુ પોલીસ માની રહી છે. 13 દિવસની તપાસમા પોલિસની 5 એજન્સીઓ માત્ર આત્મહત્યાની ઘટના ચકાસી શકી છે અને યુવતીએ આત્મહત્યા કરી હોવાનુ બહાર આવ્યુ છે.

# કામરેજ પાસે કૃત્રિમ તળાવમાંથી બે બાળકો તથા મહિલાની લાશ મળી

**સુરત**

કામરેજના ખડસદના તળાવમાંથી એક યુવતી અને બે બાળકોનો મૃતદેહ મળી આવતા પોલીસ અને ફાયર વિભાગ દોડતું થઈ ગયું છે. ઘટના બાદ પરિવારના સંબંધીએ મૃતકોની ઓળખ કરી હતી. હાલ તો આપઘાત, અકસ્માત કે હત્યાને લઈ અનેક પ્રશ્નો ઉભા થતા પોલીસ પણ મૂંઝવણમાં મુકાઈ ગઈ છે.

મુળ મહારાષ્ટ્રનાં ગોન્દીયા જીલ્લાનાં તોયાતોલા ગામના સુરેશ વલકે (હાલ રહે. પ્રિયંકા એવન્યુ લજામણી ચોક અંડર બાંધકામ સાઈટ ઉપર મોટા વરાછાં સુરત )કડીયા કામની મજુરી કામ કરતા હતા. ત્રણેક દિવસ પહેલા સુરેશ વલકે માથામાં ઈજાગ્રસ્ત હાલતમાં મળતા તેને 108 દ્વારા સુરત સિવિલમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન મોત થયું હતું. એ ઘટનાનાં બે દિવસ બાદ ખડસદ ગામનાં તળાવમાંથી સુરેશ વલકેનાં ત્રણ બાળકોનાં મૃતદેહ મળી આવ્યા હતા. સુરેશ વલકેને 2 પત્ની હોવાનું અને બંને તેમને છોડીને જતી રહી હોવાનું જાણવા મળ્યું છે.પોલીસ દ્વારા મહારાષ્ટ્ર તેનાં પરિવારને જાણ કરવામાં આવતા સુરેશ વલકેનો ભાઈ મનોજ કૈલાશ વલકે કામરેજ પોલીસ મથકે દોડી આવ્યો હતો.

# ઈન્સ્ટાગ્રામ પર સંપર્ક બાદ તરૂણી સાથે દુષ્કર્મમાં ત્રણ યુવાનને 10 વર્ષની કેદ

**સુરત**

સગીર વયના બે કિશોર સાથે મળી ત્રણેય આરોપીએ તરૂણીનો એડીટેડ ફોટો વાયરલ કરવાની ધમકી આપી વાંરવાર કુકર્મ કર્યું હતું ત્રણેક વર્ષ પહેલાં ઈન્ટાગ્રામ પર ફેક આઈડી ધરાવતી તરૂણીના સંપર્કમાં આવીને પ્રોફાઈલ ફોટાને એડીટ કરી ન્યુડ બનાવીને વાયરલ કરવાની ધમકી આપીને સુરતના બે કિશોરના મેળાપિપણામાં તરૂણી સાથે એકથી વધુવાર બળાત્કાર ગુજારનાર ત્રણ પુખ્ત આરોપી યુવાનોને આજે પોક્સો કેસોની ખાસ અદાલતના એડીશ્નલ સેશન્સ જજ દિલીપ મહીડાએ તમામ ગુનામાં દોષી ઠેરવી બળાત્કારના ગુનામાં 10 વર્ષની સખ્તકેદ, રૂ.10 હજાર દંડ તથા દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદીકેદની સજા ફટકારતો હુકમ કર્યો છે.

# મુંબઈના કરોડપતિ ડાયમંડ વેપારીએ દિક્ષાનું મુહૂર્ત લીધું : દિક્ષાંક 75 થયો

## સુરતના રાજમાર્ગ પર વિવિધ આકર્ષણો સાથે વરઘોડો નીકળ્યો

**સુરત**

સુરતમાં સામુહિક દીક્ષા મહોત્સવ જામી રહ્યો છે. રવિવારે વધુ એક મુહૂર્ત અપાતા દીક્ષા આંક ૭૫ થયો છે. મંગવારે દિક્ષાર્થીઓનો વરઘોડો પણ નીકળ્યો હતો. સુરતના માર્ગો પર જ્યારે વરઘોડો નીકળ્યો ત્યારે લોકો વરઘોડાના દર્શન માટે ઉમટી પડયા હતા. દિક્ષાર્થીઓએ શણગારેલી બગી પરથી વો આદિનું ભરપુર વર્ષીદાન કર્યું હતુ.

વેસુ અધ્યાત્મ નગરીમાં તા.૨૯ નવેમ્બરે દિક્ષાધર્મ મહાનાયક યોગતિલકસૂરીશ્વરજી મહારાજાની વૈરાગ્ય વાણીથી વાસિત મૂળ જુના ડીસાના તથા હાલ મુંબઈ વાલકેશ્વરમાં રહેતા નીતિનભાઈ લહેરચંદભાઈ શાહે ૬૬ વર્ષની વયે વૈભવ, પ્રતિા બધુ છોડીને સંયમમાર્ગે ચાલવા નિર્ધાર કર્યો હતો. પાલીતાણામાં ૮ વર્ષ પહેલાં કરેલા ચાતુર્માસમાં અધ્યાત્મસમ્રાટશ્રી ગુરૂયોગની વાણીથી વૈરાગ્ય પ્રબળ બન્યો, પત્ની અને સંતાનોએ સંમતિ આપી છે. આ ઉપરાંત અનેક શૈક્ષણિક ઊંચી ડિગ્રી ધારકો પણ કાગળની ડિગ્રી ફગાવી શાશ્વતનો શણગાર સજી રહ્યા છે.

# પોલીશ્ડ હીરાનું એક્સપોર્ટ 2019ની સરખામણીમાં ઓક્ટોબરમાં 30% વધ્યું

**સુરત**

વૈશ્વિક ખાસ કરીને, અમેરિકાની મજબૂત માંગને કારણે દિવાળી પહેલાં હીરાઉદ્યોગની જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસમાં 16 ટકાનો વધારો નોંધાયો છે. જોકે, તૈયાર હીરાની નિકાસ 2019ની સરખામણીમાં 30 ટકા વધી છે. એપ્રિલ-ઓક્ટોબર 2021 દરમિયાન, જેમ્સ અને જ્વેલરીની એકંદર કુલ નિકાસ રૂ.17573.73 કરોડ થઈ છે. આ સમયમાં 2019માં નિકાસ રૂ. 158404.21 કરોડ હતી. જેમ્સ એન્ડ જ્વેલરીની કુલ નિકાસ ઓક્ટોબર 2019માં આ સમયાં 25647 કરોડની સરખામણીમાં 2021માં રૂ.31241 કરોડ હતી. પોલિશ્ડ હીરાની નિકાસ ઓક્ટોબર 2021માં 31.11 ટકા વધીને 2560.27 મિલિયન યુએસ ડોલર થઈ છે.



# 3 લાખથી વધુ ભક્તોએ જુનાગઢ ગિરનારની લીલીની પરિક્રમા કરી



ગિરનાર

ગિરનાર પરિક્રમાને સરકારે 400ની મર્યાદામાં માત્ર સાધુ સંતોને પ્રતિકાત્મક પરિક્રમા કરવા માટે મંજૂરી આપ્યા બાદ હજારો ભાવિકો પરિક્રમા કરવા માટે ભવનાથ ઊમટી પડતા છેલ્લી ઘડીએ ભાવિકોને મંજૂરી આપી હતી. તેમાં પણ શરતી મંજૂરીને લીધે ભાવિકોએ અનેક વ્યવસ્થાઓનો સામનો કરવો પડયો હતો. જંગલની અંદર ભાવિકોની સલામતી અને સુરક્ષાને લઈને વનવિભાગ અને પોલીસ વિભાગે વ્યવસ્થા કરવી પડકારરૂપ હતી છતાં લાખો શ્રાદ્ધાળુઓએ 36 કી.મી ગિરનારની પરિક્રમા વ્યવસ્થા વચ્ચે પૂર્ણ કરી છે દર વર્ષે 12થી 15 લાખ ભાવિકો પરિક્રમા કરવા માટે ભવનાથ આવતા હોય છે, ત્યારે આ વર્ષે પરિક્રમા અંગેનો નિર્ણય ભાવિકો માટે છેલ્લી ઘડીએ જાહેર કરતા લાખો ભાવિકો પરિક્રમાથી વંચિત રહ્યા છે. માંડ ત્રણેક લાખ જેટલા ભાવિકોએ પરિક્રમા પૂર્ણ કરી છે. જંગલમાં ભાવિકોને ભોજનની વ્યવસ્થા માટે સતાધાર ધામ દ્વારા તાબડતોબ ગુંદી ગાંઠીયા બનાવીને ફુડ પેકેટ વિતરણ કરાયા હતા.

# 82 વખત ધરણાં કરનાર કિસાન સંઘ નેતાનું રાજીનામું

રાજકોટ

રાજ્યના આર.એસ.એસ.ની ભગિની સંસ્થા ભારતીય કિસાન સંઘ રાજકોટ જિલ્લામાં સવિશેષ સક્રિય અને આક્રમક રહ્યું છે, ચાર વર્ષમાં ખેડૂતો,ખેતીના અનેકવિધ પ્રશ્ને રોષપૂર્વક અને ખુલ્લા આક્ષેપો સાથે ભાજપ સરકાર સામે ચાર વર્ષમાં ૮૨ વખત ધરણાં, દેખાવો, રેલી યોજનારા કિસાન સંઘના રાજકોટ જિલ્લા પ્રમુખ દિલિપ સખિયાએ રાજીનામુ આપતા અનેક સવાલો સર્જાયા છે. ખાતર કૌભાંડ, મગફળી કાંડ, ચેકડેમોની મરમ્મતમાં સરકારી ઉપેક્ષા, ટેકાના ભાવે ખરીદીમાં ગરબડો, ખોળમાં ભેળસેળ, ખાતરના ભાવમાં ખેડૂતો સાથે ઉઘાડી લૂંટ મુદ્દે કેન્દ્ર-રાજ્યના મંત્રીને ખુલ્લો દોષ આપવા સહિત તેમણે ૨૩૫ રજૂઆતો કલેક્ટર, સિંચાઈ, ખેતીવાડી અધિકારી સહિત વિવિધ સરકારી તંત્રોને કરી છે. રાજીનામાના કારણ અંગે તેમનો સંપર્ક સાધતા તેમણે ચેકડેમ મરમ્મત, ગીરગાય સંવર્ધન સહિતના મુદ્દે પોતે સક્રિય જ રહેવાનું જણાવ્યું હતું. પરંતુ, રાજીનામાનું સ્પષ્ટ કારણ આપ્યું નથી.

# સાસણગીરમાં નિયમોની ઐસી કી તૈસી સાથે સિંહોની પજવણી

ગીરસોમનાથ



પ્રવાસનને ઉત્તેજન આપવાના નામે એશિયાટીક સિંહોના એકમાત્ર મુકામ ગીરના જંગલમાં સિંહોની જે બૂરી દશા થઈ રહી છે તેના બે ફોટોગ્રાફસ આજે સોશ્યલ મિડીયામા વાયરલ થતા વનતંત્રની ઘોર બેદરકારીની તીવ્ર આલોચના થઈ રહી છે.

દિવાળીના તહેવારોમાં ગીર જંગલમાં સિંહ દર્શન દરમિયાન એક સિંહણની ફરતે ચારેકોર જિપ્સી રાખીને કરાવવામાં આવતા સિંહ દર્શનનો ફેટો વાયરલ થતાં વિવાદ સર્જાયો છે જે અંગે એક નિવૃત્ત ડિસ્ટ્રિક્ટ જજ દ્વારા વન વિભાગમાં ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરીને તપાસની માંગ કરી છે.

અમદાવાદ ખાતે રહેતા નિવૃત એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ જયદેવ ધાધલએ ગુજરાત રાજ્યના વન્યજીવ પ્રિંસીસીએફ, જૂનાગઢ વન્ય જીવ વર્તુળના સીસીએફ અને સાસણ ગીરના ડીસીએફને ઈમેલથી ફેટો ગ્રાફ્સ સાથે એવું જણાવ્યું છે કે, ગીર જંગલમાં સફરી પ્રોટોકોલ અને પરમીટની શરતોનો ભંગ કરીને વન્યજીવની પજવણી થયાનું માની શકાય એવા અંતરે અને મોટી સંખ્યામાં એક સિંહની આજુબાજુ અને નજીક જિપ્સી વાહનો લઈ જવાયા છે. સાથે સફરી નિયમો છે મુજબ થાય એનો મોનીટરીંગ કરવાની છે અધિકારીની જવાબદારી હોય તેની સામે પણ ખાતાકીય પગલાં લેવા રજૂઆત કરાઈ છે.

ગીરના ગ્રામ્ય વિસ્તારમાં અમુક લોકોએ ફરી લાયન શોનુ આયોજન કરી જીવતા બળદને બાંધી સિંહને ખવડાવી રહ્યાંનો વિડીયો વાયરલ થતા વનવિભાગમાં દોડધામ મચી જવા પામી છે.

# દ્વારકા નજીક નાવદ્રા ગામમાંથી 120 કરોડનું 24 કિલોગ્રામ હેરોઇન પકડાયું

## બિશ્નોઇ ગેંગના ભારત ભૂષણ શર્મા અને અંકિત જાખડની અટકાયત

દ્વારકા

ગુજરાત ATS દ્વારા બુધવારે દેવ ભૂમિ દ્વારકામાંથી વધુ 24 કિલો હેરોઈન સાથે 3 લોકોની ધરપકડ કરવામાં આવી હતી. આ ઝડપાયેલા હેરોઈનની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત અંદાજે 120 કરોડ છે. આ મામલે લોરેન્સ બિશ્નોઈ ગેંગના ભારત ભૂષણ શર્મા ઉર્ફે ભોલા શૂટર અને અંકિત જાખડની રાજસ્થાનથી, ઈશા રાવના પુત્ર હુસેન રાવની જામનગરના જોડિયાથી અટકાયત કરાઈ હતી.

14 નવેમ્બરના રોજ ગુજરાત એ.ટી.એસ.ની ટીમે ગુપ્ત બાતમી આધારે મોરબી જિલ્લાના ઝીંઝુડા ગામે એક મકાનમાં રેડ કરી હતી. જેમાં અંદાજિત 120 કિલો હેરોઈનનો જથ્થ કર્યું હતું. જેમા ત્રણ આરોપીઓ મુખ્તાર હુસૈન ઉર્ફે જબ્બાર, સમસુદીન સૈયદ, ગુલામ હુસૈન ઉમર ભગાડની ધરપકડ કરવામાં આવી હતી. આ આરોપીઓના 12 દિવસના રિમાન્ડ આપવામાં આવ્યા હતા જેમા પકડાયેલ આરોપી મુખ્તાર હુસૈન ઉર્ફે જબ્બાર જોડીયાની પૂછપરછ દરમ્યાન તેણે હેરોઈનનો જથ્થો જામકલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામે છૂપાવેલ હોવાની કબૂલાત કરી હતી. જે બાદ તાત્કાલિક એ.ટી.એસ. ગુજરાતની એક ટીમે આરોપી મુખ્તાર હુસૈન ઉર્ફે જબ્બાર જોડીયાને સાથે રાખી તેણે બતાવેલ જગ્યાએ રેડ કરતા અનવર ઉર્ફે અનુ મુસા પટેલીયાના ઘરમાંથી અંદાજે 24 કિલો ગેરકાયદેસર હેરોઈનનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

# દંતવૈદ્યની પત્નીને ચાલુ ફ્લાઈટમાં બ્રેઇન સ્ટ્રોક, સ્ટોકહોમમાં લેન્ડિંગથી જીવ બચ્યો

રાજકોટ

મુંબઈથી શિકાગો જતી ફ્લાઈટમાં રાજકોટના દંતવૈદ્યના પત્નીને અચાનક બ્રેઈન સ્ટ્રોક આવતા ફ્લાઈટનું સ્ટોકહોમમાં ઈમરજન્સી લેન્ડીંગ કરવું પડયું હતુ. જે બાદ તબીબો દ્વારા તાત્કાલિક સારવારને પગલે જીવ બચી ગયો. ગુજરાતીઓ સહીત ભારતીયો અને ત્યાંના વિદેશીઓ પણ મદદે આવતા માનવતા મહેકી હતી.

રાજકોટના રૈયા રોડ પર દવાખાનું ધરાવતા દાંતની સારવાર કરતા આયુર્વેદ તબીબ ડો.જયસુખ મકવાણા અને તેમના પત્ની ઉષાબેન અમેરિકા પોતાના પુત્રના લગ્નમાં જવા માટે મુંબઈથી શિકાગોની એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બેઠા હતા. જોકે તે દરમિયાન ઉષાબેનને બ્રેઈન સ્ટ્રોક આવતા પાઈલોટે ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડીંગ કરાયું અને તે સ્થળ હતુ સ્વીડનનું સ્ટોકહોમ. ત્યાં તમારી પાસે પૈસા છે ? તેવું પૂછવાને બદલે તાત્કાલિક સારવાર શરૂ કરાઈ હતી અને તેને કારણે જીવ બચી ગયો.

ભારતીય દુતાવાસના ઈન્દ્રનીલ સિંહાએ ડો.મકવાણાનો સંપર્ક કરી પૈસા ઉપાડવા તેમજ શાકાહારી ભોજન મળે તેવી વ્યવસ્થા કરી હતી. ત્યાની પોલીસ અને સરકારે તાત્કાલિક વિઝા પણ આપી દીધા હતા. આ સાથે જ ત્યાંના ગુજરાતી કૌશિક પટેલના ઘરે ભોજનની પણ વ્યવસ્થા કરાવી આપી માનવતા મહેકાવી હતી.


Imperial PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 : Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# આણંદ જિલ્લામાં 9680 બાળકો કુપોષિત, 2490 અતિ કુપોષિત હોવાનો ઘટસ્ફોટ

## જિલ્લામાં ન્યુટ્રીશનની કમી ધરાવતા બાળકોના પ્રમાણમાં ચિંતાજનક વધારો નોંધાયો

**વલ્લભવિદ્યાનગર**

આણંદ જિલ્લામાં બાળકોમાં પોષક તત્વોની ખામી કુપોષણનુ ઉચુ પ્રમાણ જોવા મળ્યુ છે. સપ્ટેમ્બર મહિનામાં રાષ્ટ્રિય પોષણ માસની ઉજવણી દરમ્યાન ૯૬૮૦ બાળકો કુપોષિત અને ૨૪૯૦ શિશુઓ અતિ કુપોષિત જણાઇ આવ્યા હતા.ત્યારે બાળદિને જિલ્લામા ન્યુટ્રીશનની ન્યુનતા ધરાવતા બાળકોના ઉચા આંકે ચિંતા જન્માવી છે. આણંદ જિલ્લામાં પોષણ માસની ઉજવણી દરમ્યાન આરોગ્ય વિભાગ દ્વારા ૧.૩૯ ઉપરાંતના બાળકોનો



સર્વે કરાયો હતો. જેમાં ૯૬૮૦ શિશુઓ ન્યુટ્રીશીયનની ખામી ધરાવતા જણાઇ આવ્યા હતા. તેમજ ૨૪૯૦ બાળકો અતિ કુપોષિત હોવાની વિગતો ઉજાગર થઇ હતી. સાથોસાથ જિલ્લામા કેટલીક સગર્ભા, ધાત્રી માતાઓમાં રકતની ઓછપ-એનીમિયા, વિટામીનની ખામી સાથે શિશુઓને જન્મ આપતી હોઇ છે. જોકે આઇસીડીએસ ઘટક દ્વારા જિલ્લાની આંગણવાડીઓના બાળકોને ટીઆરટી કીટ, આર્યુવૈદિક દવાના ટીન આપવા સહિત સગર્ભા તેમજ ધાત્રી માતાઓને પોષણયુક્ત આહાર, અમુક કિસ્સામા વિટામીન, મીનરલ્સ ધરાવતી અનાજ-ખોરાકની કીટ આપવાના દાવા કરાઇ રહ્યા છે.

# નડિયાદ મામલતદાર કચેરીમાં શિક્ષક અને તેની પત્નીનો આપઘાતનો પ્રયાસ

**નડિયાદ**

ઠાસરા શહેરની એક સ્કુલમાં ફરજ બજાવતા શિક્ષક રેનીશ મેકવાને શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. આ બનાવની જાણ શાળા પરિવારને થતા તેઓને શાળામાંથી ડિસમિસ કરવામાં આવ્યા હોવાનુ સ્થાનિકો જણાવી રહ્યા છે.આજરોજ સવારે બંને વ્યક્તિઓ નડિયાદ શહેરના ઈન્દિરાનગરમાં આવેલ પાસ્ટર સેન્ટરમાં દવા પીવા માટે ગયા હતા. આ બનાવની જાણ નડિયાદ પશ્ચિમ પોલીસને થતા પોલીસ ટીમે તાત્કાલિક અસરથી બનાવ સ્થળે પહોચી બંને વ્યક્તિઓને રાઉન્ડઅપ કર્યા હતા. આ બાદ પશ્ચિમ પોલીસની ટીમ બંને પતિ-પત્નીને લઈ નડિયાદ મામલતદાર કચેરીમાં રજૂ કરવા માટે લાવવામાં આવ્યા હતા.જ્યા બંને પતિ-પત્નીએ દવા પી લીધી હતી. આ બનાવ અંગે નડિયાદ પશ્ચિમ પોલીસ મથકના ફરજ પરના પી.એસ.આઇનો ટેલિફોનિક સંપર્ક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે બંને વ્યક્તિઓ દવા પીવાની ધમકી આપી હતી.જેથી બંને વ્યક્તિઓને લઇ મામલતદાર સમક્ષ રજૂ કરવા માટે લાવવામાં આવ્યા હતા જ્યા બંનેએ દવા પી હતી.આ બાદ બંને વ્યક્તિઓને નડિયાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

# વડોદરા-સાબરમતી વચ્ચે હાઈસ્પીડ રેલ ટ્રેકની ડિઝાઈન જાપાન બનાવશે

**વડોદરા**

મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ માટે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે જાપાની કંપની સાથે સમજૂતી કરારપર હસ્તાક્ષર કર્યા છે. આ કરાર મુજબ ‘ જાપાન રેલ્વે ટ્રેક કન્સલ્ટન્ટ કંપની’ હાઇ સ્પિડ રેલ માટે ટ્રેકની ડિઝાઇન તૈયાર કરશે. જેઆરટીસી વડોદરાથી સાબરમતી ડેપો અને વર્કશોપ વચ્ચે ૧૧૬ કિલોમીટરના ટ્રેકની ડિઝાઈનિંગ તૈયાર કરશે. જેમાં રેલ ટ્રેક-સ્લેબની ગોઠવણી, ટ્રેક બેડની ગોઠવણીના નક્શાઓ પણ તૈયાર કરીને આપશે. અગાઉ, આ પ્રોજેક્ટ અમલીકરણ એજન્સી-નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડે વડોદરા અને વાપી વચ્ચેના ૨૩૭ કિલોમીટર લાંબા ટ્રેક માટે પણ જેઆરટીસી સાથે એમઓયુ કરાયા હતા.

# પેટલાદ નગરપાલિકામાં વોર્ડ સભ્યની પેટા ચૂંટણીમાં 5 ઉમેદવારો વચ્ચે જંગ

## બેઠક કબજે કરવા રાજકીય પક્ષો દ્વારા એડીચોટીનું જોર લગાવ્યું

**આણંદ**

આણંદ જિલ્લાના પેટલાદ નગરપાલિકાના વોર્ડ નં.૧ની પેટાચૂંટણીમાં ફોર્મ ચકાસણી દરમ્યાન ભાજપ તથા કોંગ્રેસના ૧-૧ મળી કુલ બે ડમી ઉમેદવારના ફોર્મ રદ થયા બાદ મંગળવારે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે ૧ અપક્ષ ઉમેદવારે પોતાની ઉમેદવારી પરત ખેંચતા હવે ચૂંટણી મેદાનમાં પાંચ ઉમેદવારો વચ્ચે જંગ જામનાર છે.

પેટલાદ નગરપાલિકાના વોર્ડ નં.૧માંથી વિજેતા બનેલા અને ઉપપ્રમુખ તરીકે વરણી થયેલ ગોવિંદભાઈ તળપદાનું થોડા સમય અગાઉ અવસાન થતાં તે બેઠક ખાલી પડી હતી. વોર્ડ નં.૧ની ખાલી પડેલ બેઠક માટે ચૂંટણી અંગે જાહેરનામું પ્રસિધ્ધ કરાયું હતું. જેમાં ફોર્મ ભરવાની અંતિમ અવધિ સુધીમાં કુલ આઠ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. મંગળવારના રોજ ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે અપક્ષ ઉમેદવાર મિનેશકુમાર મનુભાઈ પટેલે પોતાનું ફોર્મ પરત ખેંચતા ચૂંટણી જંગ માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું હતું.

# વડોદરામાં આંતરરાજ્ય ચરસ-ગાંજાના રેકેટનો પર્દાફાશ, 4ની ધરપકડ

**વડોદરા**

PCBએ 2 યુવક અને 2 યુવતીઓની ગાંજો ચરસ વેચવાના કેસમાં ધરપકડ કરી છે. જેમાં એક માતાએ જ પોતાના ઉચ્ચ શિક્ષિત પુત્ર અને પુત્રીને ગાંજો અને ચરસ વેચતા કરી દીધા હોવાનું સામે આવ્યું છે. વડોદરાના ઓપી રોડ પર આવેલા આવિષ્કાર કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં ગત રાત્રિએ PCBના સ્ટાફે દરોડો પાડી 502 ગ્રામ ગાંજો અને 10 ગ્રામ ચરસ સાથે બે યુવક અને બે યુવતીઓને ઝડપી પાડ્યા હતા. જે પૈકી શાકીબ મુન્શી અને મુહસિના મુન્શી ભાઈ-બહેન છે અને તેમની માતા ઝરિના અને સાવકા પિતા સઈદ મુન્શી જ તેમની પાસે ગાંજા અને ચરસનો વેપલો કરાવતા હોવાનું બહાર આવ્યું છે.

# પાદરામાં પ્રેમ પ્રકરણનો કરૂણ અંત, લાકડીથી સપાટા મારી યુવકની હત્યા

## યુવકને સાડી પહેરાવીને ઝાડ સાથે બાંધી દઈ વીડિયો ઉતાર્યો હતો

**વડોદરા**

પાદરા તાલુકાના ચોકારી ગામમાં પ્રેમ પ્રકરણમાં યુવાનનું તેના ઘરેથી અપહરણ કરીને તેની તાલિબાની સજા આપવામાં આવતી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોઈ શકાય છે કે, યુવતીના પરિવારજનો યુવકને તેના ઘરેથી ઉઠાવીને લઈ જાય છે. જે બાદ ઝાડ સાથે બાંધીને તેને લાકડીઓ વડે ફટકારી રહ્યાં છે.

આ ઘટનામાં જે યુવકને ફટકારવામાં આવી રહ્યો છે, તેનું મોત નીપજ્યું છે. મૃતકની ઓળખ જયેશ રાવણ તરીકે થઈ છે. જેને તેના જ ગામના કેટલાક લોકો અપહરણ કરીને ઝાડ સાથે બાધીને લાકડીઓ વડે ફટકાર્યો હતો. યુવકના પરિવારજનોનો આક્ષેપ છે કે, જયેશને ગુપ્તભાગે પણ બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો.



હાલ તો વડુ પોલીસ મૃતક યુવકનું પોસ્ટ મોર્ટમ કરાવીને અપહરણ અને હત્યાનો ગુનો નોંધીને 4 જણાં વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને પગલે ગામમાં તંગદીલી જોવા મળી રહી છે. જો કે કોઈ અનિચ્છનીય ઘટના ના બને તે માટે પોલીસનો ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# વલ્લભવિદ્યાનગરમાં પાલિકાના ઉપપ્રમુખની 22 નવેમ્બરે ચૂંટણી યોજાશે, દાવેદારો સક્રિય

**વલ્લભવિદ્યાનગર**

વલ્લભવિદ્યાનગર નગરપાલિકાના વર્તમાન ઉપપ્રમુખ વિદેશ જવાના હોવાથી પોતાના હોદ્દા ઉપરથી રાજીનામુ ધરી દેતા તેઓની ખાલી પડેલી જગ્યા માટે ૨૨મી નવેમ્બરના રોજ પ્રાંત અધિકારીની ઉપસ્થિતિમાં બપોરે ૧.૦૦ કલાકે નગરપાલિકા સભાખંડમાં ચુંટણી પ્રક્રિયા હાથ ધરાશે. જોકે અનેક દાવેદારોએ ગુપ્ત રાહે લોબિંગ શરૂ કરી પદ મેળવવા હવાતિયા શરૂ કર્યા છે.

છેલ્લા ૨૫ વર્ષથી સત્તારૂઢ મહેન્દ્રભાઈ પટેલે રાજીનામુ ધરી દેતા પડેલી ખાલી જગ્યા માટે અનેક કાઉન્સીલરોએ રીતસર લોબિંગ શરૂ કરી હોડ લગાવી છે. મહિલા નગરસેવિકાઓએ પણ પદ માટે પોતાની દાવેદારી નોંધાવી છે. ત્યારે બીજી તરફ સિનીયર મોસ્ટ નગરસેવકોએ પણ પોતે લાયકાત ધરાવતા હોવાનુ કારણ આગળ ધરીને સત્તારૂઢ થવા માટે મરણિયા પ્રયાસો શરૂ કર્યા છે. ૨૨મી નવેમ્બરના રોજ યોજાનાર ઉપપ્રમુખની ચુંટણીમાં ગરબડી ન સર્જાય તે માટે જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા તમામ સભ્યોને વ્હીપ આપીને ચુંટણી પ્રક્રિયા પૂર્ણ કરવામા આવનાર હોવાનુ જાણવા મળ્યુ છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West ): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough WE ARE RE-OPENING: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga: 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



## સલમાન ખાન ચિરંજીવી સાથે સાઉથની ફિલ્મમાં ડેબ્યુ કરશે

મુંબઇ : સલમાન ખાન સાઉથની ફિલ્મોમાં કામ કરવાનો છે એ ચર્ચા ઘણા સમયથી થઇ રહી છે. પરંતુ હવે આ વાત પર મહોર લાગી ગઇ છે. સલમાન ખાન ચિરંજીવીની સાથે દક્ષિણની એક ફિલ્મમાં મહત્વના રોલમાં જોવા મળવાનો છે. જેની જાણકારી આ ફિલ્મના મ્યુઝિક કમ્પોઝર એસએસ થમને આપી હતી. સાઉથની ફિલ્મ ગોડફાધરમાં સાઉથનો સુપરસ્ટાર ચિરંજીવી અને બોલીવૂડનો સુપરસ્ટાર સલમાન ખાન બન્ને જોવા મળવાના છે. બન્નેની પોતા-પોતાની ઇન્ડસ્ટ્રીમાં બોલબાલા છે.


# સ્વદેશ

09 FRIDAY, 19 NOVEMBER, 2021




# '1947માં ભીખ, 2014માં મળી ખરી આઝાદી'- કંગના વિરુદ્ધ પોલીસ ફરિયાદ

## ગાંધીજી સત્તાભૂખ્યા હતા, તેમની ઈચ્છા હતી કે ભગતસિંહને ફાંસી મળે : કંગના

**મુંબઈ**


સ્વતંત્રતા આંદોલન પર બૉલિવૂડ અભિનેત્રી કંગના રનૌતની વિવાદિત ટિપ્પણી પર રાજકારણ ગરમાયુ છે. કંગનાએ કહ્યું હતું કે, " ભારતને 1947માં જે આઝાદી મળી હતી તે ભીખ હતી, જ્યારે ખરી આઝાદી તો 2014માં મળી." કંગનાના આ નિવેદન પર આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ પ્રીતિ મેનને મુંબઈ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી છે. પ્રીતિએ બૉલિવૂડ અભિનેત્રી કંગના રનૌતની આ દેશદ્રોહી ટિપ્પણી માટે FIR દાખલ કરવાની માંગ કરી છે.

તેણે મંગળવારે સોશિયલ મીડિયા સ્ટોરીઝમાં લાંબા મેસેજ પોસ્ટ કરીને ગાંધીજી પર નિશાન સાધ્યું છે. પહેલા મેસેજમાં કંગનાએ તેમને સત્તા ભૂખ્યા અને ચાલાક ગણાવ્યા છે જ્યારે બીજી પોસ્ટમાં તેણે લખ્યું છે કે ગાંધીજી ઈચ્છતા હોત તો તેઓ ભગત સિંહની ફાંસી રોકી શકયા હોત.

કોંગ્રેસના સોશિયલ મીડિયાના નેશનલ કોર્ડિનેટર ગૌરવ પાંધીએ પણ ટ્વીટ કરીને કહ્યું કે, RSS આ તથ્યને ક્યારેય સ્વીકારી નથી શક્યું કે, 1947માં તેમના બ્રિટિશ આકાઓને છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા હતા. તેમની ગુલામીની કોઈ હદ નહતી. કોઈ નવાઈ નથી કે, તેમણે અડધી સદી સુધી તિરંગો નથી ફરકાવ્યો. 2014માં ગુલામીની વાપસી તેમની આઝાદી હતી. કંગના રનૌત તેમાંથી એક છે.

## પ્રીતિ ઝિન્ટા 46 વર્ષની વયે બે જોડિયા બાળકોની માતા બની


મુંબઈ- પ્રીતિએ પોતાની ખુશીની પળોને સોશિયલ મીડિયા પર શેર કરી હતી અને તેમાં પોતાના બંને બાળકોના નામ પણ ચાહકોને જણાવ્યા છે. પ્રીતિએ પોતાના પતિ સાથે ફોટો શેર કરીને કહ્યુ હતુ કે, આજે હું તમારી સાથે એક અદભૂત ખબર શેર કરવા માંગુ છું. હું અને મારા પતિ જીન આજે બહુ ખુશ છે અને અમારા હૈયા પ્રેમથી




છલકાઈ રહ્યા છે કારણકે અમારા ઘરમાં બે જોડિયા બાળકો જય અને જીયાએ જન્મ લીધો છે. પ્રીતિએ આગળ પોસ્ટમાં લખ્યુ છે કે, અમે અમારા જિવનના નવા તબક્કાને લઈને બહુ રોમાંચિત છે.તમામ ડોક્ટર્સ, નર્સ અને અમારી સરોગેટનો હું આભાર માનુ છું. પ્રીતિની પોસ્ટથી સ્પષ્ટ થયુ છે કે, તે સરોગસીથી માતા બની છે.હવે ચાહકોને આ બે બાળકોની ઝલક જોવા માટે આતરુતા છે.

## ઝોયા અખ્તર અમિતાભના દોહિત્ર અગત્સ્ય તથા નંદા તેમજ સુહાના ખાન અને ખુશી કપૂરને લોન્ચ કરશે

મુંબઈ : ઝોયા અખ્તર અને રીમા કાગદીએ હાલમાં જ ધ આર્ચિસ કોમિકસની એડૉટેપ્શનની ઘોષણા કરી હતી. મળેલા રિપોર્ટને સાચો માનીએ તો, તેમાં એમિતાભ બચ્ચનના દોહિત્રા અને શ્વેતા નંદાના પુત્ર અગત્સ્યને આ સીરીઝમાં લોન્ચ કરવાના છે. સોશ્યલ મીડિયાના એક પોર્ટલના અનુસાર, ૨૦ વર્ષીય અગત્સ્ય નંદા આ આર્ચિસ સીરીઝમાં લીડ રોલમાંજોવા મળવાનો છે. આ રિપોર્ટમાં એમ પણ જણાવામાં આવ્યું છે કે, શાહરૂખ ખાનની પુત્રી સુહાના ખાનઅને સ્વ. શ્રીદેવીની પુત્રી ખુશી કપુર પણ આ સસીરીઝમાં કામ કરતી જોવા મળશે. જોકે આ








વિશે કોઈ સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. ઝોયા અખ્તરે હાલમાં જ ઈન્સ્ટાગ્રામ પરથી શેર કર્યું હતું કે, આર્ચિસને દેશી અવતારમાં નિર્માણ કરવામાં આવશે.આ કોમિક બહુજ લોકપ્રિય છે. હું અને મારી ટીમ કામે લાગી ગઈ છે. ધ આર્ચિસ મ્યુઝિકલ ડ્રામા તરીકે આવી રહી છે જેનું દિગ્દર્શન હું કરવાની છું. નેટફ્લિકસ પરજલદી સીરીઝ જોવા મળશે તેમ તેણે વધુમાં જણાવ્યું હતું. રીમા કાગદીએ પણ આ સીરીઝ માટે પોતાનો ઉત્સાહ દાખવ્યો હતો. તેણે કહ્યું હતું કે, હું અને ઝોયા બન્ને જણા આર્ચિસની કોમિક્સ વાંચીને મોટા થયા છીએ. અમે તેના પાત્રો સાથે નાનપણથી જ જોડાયેલા છીએ.

## શાહરૂખ ખાન શરતો સાથે શૂટિંગ શરૂ કરશે

મુંબઈ : પુત્ર આર્યન ખાન ડ્રગ કેસમાં ફસાયા પછી શાહરૂખે પોતાની આગામી ફિલ્મોના શૂટિંગ રદ કરી નાખ્યા હતા. હવે આર્યન જામીન પર છુટી ગયો છે અને ફરી જીવનમાં સ્થાયી થવાના પ્રયાસ કરી રહ્યો છે. તેવામાં શાહરૂખે ખાન પણ ફરી શૂટિંગમાં જોડાવાનો છે.

સોશ્યલ મીડિયાના એક પોર્ટલના રિપોર્ટના અનુસાર, શાહરૂખ ખાને શૂટિંગ પર જોડાવા પહેલા દિગ્દર્શક સાથે શરત રાખી છે. તેણે વિદેશમાં થનારા પોતાના શૂટિંગના હિસ્સાને નાનો કરી દેવાનું સૂચન કર્યું છે. તેમજ વિદેશના શૂટિંગ દરમિયાન તે સપ્તાહના અંતમાં પરિવારને



મળવા મુંબઈ આવશે. શાહરૂખ જલદી જ આદિત્ય ચોપરાની ફિલ્મ પઠાનનું શૂટિંગ શરૂ કરવાનો છે. તેમજ ટાઈગર થ્રી ફિલ્મ માટે પણ શૂટિંગ કરવાનો છે. શાહરૂખે દિગ્દર્શકને વિનંતી કરી છે કે, તેનું શેડયુલ એ રીતે ગોઠવવું કે દર અઠવાડિયે મુંબઈ આવી શકે અને આ દરમિયાન અન્ય કલાકારોના હિસ્સાના શૂટિંગ ચાલુ રહે જેથી શૂટિંગમાં અવરોધ ન આવે અને શાહરૂખ પોતાના પરિવારને મળી શકે. રિપોર્ટના અનુસાર, આર્યન ખાન ડ્રગ કેસમાં ફસાયા પછી શાહરૂખ ખાન પોતાના પરિવાર પ્રત્યે વધુ પ્રોટેકટિવ થઈ ગયો છે.










હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


### એક્સેલ માઇનિંગને કોન્ટ્રાક્ટ સામે કોર્ટ અને ગ્રીન ટ્રિબ્યુનલમાં અનેક કેસોની સુનાવણી

# હજારો કરોડના હીરા માટે જંગલના નિકંદનની વેંતરણ

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

વર્ષ 2002માં ઓસ્ટ્રેલિયાની નામચીનની રિયો-કિન્ટોને બક્સવાહના જંગલમાં જમીન નીચેથી હીરા શોધવાનો કોન્ટ્રાક્ટ મળ્યો હતો. કંપનીએ અહીં પોતાનો પ્લાન્ટ સ્થાપ્યો હતો. વર્ષોના ખોદકામ અને સંશોધન પછી કંપનીના સંશોધકોએ જાણ્યુ કે, જમીનની નીચે 55 હજાર કરોડના હીરા ધરબાયેલા છે. જે બાદ 950 હેકટર જમીનને ખોદકામ કરવા માટે પસંદ કરવામાં આવી. આ 950 હેકટર જમીન પર અનેક ગામ વસેલાં હતાં. કંપનીની ગતિવિધિઓ સાથે જ આ ગામોમાંથી જબરદસ્ત વિરોધ ઉભો થયો. જેને કારણે ઓસ્ટ્રેલિયાની કંપની રિયો-ટિન્ટોએ પ્રોજેક્ટ પડતો મૂક્યો. એ વખતે એવા સવાલો પૂછાયા હતા કે, અબજો રૂપિયાના રોકાણ બાદ એવું તો શું થયુ કે, કંપનીએ એકાએક પ્રોજેક્ટ પડતો મુકી દીધો ? જાણકારોનું કહેવું છે કે, વિદેશી કંપની માટે સ્થાનિકોનો વિરોધ મોટી અડશોની ગઈ હતી.

પરિણામ સ્વરૂપે વર્ષ 2019માં એક નવા ઓકેશન પછી હીરા શોધવાનુ લાઈસન્સ આદિત્ય બિરલા ગ્રૂપની એસેલ માઈનિંગ કંપનીને અપાયુ. આ વખતે અહીંના 382 હેક્ટર જમીન ખોદકામ માટે પસંદ કરાઈ. સૌથી મહત્વની વાત તો એ હતી કે, ઓસ્ટ્રેલિયાના કંપનીના પ્રોજેક્ટમાં સ્થાનિકોને રોજગારી મળી હતી. આજે પણ આ લોકો અહીંના જંગલની જમીન પર જ રહે છે. ઓસ્ટ્રેલિયાની કંપની સાથે કામ કરનારા સ્થાનિક ગણેશ યાદવને આજે પણ એક રંજ છે. તે કહે છે કે, સરકારે ખાસ આ ગામોને આ રીતે ખોદકામ માટે સ્થાનિકોને જ સોંપી દેવાના હતા. જો સરકારે આમ કર્યુ હોત તો આજે અમારા 18 વર્ષના હોત અને માઈનીંગના કામમાં એક્સપર્ટ બની ગયાં હોત. હવે અહીં નવો પ્લાન્ટ શરૂ કરાશે પરંતુ અમારાં બાળકો તેમાં કામ કરી શકે એવા સક્ષમ નથી.

બક્સવાદાના જંગલમાં બીડીના પાંદડાં હોય કે મહુવા અને આંબળાના ફળો, જંગલની આજુબાજુ રહેતા 10 હજાર લોકો પોતાનું પેટ આ સામગ્રી વેચીને ભરે છે. ગામ લોકોનુ કહેવું છે કે, આ સામગ્રીમાંથી એક પરિવાર વર્ષે 60થી 70 હજાર કમાઈ લે છે. હવે અહીંના લોકોને ચિંતા સતાવી રહી કે, એક વખત જંગલ ખતમ થઈ જશે પછી અમારૂં ભરણપોષણ કેવી રીતે થશે ? અહીંની મહિલાઓના ચહેરા સાવ ઊતરી ગયાં છે. એક મહિલાનું કહેવું છે કે, અમે આખો પરિવાર જંગલમાં વીણવા માટે જઈએ છીએ, ત્યારે ઘરનો ખર્ચ કાઢી શકીએ છીએ, પણ જો આ જંગલે જ નહીં રહે તો શું કરીશું ? અમારી પાસે કોઈ ખેતીવાડી તો નથી, નથી કોઈ ધંધો. અમે તો પેઢીઓથી જંગલના ભરોશે અહીં વસી રહ્યાં છીએ. અલબત્ત, અહીં એવા લોકો પણ વસે છે, જેને પોતે જ્યાં રહે છે એ ધરતીમાં ખરબોનાં હીરા ધરબાયેલાં હોવાનુ જાણી પણ કોઈ રસ જાગ્યો નથી ! તેઓને બસ એક જ ચિંતા છે, અમારૂં જીવન કેવી રીતે ચાલશે? એક મહિલાએ તો એવું સ્પષ્ટ કહ્યું જંગલમાં ખોદકામ થશે તો અમને તો ધૂળ જ ઉડશે, હીરા અમને થોડા મળવાના છે ? આ વિસ્તારમાં જેટલાં લોકો વસે છે તેને નોકરી થોડી મળવાની છે ?



બીજી તરફ મધ્યપ્રદેશ સરકારનો દાવો કંઈક જુદો જ છે. રાજ્ય સરકાર કહે છે, અમે બધા ગામલોકો પાસે ગયાં હતાં. કોઈએ વિરોધ વ્યક્ત કર્યો નથી. બધા લોકો જાણે છે કે, આ પ્લાન્ટથી રોજગારી મળશે. અલબત્ત, સરકારના દાવાઓ જમીની હકીકતથી કંઈક જુદા જ છે. બક્સવાના જંગલોને બચાવવા માટે અહીંના લોકોમાં જબરદસ્ત ઝૂંબેશ છેડાયેલી છે. સરકારના મંત્રીનો દાવો તો એવો છે કે, રાજ્યના મુખ્યમંત્રીના કહેવાથી અમે ગામલોકોને મળવા ગયા હતા. ખુલીને કોઈ વિરોધ કરવા સામે આવ્યું નથી. બહારના લોકો જ વિરોધ કરી રહ્યાં છે. સ્થાનિક લોકોએ આજ સુધી કોઈ વિરોધ કર્યો નથી. અલબત્ત, હીરા માટે ખોદકામ કરવા એસેલ માઈનિંગ 2.15 લાખ વૃક્ષ કાપી નાખશે. મધ્યપ્રદેશ સરકારના ખનીજ મંત્રી બૃજેન્દ્રપ્રતાપનો દાવો છે કે, અહીં જંગલે એટલુ ગાઢ નથી. એટલે કે વૃક્ષો કપાશે તો કોઈ વાંધો નહીં આવે. આ ઉપરાંત મંત્રીજીનું કહેવું છે કે, સરકાર તેની સામે 10 લાખ વૃક્ષ વાવશે ! મતલબ કે, જે છે એ કાપીને સરકાર નવા વૃક્ષ વાવશે. મંત્રીજીના આ નિવેદનથી હકીકત કંઈ ઔર બયાન કરે છે. ખરેખર જે સ્થળેથી ડાયમંડ માઈનિંગ થવાનું છે એ સ્થળની તપાસ કરવામાં આવે તો એ એટલું ગાઢ જંગલ છે કે 2 કિલોમીટર અંદર જવા માટે એકાદ બે કલાક નહીં, કલાકો સુધી ચાલવું પડે. વળી, આ જંગલમાં જંગલી જાનવરોની પણ ભરમાર છે.

અહીં રિંછ દ્વારા ખોદાયેલા ઊંડા ખાડાઓ જોવા મળે છે. આ ઉપરાંત નીલગાય, જંગલી બળદ, સેંકડો જાતના પક્ષીઓ જોવા મળે છે. અહીં દીપડાઓ પણ છાશવારે જોવા મળે છે. ડાયમંડ માઈનિંગ માટે રોજ લાખો લિટર પાણીની જરૂરત પડશે. એક એવું અનુમાન છે કે અહીં રોજ 16,050 ક્યુબીક મીટર પાણીની જરૂરત ઉભી થશે. સૌથી આંચકાજનક બાબત તો એ છે કે, પ્રોજેક્ટ જે દિવસથી શરૂ થશે એ પછી એકધારો 14 વર્ષ સુધી ચાલશે. રાજ્ય સરકાર જંગલ કાપવાને બદલે 10 લાખ વૃક્ષો વાવવાની વાત કરી રહી છે, પરંતુ શું આ વૃક્ષ એમને એમ વવાઈ જશે ? તેમને પણ પાણીની જરૂર છે. સૌથી મોટો મુદ્દો એ છે કે સમગ્ર બુંદેલખંડ પ્રદેશમાં પાણીની તીવ્ર અછત છે અને લોકોને ડર છે કે છેવટે માઈનિંગ માટે ભૂગર્ભજળનો ઉપયોગ મોટાપાયે થઈ શકે છે. આવા સંજોગોમાં સ્થાનિકો માટે મોટુ જળસંકટ ઉભુ થવાના દહેશત છે.

**વન્ય સંપદા અને પ્રાણીઓથી ભરપુર આ જંગલ આદિવાસીઓને રોજીરોટી આપે છે હવે આ જંગલમા ખોદકામથી અનેક ઝરણા ખતમ થવા સાથે સ્થાનિકોને વિસ્થાપનનો ડર સતાવી રહ્યો છે**

લાંબા સમયથી બક્સવાહા જંગલોમાં પર્યાવરણીય સંરક્ષણ માટે કાર્યરત એક પર્યાવર્ણવાદીનું કહેવું છે કે, જો આપણે આ વિસ્તારને પાણીના દૃષ્ટિકોણથી જોઈએ તો તેને સેમી ક્રિટીકલ વિસ્તાર તરીકે જાહેર કરાયો છે. આ પ્રોજેક્ટમાં 60 લાખ લિટર પાણીનો ઉપયોગ થવાનો છે, જેના માટે ગેલ નદી પર ડેમ બનાવવામાં આવી રહ્યો છે. આ કુદરતી નદી પર ડેમ બનાવીને તેને વાળવામાં આવશે તો નદી જ સુકાઈને ખતમ થઈ જશે. તેમણે વધુમાં કહ્યું, આ પ્રોજેક્ટમાં 2 લાખ 15 હજાર 875 વૃક્ષો કાપવા પડશે, જેના કારણે અહીંના ઘણા ઝરણા ખતમ થઈ જશે અને પાણીની ભારે અછત સર્જાશે. હજારો પ્રાણીઓ સાથે ઘણા આદિવાસીઓ પણ સેંકડો વર્ષોથી આ જંગલમાં રહે છે અને હવે તેઓ વિસ્થાપનથી ડરે છે.

હાલમાં એક્સેલ માઈનિંગને આપવામાં આવેલા કોન્ટ્રાક્ટ સામે કોર્ટ અને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલમાં અનેક કેસોની સુનાવણી ચાલી રહી છે. ખાણકામ કરવાનું છે કે નહીં તે કોર્ટના નિર્ણય પર આધાર રાખે છે. આ પ્રોજેક્ટ સામે ઘણા અરજદારોમાં પૈકીના નેહા સિંઘ થોડા મહિના પહેલા કોવિડ -19થી સ્વસ્થ થયાં છે. બક્સવાહામાં ખાણકામ વિરૂદ્ધ એનજીટીમાં દાખલ કરવામાં આવેલી તેમની અરજીની વાત થાય તે પહેલા જ તેમણે કહ્યું કે, કોવિડ પછી મને સ્વચ્છ હવા અને ઓક્સિજનના મહત્વ વિશે વધુ સમજાયું છે. જોકે, એનજીટીએ પહેલેથી જ એક ઐતિહાસિક નિર્ણય આપ્યો છે કે માનવ કબર પર ઔદ્યોગિક વિકાસ ન હોઈ શકે. આ જંગલોમાં કંઈક એવું પણ છે કે જો તે સમાપ્ત થશે તો તે કાયમ માટે સમાપ્ત થઈ જશે. દેખીતી રીતે જો મોટાપાયે ખાણકામ કરશે તો આખું જંગલ સાફ થઈ શકે છે. ભારતના પુરાતત્વ વિભાગનો જણાવ્યા અનુસાર, બક્સવાહાના જંગલોને અડીને આવેલી ગુફાઓ ઉપર મળેલા ચિત્રો 25,000 વર્ષ જૂના હોઈ શકે છે.

# ડ્રેસિંગ સેન્સમાં પરિવર્તન લાવી લુકને એટ્રેક્ટિવ બનાવતા સ્કાર્ફ

વિન્ટર સિઝનની શરૂઆત થઈ ચૂકી છે. સામાન્ય રીતે મોટાભાગની યુવતીઓનું માનવું છે કે, શિયાળામાં સ્વેટર અને વુલન્સની પાછળ ફેશન છુપાઈ જાય છે. જો તમે પણ આ વાતમાં હામી ભરતા હોવ તો એવું બિલકુલ નથી. ઠંડીમાં તમે આઉટફિટ્સના રંગોની સાથે લેરિંગમાં અનેક એક્સપેરિમેન્ટ્સ કરી શકો છો. સ્કાર્ફ તમને ઠંડીથી બચાવશે સાથે ફેશનેબલ લુક પણ આપશે. સ્કાર્ફની વાત કરીએ તો એના બે ફાયદા છે. પહેલો તો તે ઠંડીથી બચાવે છે, એક સ્કાર્ફને અનેક રીતે પહેરીને અથવા બીજા અનેક પ્રકારના સ્કાર્ફ પહેરીને તમે તમારા લુક્સ સાથે એક્સપેરિમેન્ટ્સ કરી શકો છો. કોઈ માને કે ન માને પણ વિન્ટર સિઝન ઠંડીમાં સ્ટાઈલની સાથે એક્સપેરિમેન્ટ્સ કરવાની સિઝન છે. સ્કાર્ફ તમારી ડ્રેસિંગ સેન્સમાં પરિવર્તન લાગી શકે છે. જો તમે સ્કાર્ફ અને ગરમ સ્ટોલની સાથે વધારે એક્સપેરિમેન્ટ કરવા ઈચ્છતા નથી તો તમે જિન્સ અને સ્વેટરની સાથે સિમ્પલી બોડીના અપર પોર્શનને કવર કરીને કેરી કરી શકો છો. આ ઉપરાંત અલગ અલગ કલર્સના સ્કાર્ફ જે તમારા સ્વેટરને કૉમ્પ્લિમેન્ટ કરે તેને ગળાની ફરતે વીંટાળો. એ સ્ટાઈલિશ લુક આપે છે. થોડો ડિફરન્ટ લુક ઈચ્છતા હોવ તો પ્રિન્ટેડ સ્કાર્ફ લો. જેકેટની સાથે પણ સ્કાર્ફ કેરી કરી શકો છો. લોન્ગ કોટની સાથે ગરમ સ્કાર્ફ બહુ સ્ટાઈલિશ લુક આપે છે.



**ઓફિસ લુક :** જો તમે વર્કિંગ હોવ તો રોજ વૂલન સ્ટોલને ડિફરન્ટ રીતે નાખી શકો છો. સ્ટોલને તમે બ્લેક પેન્ટ અને બ્લૂ કલરના શર્ટ સાથે મેચ કરીને પહેરી શકો છો. સ્ટોલ બ્રાઇટ કે હેવી વર્કવાળો ન હોય એ વાતનું ખાસ ધ્યાન રાખો.

**લાંબા વૂલન સ્ટોલ :** તમારી પાસે લાંબા વૂલન સ્ટોલ છે, તો તમે જિન્સ તથા ટોપની સાથે મેચ કરીને પહેરી શકો છો. તમારી પાસે બ્લેક અને બ્રાઉન કલરનો સ્ટોલ છે, તો તેને ગ્રે જિન્સ, વ્હાઇટ ટોપ અને લાઇટ બ્રાઉન ટેંચ કોટની સાથે પહેરી શકો છો.

**ફ્લોરલ પ્રિન્ટ સ્ટોલ :** તમે ફ્લોરલ પ્રિન્ટ સ્ટોલને સૂટની સાથે પણ પહેરી શકો છો. ફ્લોરલ સ્ટોલને લાંબી કુરતી, લેગિંગ, જિન્સ અને લોન્ગ સ્કર્ટ સાથે મેચ કરી શકો છો. સ્ટોલનો તમે દુપટ્ટાની જગ્યાએ પણ ઉપયોગ કરી શકો છો.

**સ્કવેર સ્કાર્ફ :** સ્કવેર સ્કાર્ફ તમે હાઈ વેસ્ટ જિન્સ, સ્ટ્રિપ પેટર્નવાળાં ટોપ સાથે પહેરો. મીડિયમ હાઇ હિલ્સ સેન્ડલની સાથે તમારા લુકને બદલી શકો છો.

**પાર્ટી કે ફંક્શન લુક :** સ્ટોલને તમે ડ્રેસની સાથે પણ પહેરી શકો છો. આ લુક પાર્ટી ફંક્શન માટે એકદમ પરફેક્ટ છે. તમારા ફેવરિટ ડ્રેસને સેન્ડલને બદલે શૂઝની સાથે પાર્ટીમાં સ્ટોલ સાથે પહેરો. વિન્ટર સિઝનમાં એકદમ હોટ દેખાશો.

# Carded Products



આપણે બધાને હંમેશા સેવિંગ્સ કરવાની આદત હોય છે. આ સેવિંગ્સમાંથી આપણે જીવન જરૂરીયાતની વસ્તુ લેતાં હોઈએ છે. આ વસ્તુ લેતાં પહેલાં આપણે ઘણાં સ્ટોર્સ માં તથા ઓનલાઈન વેબ સાઈટ પર ભાવની સરખામણી કરીએ છે. અને જે વેબ સાઈટ પર ભાવ વ્યાજબી હોય ત્યાંથી લેવાનું નક્કી કરીએ છે. આજકાલ ઓનલાઈન શોપિંગ ટ્રેન્ડ વધ્યો છે જેથી લોકો અવનવી રીતે ફ્રોડ કરતા હોય છે.

કાર્ડેડ પ્રોડક્ટ શું છે? કોઈ વ્યક્તિની ક્રેડિટકાર્ડ ડીટેલ ચોરી કરીને એ કાર્ડ કોઈ વસ્તુ ખરીદવા માટે વાપરવામાં આવે તેને કાર્ડેડ પ્રોડક્ટ કહે છે. ક્રેડિટકાર્ડની માહિતી સ્કીમિંગ, ફિશિંગ અથવા તો ડાર્ક-વેબ દ્વારા મેળવી શકાય છે. આવી રીતે માહિતી મેળવવી અને તેનો ઉપયોગ કરવો સાયબર ક્રાઈમ અંતર્ગત સજાપાત્ર ગુનો છે.

કાર્ડેડ પ્રોડક્ટ ફેક શોપિંગ વેબસાઈટ તથા ટેલીગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વેચવામાં આવે છે. જેમાં મોટે ભાગે મોંઘી વસ્તુઓ જ વેચવામાં આવે છે. જેમાં વસ્તુનો ભાવ 10% જેટલો જ એટલે કે iPhone-11 એક લાખ ને બદલે દસ થી બાર હજારમાં વેચવામાં આવે છે. આવી જ રીતે DSLR કેમેરા 8 હજારમાં અને લેપટોપ 7 હજારમાં વેચવામાં આવે છે. જયારે તમે સ્કેમર એટલે કે વેચનાર સાથે વાતચીત કરો છો ત્યારે તમારી પાસે વસ્તુના 50% જેટલી રકમની માંગણી કરવામાં આવે છે. આ રકમ ઓનલાઈન ચુકવવાની હોય છે. ચુકવણી બાદ સ્કેમર દ્વારા તમને બ્લોક કરી દેવામાં આવે છે જેથી તમે તેની સાથે કોઈ પણ રીતે વાતચીત કરી ન શકો.

લોભામણા ભાવને કારણે આવું બનતું હોય છે. આ રીતે ઘણા ઓનલાઈન શોપિંગ ફ્રોડ વધ્યા છે. જો વેચનારની પૂરતી માહિતી ન હોય તો વસ્તુ ખરીદવી ન જોઈએ. જો તમે ઓનલાઈન શોપિંગના શોખીન હોવ તો મોટેભાગે ટ્રસ્ટેડ શોપિંગ વેબસાઈટ પર થી જ વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખવો જોઈએ. અને ટ્રસ્ટેડ શોપિંગ વેબસાઈટ પર પણ રીટર્ન/રીપ્લેસમેન્ટ પોલીસી જોઈને જ વસ્તુ ખરીદવી.

@beinghumanmj

## કવયિત્રી : હિના મોદી, કન્યાવિદાય ગીત, શીર્ષક : કાનુડી રે

મારી કાનુડી રે, મારી પારેવડી રે... જા.. જા.. ઊડી જા પિયાને સંગ .
મારી પારેવડી રે, મારી કાનુડી રે... જા..જા.. ઊડી જા પિયાને સંગ.
ઝાડવું ને પંખી જેવો આપણે સંબંધ છે. મારા તો આ રોમે રોમે તારી સુગંધ છે.
હિંચકો પાલવ નો તારામાં જ અકબંધ છે. મારી કાનુડી રે, મારી પારેવડી રે...
જા..જા.. ઊડી જા પિયાને સંગ. લાગણીનાં લીલાછમ ખેતરે ચણીતું,
સ્નેહ કેરા ધોધમાર ધોધમાં રમી તું, મારા હાથે વ્હાલ ભીનાં કોળિયા જમી તું.
મારી કાનુડી રે મારી પારેવડી રે... જા.જા. ઊડી જા પિયાને સંગ.
હૈયું મારું હસતાં હસતાં રોઇ પડે રે, હૈયું મારું તારી પાછળ દોડી પડે રે,
તારી હર વાતે મારું મન મોહી પડે રે. મારી લાડકી રે, મારી વહાલુડી રે
જા.જા. ઊડી જા પિયાને સંગ જા..જા.. ઊડી જા પિયાને સંગ.

## દિલ્હી માથે પ્રદૂષણનું..

અનુસંધાન પેજ નં.4થી ચાલુ

શારીરિક તકલીફો થવા લાગી. વર્ષોવર્ષ સમસ્યા વધતી જ રહી. આખરે પ્રશાસન હરકતમાં આવ્યું. મેક્સિકો સીટીમાં આશરે ૬૦ લાખ વાહનો છે. શહેરી પ્રશાસને તમામ કારોમાં કેટાલિટિક કનવર્ટર લગાવડાવ્યા. કેટાલિટિક કન્વર્ટર ઝેરી વાયુઓ અને પ્રદૂષણ ફેલાવતા કણોને એક્ઝોસ્ટ ગેસમાં ફેરવીને વાતાવરણના ઉપલા સ્તરમાં મોકલી આપે છે. દરેક કારનો ૬ મહિને ટેસ્ટ કરાવવાનું ફરજિયાત કરવામાં આવ્યું. આ સાથે પબ્લિક ટ્રાન્સપોર્ટમાં ધરખમ સુધારા કરવામાં આવ્યાં.

જેમાં મેટ્રો લાઈનના વ્યાપ વધારવા સાથે બસ રેપિટ ટ્રાન્ઝિટ સિસ્ટમનો સમાવેશ થાય છે. આ ઉદાહરણમાં મેક્સિકો સીટીના સ્થાને દિલ્હીનું નામ લખી દઈએ તો પરિસ્થિતિ એક સમાન જ છે. પ્રદૂષણ ભયજનક સપાટી વટાવી જાય ત્યારે જાગવાના બદલે અગાઉથી જ ઓછું પ્રદૂષણ થાય એવા પગલાં લેવાની જરૂર છે. દિલ્હીમાં ટ્રાન્સપોર્ટ સિસ્ટમ તો છે પરંતુ બસ, મેટ્રો, ફીડર બસોને એક બીજા સાથે ઈન્ટીગ્રેટ કરવાની જરૂર છે.

અમેરિકાની ઈન્ટરનેશનલ ફૂડ પોલીસી રિસર્ચ ઈન્સ્ટીટયૂટના અહેવાલ પ્રમાણે ઉત્તર ભારતના ઘણાં ખરાં વિસ્તારો ત્રણ-ચાર મહિના જે રીતે પરાળીના ધુમાડામાં લપેટાયેલા રહે છે એના કારણે લોકો મોતના મુખ તરફ ધકેલાઇ રહ્યાં છે. આનું આર્થિક પાસુ પણ ચિંતાજનક છે. એક અંદાજ અનુસાર પરાળી બાળવાથી દેશના અર્થતંત્રને દર વર્ષે બે લાખ કરોડ રૂપિયાનું નુકસાન થાય છે. એ જ રીતે ફટાકડા ફોડવાથી થતા પ્રદૂષણના કારણે દર વર્ષે પચાસ હજાર કરોડ રૂપિયાનું નુકસાન થાય છે. મતલબ કે દેશને દર વર્ષે અઢી લાખ કરોડ રૂપિયાનું નુકસાન પ્રદૂષણના કારણે થાય છે. દિલ્હીમાં મેક્સિકો સીટીની જેમ લોકો સ્વેચ્છાએ અઠવાડિયામાં એક દિવસ કારનો ઉપયોગ ન કરે તે પણ થવું જોઈએ. ઉપરાંત લોકોએ પોતાના ઘરોની આસપાસની ખુલ્લી જગ્યામાં વૃક્ષો વાવવા જોઈએ. ખરેખર તો પ્રદૂષણની સમસ્યા દૂર કરવા સરકાર, સામાજિક સંસ્થાઓ અને લોકોએ સાથે મળીને પ્રયાસ કરવાની આવશ્યકતા છે.







# ગુજરાતમાં 1 વર્ષમાં 8050 આપઘાત

## દેશમાં દિલ્હીમાં સૌથી વધુ 3025 લોકોએ મોતને વ્હાલુ કર્યું

**અમદાવાદ**



'મોડલ સ્ટેટ' ગણાતા ગુજરાતમાં આત્મહત્યાનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી ગયું છે. સરકારી આંકડા અનુસાર, ગુજરાત અને મહારાષ્ટ્રમાં છેલ્લા 1 વર્ષમાં સૌથી વધુ લોકોએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે. ગુજરાતમાં એક વર્ષમાં 8050 લોકોએ વિવિધ કારણોસર મોતને વ્હાલુ કર્યું છે. જેમાં 2 હજાર લોકો તો એવા છે, જેઓએ સામાજિક સમસ્યાના કારણે આપઘાત કર્યો હોય. બેરોજગારી, પારિવારીક ઝઘડા, બિઝનેસમાં ખોટ, લગ્નેતર સંબંધો તેમજ પ્રેમ પ્રકરણ સહિત વિવિધ કારણોસર લોકો પોતાનુ જીવન ટૂંકાવી દેતા હોય છે. ગુજરાતમાં વર્ષ-2020માં 8050 વ્યક્તિઓએ આત્મહત્યા કરી હતી. જ્યારે વર્ષ-2019માં કુલ 7,655 લોકોએ આત્મહત્યા કરી.

અમદાવાદમાં 871 અને સુરતમાં 869 લોકોએ અંતિમ પગલું ભરી દુનિયાને અલવિદા કરી હતી. વડોદરા ખાતે 270 અને રાજકોટમાં 433 વ્યક્તિઓએ આત્મહત્યા કરી હતી. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આપઘાતની ટકાવારી 5.02 ટકા રહી. જેમાં સૌથી વધુ 18 થી 60 વર્ષની વ્યક્તિઓ હતા. જ્યારે ઉત્તર પ્રદેશમાં વર્ષ 2019ની સરખામણીએ 2020માં આપઘાતના કિસ્સાઓમાં 12.1 ટકા ઘટાડો જોવા મળ્યો. ગુજરાતમાં વર્ષ 2020માં પરીક્ષામાં નાપાસ થતાં 82 વિદ્યાર્થી અને 80 વિદ્યાર્થિનીઓએ આત્મહત્યા કરી હતી. દિલ્હીમાં સૌથી વધુ 3025 લોકોએ આપઘાત કર્યો હોવાનો આંકડો સામે આવ્યો છે. આ સિવાય ચેન્નાઈમાં 2,430, બેંગ્લુરૂમાં 2,196, મુંબઈમાં 1282 લોકોએ આપઘાત કર્યો છે.

# ગુજરાત સરકારના જૂના એરક્રાફ્ટનો ઉપયોગ એર એમ્બ્યુલન્સ તરીકે કરાશે

## પ્રતિ કલાક માટે રૂ. 50 હજારથી રૂ. 55 હજારનો ચાર્જ

**અમદાવાદ**

કોરોના વાયરસ રૌદ્ર રૂપ દેખાડી રહ્યો હતો ત્યારે અનેક દર્દીઓનો જીવ બચાવવા માટે એર એમ્બ્યુલન્સ 'સંજીવની' સમાન પુરવાર થઇ હતી. હવે ગુજરાત સરકાર દ્વારા જ એર એમ્બ્યુલન્સનો પ્રારંભ કરવાની તૈયારીઓ શરૂ કરી દેવામં આવી છે. ગુજરાત સરકારના જૂના વિમાનનો ઉપયોગ એર એમ્બ્યુલન્સ તરીકે કરવામાં આવશે. એપ્રિલ-મે મહિનામાં ગુજરાતમાંથી કોરાનાના ૧૧૦ દર્દીને એર એમ્બ્યુલન્સ દ્વારા વધુ સારવાર માટે અન્યત્ર ખસેડવામાં આવ્યા હતા.

કોઈ દર્દીની હાલત અત્યંત ગંભીર હોય અને તેને વધુ સારી તબીબી સારવાર મળે માટે તેને એર એમ્બ્યુલન્સ દ્વારા એક શહેરથી બીજા શહેરમાં લઇ જવામાં આવે છે. એર એમ્બ્યુલન્સમાં ડોક્ટર-સપોર્ટ સ્ટાફની ટીમ, ઓક્સિજન સહિતની તમામ મેડિકલ સુવિધાઓ હોય છે. હવે ગુજરાત સરકારે જ અર એમ્બ્યુલન્સ શરૂ કરવાનું નક્કી કર્યું છે. એર એમ્બ્યુલન્સ માટે '૧૦૮'થી ફોન આવશે તો પ્રતિ કલાકના રૂપિયા ૫૦ હજાર અને ખાનગી હોસ્પિટલથી ફોન આવ્યો તો પ્રતિ કલાકના રૂપિયા ૫૫ હજારનો ચાર્જ લેવામાં આવશે.

# જાસપુર ખાતે વિશ્વ ઉમિયાધામ મંદિરના નિર્માણ કાર્યનો થનારો પ્રારંભ

**અમદાવાદ**

અમદાવાદના જાસપુર ખાતે ૨૨ નવેમ્બરથી વિશ્વના સૌથી ઊંચા ૫૦૪ ફૂટ મા ઉમિયાના મંદિર નિર્માણ કાર્યનો પ્રારંભ થશે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મંત્રીઓ, સંતો-મંહતો ઉપસ્થિત રહેશે. મા ઉમિયાના મંદિરનું મહાભૂમિપૂજન માર્ચ ૨૦૧૯માં કરાયું હતું અને ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૦ના શિલાન્યાસ ભવ્ય રીતે સંપન્ન થયો હતો. હવે ૨૨ નવેમ્બરથી મંદિર નિર્માણ કાર્યનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. વિશ્વ ઉમિયા ઉમિયાધામ નિર્માણ કાર્યના પ્રસંગે ૨૨ નવેમ્બરે સવારે ૮:૩૦ કલાકથી શતચંડી મહાયજ્ઞાનું આયોજન કરાશે, જેમાં પાટીદાર સહિત તમામ સમાજના ૧૦૦થી વધુ યજમાન પરિવારો ભાગ લેશે.

# કોંગ્રેસ હજી પણ બળતું ઘર, પ્રમુખનો કાંટાળો તાજ પહેરવા કોઇ તૈયાર નથી

## પંચાયતોની ચૂંટણી ટાણે કોંગ્રેસ સુકાની વિહોણી, કાર્યકરો નારાજ

**અમદાવાદ**

ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ ટકોરો મારી રહી છે જેના પગલે ભાજપે પંચાયતો પર કબજો મેળવવા તૈયારીઓ આદરી છે.બીજી તરફ, કોંગ્રેસ હજુય પક્ષના સુકાની વિહોણી બની છે જેથી કાર્યકરોમાં રોષ ભભૂક્યો છે. આજે કોંગ્રેસની દશા એવી છેકે, બળતુ ઘર હોઈ એકેય સિનિયર નેતા કે ધારાસભ્ય પ્રદેશ પ્રમુખનો કાંટાળો તાજ પહેરવા કોઈ તૈયાર નથી.આ તરફ, નવા પ્રદેશ પ્રમુખ અને વિધાનસભા વિપક્ષના નેતાની નિમણૂંક બાદ ગુજરાત કોંગ્રેસમાં જૂથબંધી વકરે તેવો ય ભય હાઈકમાન્ડને સતાવી રહ્યો છે જેથી આ મામલે હજુય કોકડુ ગુચવાયેલું રહ્યુ છે. ભાજપે અત્યારથી જ પંચાયતો જ નહીં, વિધાનસભાની ચૂંટણીઓ જીતવા કવાયત હાથ ધરી છે ત્યારે કોંગ્રેસમાં હજુ પ્રદેશ પ્રમુખ અને વિધાનસભા વિપક્ષના નેતાની નિમણૂંકને લઈને કોઈ નિર્ણય લઈ શકાયો નથી. આ ઉપરાંત સંગઠનના ય ઠેકાણાં નથી. વિધાનસભાની પેટાચૂંટણી હાર્યા બાદ આખુય માળખુ વિખેરી નંખાયુ હતું ત્યારબાદ હજુ આ મામલે કોઈ નવી નિમણૂંકો કરાઈ નથી.

# SIT અને આરોપીઓ વચ્ચે સાંઠગાઠ હતી: ઝકિયા જાફરીનો આક્ષેપ

**અમદાવાદ**

ગુજરાતના વર્ષ ૨૦૦૨ના રમખાણોના કેસમાં તત્કાલિન મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીને એસ.આઈ.ટી. દ્વારા અપાયેલી ક્લીન ચિટ સામે ઝાકીયા જાફરીએ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી છે. જેમાં ઝાકીયા જાફરી તરફથી આક્ષેપ કરાયો હતો કે રમખાણો મુદ્દે રચાયેલી એસ.આઈ. ટી. અને આરોપીઓ વચ્ચે સાંઠગાંઠ હતી. જસ્ટિસ એ.એમ. ખનવિલકરની ખંડપીઠ સમક્ષ ઝાકીયા જાફરી થરફથી સીનિયર એડવોકેટ કપિલ સિબલે રજૂઆત કરી હતી કે આ કેસમાં એસ.આઈ.ટી. અને અમુક આરોપીઓ વચ્ચે સાઁઠગાંઠ હતી. આ ઉપરાંત વિશ્વ હિન્દુ પરિષદ સાથે જોડાયેલા વકીલોની પબ્લિક પ્રોસિક્યુટર તરીકે નિમણૂક પણ ઘણી બાબતો કહી જાય છે.

# આચારસંહિતા પહેલાં 1577 કરોડનાં 43 હજાર કામોનું ખાતમૂર્હુત-લોકાર્પણ

**અમદાવાદ**

ગુજરાતમાં ફરી રાજકીય માહોલમાં ગરમાવો આવશે કેમકે, ભાજપે અત્યારથી ગ્રામ પંચાયતો પર કબજો મેળવવા કવાયત શરૂ કરી દીધી છે. આ ઉપરાંત નવેમ્બરના અંતિમ સપ્તાહ ગ્રામ પંચાયતોની ચૂંટણી રાજ્ય ચૂંટણી પંચ જાહેર કરે તેવી શક્યતા જોવાઈ રહી છે.

આ જોતાં આચારસંહિતા લાગે તે પહેલાં જ નવી સરકાર રાજકીય લાખ ખાટવા સક્રીય બની છે. જેના ભાગરૂપે વિવિધ યોજના હેઠળએક બે નહી, પણ 43 હજારથી વધુ ખાત મુહુર્ત- લોકાપર્ણ કરવા આયોજન કરાયુ છે. જેની પાછળ રૂ. 1577 કરોડનો ખર્ચ અંદાજાયો છે. ત્રણ દિવસીય ગ્રામયાત્રાના માધ્યમથી રાજ્યના ગ્રામિણ મતદારોને મોહિત કરવા રાજ્ય સરકાર સક્રિય બની છે.

ભાજપે ચૂંટણીઓમાં સારૂ પ્રદર્શન કરી વિધાનસભા પેટાચૂંટણીથી માંડીને નગરપાલિકા ઉપરાંત ગાઁધીનગર પાલિકા પર કબજો કર્યો હતો. હવે ભાજપની નજર ગ્રામ પંચાયતો પર મંડાઈ છે. રાજ્ય ચૂંટણી પંચે અત્યારે મતદારયાદી સુધારણા કાર્યક્રમને આખરી ઓપ આપી દીધો છે.આ ઉપરાંત ચાલુ માસના અંતિમ સપ્તાહમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ જાહેર થાય તેવી શક્યતા છે.

પંચાયતોની ચૂંટણીને પગલે આચાર સંહિતા અમલી બની શકે છે તે જોતાં રાજ્ય સરકારે આત્મ નિર્ભર યાત્રાના માધ્યમથી ગામડાઓમાં વિકાસના કામો કરી ગ્રામિણ મતદારોને મોહિત કરવા આયોજન ઘડયુ છે. શહેરો પર તો ભાજપનો મજબૂત જનાધાર છે પણ હજુય ગામડાઓમાં કોંગ્રેસ સમર્પિત મતદારોની સંખ્યા ઘણી મોટી છે.

આ જોતા હવે સરકાર અને ભાજપ સંગઠને પંચાયતો પર કબજો કરવા કવાયત માંડી છે.

# અમદાવાદમાં કાકી સગા ભત્રીજાને લઈને મુંબઈ ભાગી જતાં ચકચાર

**અમદાવાદ**

અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતી બત્રીસ વર્ષની કાકી દસમી નવેમ્બરે વહેલી સવારે ચાર વાગ્યે ઘરમાંથી ગુમ થઈ જતાં પરિવારજનોએ તેની શોધખોળ હાથ ધરી હતી. બીજીતરફ આ શોધખોળ દરમિયાન ધ્યાનમાં આવ્યું હતું કે કાકીનો સગોભત્રીજો પણ ગુમ છે.

ભત્રીજો તેની થલતેજમાં આવેલી દુકાનેથી સીધો બાપુનગરના ઘરે પહોંચ્યો હતો. ત્યાંથી કાકીનો સંપર્ક કરીને ભાગવાનો પ્લાન બનાવ્યો હતો. પરિણામે બંને સાથે જ ભાગી ગયા હોવાનું જણાયું હતું. આ અંગે પોલીસે કરેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે કાકી સાબરમતી વિસ્તારમાં ભાડાંના એક રૂમમાં બાર કલાક રોકાઈ હતી.

દરમિયાન કાકીને ભત્રીજો મળતાં બંને તે જ રાત્રે મુંબઈ ભાગી ગયા હતા. પોલીસે કરેલી ખાનગી તપાસમાં બહાર આવ્યું કે, બંને જણા દક્ષિણ મુંબઈના ક્રોફર્ડ માર્કેટ વિસ્તારમાં આવેલા જાણીતા માર્કેટમાં 18000 ની કિંમતનો મોબાઈલ રૂા.6000માં વેચી દીધો હોવાનું ધ્યાનમાં આવ્યું છે. તેને પગલે પરિવારના સભ્યો મુંબઈ પહોંચી આ માર્કેટમાંથી પૈસા આપીને મોબાઈલ પરત લીધો હતો. પોલીસને કાકી-ભત્રીજો નવી મુંબઈના કોઈ વિસ્તારમાં હોવાની માહિતી મળી છે.

# અમદાવાદમાં કોરોનાની ભીતિથી પોલીસ સક્રિય : દરરોજ 200 FIR

**અમદાવાદ**

દિવાળીના તહેવારો પછી કોરોનાના કેસોમાં ઉછાળો આવતાં ફરી એક વખત કોરોના વકરવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. આ સંજોગોમાં નાગરિકો સોશિયલ ડીસ્ટન્સ જાળવે અને નિયમીતપણે માસ્ક પહેરે તે માટે પોલીસ એક્શનમાં આવી છે. દિવાળીના સમયગાળામાં અમદાવાદ શહેરમાં દરરોજ માંડ 20-25 નાગરિકો સામે ગુના નોંધાતા હતા તે વધીને 150થી વધી ગયાં છે. શહેરના પોલીસ સ્ટેશનોને 10-10 ગુના નોંધવા ટાર્ગેટ અપાયાં છે એટલે દરરોજ 200 ગુના નોંધાઈ શકે છે. સાથે જ પોલીસ સ્ટેશનોને માસ્ક નહીં પહેરતા નાગરિકો પાસેથી દંડ વસૂલાત કરવા તાકીદ કરી ટાર્ગેટ આપવામાં આવ્યાં છે.

# ચૂંટણી સમયે 'કમલમ' કોથળા નીકળે તેનાથી લલચાઈ ના જતા: ધાનાણી

## કોંગ્રેસ સરકારની પ્રથમ કેબિનેટમાં કોવિડ મૃતકોને 4 લાખની સહાયનો વાયદો

**સાબરકાંઠા**

રાજ્યના બંને મોટા પક્ષ મતદારોને આકર્ષવા જિલ્લે-જિલ્લે સ્નેહમિલન કાર્યક્રમ યોજી સભાઓ કરી રહ્યા છે, ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસનું મોવડી મંડળ સાબરકાંઠા આવી પહોંચ્યું હતું. હિંમતનગરના ટાઉન હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમા પરેશ ધાનાણીએ જણાવ્યું કે, કોરોનાની બીજી લહેરમાં લોકો ઓક્સિજન વિના મોતને ભેટ્યા છે. ચૂંટણી સમયે કમલમમાંથી કોથળા નીકળે એમાં લલચાઈ જતા નહીં. મહાભારત કાળમાં શકુની કરતા હતા તેવું કપટ આધુનિક શકુનીઓ કરી રહયા છે. આમ કહીને ભાજપના નેતાઓને આધુનિક શકુની ગણાવ્યા હતા. બીજી તરફ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું કે, જામનગરમાં કેટલાક હિન્દુ સંગઠનો દ્વારા ગાંધીજીના હત્યારા નાથુરામ ગોડસેની પ્રતિમાનું સ્થાપન કરવામાં આવ્યું હતું. જે પૂતળાને જનતા દ્વારા તોડી પડાયું છે.

# નશીલા પદાર્થોનો કારોબાર રોકવા 'સ્પેશિયલ ટીમ' બનાવવા ઉઠેલી માંગણી

**અમદાવાદ**

અમદાવાદ શહેરમાં નશીલા પદાર્થોની હેરાફેરી રોકવા, ડ્ગ્સ સપ્લાયની આખી ચેન તોડી નાંખવા અને યુવાધનને નશાની લતથી દુર રાખવા માટે શહેરમાં સ્પેશિયલ ટીમની રચના કરવામાં આવે તે માટે સોમવારે સેક્ટર-૨ ખાતે સંયુક્ત પોલીસ કમિશનરને વિવિધ સંગઠનોના આગેવાનો દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

યુથ ક્રોંગ્રેસ, દલીત અધીકાર મંચ, ગુજરાત વાલી એકતા મંડળ સહિતના આગેવાનોએ કાંકરિયા ખાતે આવેલી સેક્ટર-૨ ની કચેરીમાં પોલીસ કમિશનરને આવેદનપત્ર આપીને ગુજરાતને નશીલા પદાર્થોની હેરાફેરીથી મુક્ત બનાવવાની માંગણી કરી હતી.

# રૂપાણી-સાંસદ વચ્ચે બોલચાલનો વીડિયો વાયરલ,ચાલુ પ્રવચને કાર્યકરો ઉભા થયા

## સમારંભમાં વજુભાઇ વાળા અને રાજકોટના ધારાસભ્ય-મંત્રી અરવિંદ રૈયાણીની ગેરહાજરી

**રાજકોટ**

રાજકોટમાં પ્રદેશ ભાજપ પ્રમુખની હાજરીમાં તા.૨૦ના કાર્યક્રમો પૂર્વે શહેર ભાજપનું સ્નેહમિલન સાંસદો, ધારાસભ્યના નામ આમંત્રણમાં કમી કરવાના વિવાદ વચ્ચે યોજાયું હતું જેમાં મંચ ઉપર ધારાસભ્ય ગોવિંદ પટેલ અને વિજય રૂપાણી વચ્ચે ચર્ચા દરમિયાન સાંસદ રામભાઈ મોકરીયા આવતા અને તેમને પૂર્વ મુખ્યમંત્રીએ બેસી જવા ઈશારો કરતા હોવાનો વિડીયો વાયરલ થતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી હતી. આ અંગે ધારાસભ્ય ગોવિંદભાઈએ જણાવ્યું કે તેઓ નવા વર્ષના સાલમુબારક કહેવા મંચ ઉપર રૂપાણી પાસે ગયા હતા. જ્યારે રામભાઈએ કહ્યું કે તેઓની વાત ચાલતી હતી ત્યારે હું ત્યાં ગયો હતો પણ કહેવાતી બોલાચાલી થઈ કે નહીં તે અંગે દરેકનો સંપર્ક સાધતા કોઈએ મગનું નામ મરી પાડયું નથી પરંતુ, વિડીયોમાં રૂપાણી સાંસદને તેમની સીટ પર બેસી જવા ઈશારો કરીને કહી રહ્યાનું દેખાય રહ્યું છે. બાદમાં હિન્દીમાં પ્રવચન ચાલતું હતું ત્યારે સભામાંથી કાર્યકરો ઉભા થઈને ચાલવા લાગ્યા હતા. આથી નેતાઓ ક્ષોભીલા પડયા હતા અને વ્યવસ્થા સંભાળતા કાર્યકરો અન્યોને ખુરશી પર બેસી રહેવા તેઓએ આજીજી કરવી પડી હતી. આ કાર્યક્રમમાં વજુવાળા અને ધારાસભ્ય રૈયાણી ગેરહાજર રહ્યા હતા.

કલાસીફાઇડ / Classified

HELPER WANTED

Elderly Couple, London, Ontario, seeking Gujarati lady for live in help. Cook Gujarati food, provide general help. Free room and board. Salary to be negotiated. **Please call 519-438-4966**

હેલ્પર જોઈએ છે

વૃદ્ધ દંપતિ માટે લંડન ઓન્ટેરિયો ખાતે ગુજરાતી ભોજન બનાવી શકે અને સાથે સાથે સામાન્ય મદદ પણ કરી શકે તેવી મહિલા જોઈએ છે. રૂમ અને બોર્ડ આપવામાં આવશે. પગાર માટે નેગોસિએટ કરી શકો છો. ફોન : ૫૧૯-૪૩૮-૪૯૬૬

# ઠાકોરજીની જાન પાળથી હેલિકોપ્ટરમાં લાપાસરી પહોંચી, ગામ યજમાન બન્યું

## રાજકોટ પાસેનાં ગામમાં ઉત્સાહ સાથે યોજાયા અનોખા તુલસી વિવાહ

**રાજકોટ**

દેવઉઠી અગિયારસે તુલસી વિવાહના આયોજનથી રાજકોટ નજીક લોધિકા તાલુકાનાં પાળ ગામમાં ભારે ઉત્સાહ હતો. ગામનાં મંદિરનાં ઠાકોરજીની જાનને હેલીકોપ્ટરમાં લઈ જવાનું સ્થાનિક આગેવાનોએ કર્યુ હતુ. ગામ નજીકનાં એક ખેતરમાં ખાસ હેલીપેડ તૈયાર કરવામાં આવ્યુ હતુ.માત્ર ૨૫૦૦ ની વસતી ધરાવતા આ ગામમાં બપોરે બે વાગ્યે ખાનગી હેલીકોપ્ટરનું ઉતરાણ કરવામાં આવ્યુ હતુ અને બપોરે ૪ વાગ્યે ઠાકોરજીની શાલીગ્રામની મૂૅતિ સાથે પાંચેક લોકો સાથે જાન હર્ષોલ્લાસ સાથે હેલીકોપ્ટરમાં રાજકોટ તાલુકાનાં લાપાસરી ગામ પહોંચી હતી. આ બંને ગામ વચ્ચેનું અતર માત્ર ૧૫ કિ.મિ. હોવી છતાં ગામ લોકોએ ઉત્સાહથી હેલીકોપ્ટરમાં ઠાકોરજીની જાન જોડી દરેક ઘરમાથી એક વ્યકિત અલગ અલગ વાહનમાં લાપાસરી જાનમાં જોડાયા હતા. લાપાસરી


તુલસી વિવાહઃ

ગામ આ અનોખા તૂલસી વિવાહ માટે યજમાન બન્યુ હતુ. લાપાસરીમાં જાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યા બાદ વિવાહ પ્રસંગ યોજાયો હતો તેમાં આખુ ગામ જોડાયું હતુ. ગામનાં સરપંચનાં પરિવારે કન્યાદાન આપ્યુ હતુ. બંને ગામનાં હજારો લોકો આ અનોખા તુલસી વિવાહનાં પ્રસંગમાં જોડાયા હતા.

# ઉમરાળા તાલુકા પંચાયત કારોબારી સમિતિ ચેરમેનના પુત્રની ઘાતકી હત્યા

**ઉમરાળા**

ઉમરાળા તાલુકાના રંઘોળા ગામે રહેતા અને ઉમરાળા તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેન સુરેશભાઇ નથુભાઇ કુવાડીયાના પુત્ર વિપુલભાઇ કુવાડીયા (ઉ.વ.૩૦) સાથે સોમવારે રાત્રે જૂની અદાવતે કેટલાકે તકરાર કરી હતી. જેમાં વિપુલના ફઇના દિકરા જગદિશ મયા ડાંગર સાથે અનીલ બોઘા સાટીયાને બાઇક બાબતે દોઢ વર્ષ પહેલા ઝઘડો અને માથાકુટ થઇ હતી. તેની અદાવત રાખી રંઘોળા ગામના અનીલ સાટીયા, અશ્વીન બોઘા સાટીયા, રવિ સાર્દુળ સાટીયા, વિશાલ તોગા બોળીયા, રાજુ હામા ભોકળવા, ગોપાલ હામા ભોકળવા, હામા જોધા ભોકળવા, બોઘા સાટીયા સહિતના શખ્સોએ એકસંપ કરી ગેરકાયદે મંડળી રચી ઝઘડો કરી વિપુલભાઇ પર હુમલો કરીને અનિલે છરીના ચારથી પાંચ ઘા ઝીંકી તેમજ અન્યએ કુહાડી, લાકડીના ઘા મારી મરણતોલ ઈજા પહોંચાડી મોત નિપજાવી નાસી છુટયા હતાં.

રંઘોળામાં ઘટેલી રક્તરંજીત ઘટનાના ઘેરા પડઘા પડવા પામ્યા હતાં. જ્યારે બનાવની જાણ થતાં ઉમરાળા પોલીસ મથકના પી.એસ.આઇ. સહિતનો સ્ટાફ ઘટના સ્થળ પર દોડી ગયો હતો અને રાત્રિથી જ આખા ગામમાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ઉક્ત બનાવ અનુસંધાને મૃતક યુવાનના કાકા સંજયભાઇ ભીખાભાઇ કુવાડીયાએ ઉમરાળા પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી.

# કોડીનાર ઔદ્યોગિક રેલવે લાઈન માટે ખેડૂતો કોઈપણ ભોગે જમીન નહીં આપે

**વેરાવળ**

કોડીનાર નવી ઔદ્યોગિક રેલવે મુદે વેરાવળમાં કલેક્ટરના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામા આવી હતી. જેમાં ખેડૂતોએ જમીન નહીં આપવાનો હુંકાર કર્યો હતો. વેરાવળમા નાયબ કલેક્ટરની કચેરીમાં ગીર સોમનાથ જિલ્લા કલેક્ટરની અધ્યક્ષ સ્થાને સોમનાથ કોડીનાર નવી ઓદ્યોગિક રેલવે મુદ્દે કલેક્ટર સાથે બેઠક થઈ હતી. આ બેઠકમાં ખેડૂતોએ જમીન નહીં આપવાનો હુંકાર કર્યો હતો. ખેડૂતો આગેવાનોઓ કહ્યું હતું કે કોઈ પણ ભોગે જમીન નહીં અપાય. કંપની માટે બની રહેલી રેલ્વે લાઈનથી 20 ગામને નુકશાન છે અને સેંકડો એકર જમીન પાણીમાં જશે. લાખોની સંખ્યામાં નાળીયેરીના ઝાડ કાપવા પડશે. હજારો ખેડુતોની સિંચાઈની પાણીની પાઈપલાઈન જશે. 350 જેટલા ખેડુતો જમીન વિહોણા થઈ જશે.

# બીચ પર પેરાસેલિંગ સમયે પેરાશૂટનું દોરડું તૂટતાં દંપતી દરિયામાં ખાબક્યું

**દીવ**

પર્યટનધામ દીવનાં નાગવા બીચ પર વોટર સ્પોર્ટસ એક્ટિવીટી કરવામાં આવે છે. મંગળવારે દીવ ફરવા આવેલા માંગરોળ તાલુકાનાં રહેવાસી અજીતભાઈ કાથડ અને તેમના પત્ની સરલાબેન નાગવા બીચ સ્થિત પાલ્મ એડવેન્ચર એન્ડ વોટર સ્પોર્ટસમાં બપોરે ૨ વાગ્યાનાં અરસામાં પેરાસેલિંગ કરવા પહોંચ્યા હતા. જ્યાં તેઓની રાઈડ શરૂ થઈ હતી અને પતિ - પત્ની પેરાશૂટની મદદથી હવામાં ઉડવા લાગ્યા હતા.

તેઓ ૫૦ ફૂટથી વધુની ઊંચાઈએ પહોંચ્યા હતા. ત્યારે અચાનક જ બોટ સાથે બાંધેલું પેરાશૂટનું દોરડું તૂટી ગયું હતં. પરિણામે પેરાશૂટ સાથે હવામાં ઉડતી પતિ - પત્નીનાં જીવ તાળવે ચોંટી ગયા હતા અને દરિયાકાંઠે પેરાસેલિંગનો નજારો જોતા પર્યટકોમાં પણ બુમાબુમ સાથે અફડા - તફડી મચી ગઈ હતી. સદ્નસીબે પતિ - પત્ની દરિયાનાં પાણીમાં જ પડતા અને તેઓએ લાઈક જેકેટ પહેર્યા હોવાથી બચાવ થયો હતો. જેમને લાઈફ ગાર્ડની ટીમ દ્વારા સલામત રીતે દરિયા કિનારે લાવવામાં આવ્યા હતા. વોટર સ્પોર્ટસનાં સંચાલકોની ગંભીર લાપરવાહી સામે પીડિત દંપતીએ આક્રોશ ઠાલવ્યો હતો, પણ પોતાની ભૂલ સ્વીકારવાનાં બદલે ધમકાવવામાં આવ્યાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

# સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં માવઠું, ખેતીને નુકસાન થવાની ભીતિ

**બનાસકાંઠા**

હવામાન વિભાગની આગાહીના પગલે ગુરુવારે વહેલી સવારથી રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. ઉત્તર ગુજરાતના પાટણ અને બનાસકાંઠામાં સૌથી વધુ ચાણસ્મા, હારીજ અને કાંકરેજમાં 21 મીમી વરસાદ નોંધાયો હતો. જ્યારે પાલનપુર અને પાટણમાં પોણા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. ભર શિયાળે વરસાદી માહોલ સર્જાયો છે. હવામાન વિભાગે હજુ 4 દિવસ વરસાદની આગાહી કરતા ખેડૂતો ચિંતિત બન્યા છે. કમોસમી વરસાદના પગલે ઠંડીનો જોર પણ વધ્યું છે જેના કારણે લોકો ઠંડીમાં ઠૂંઠવાઈ રહ્યા છે. ઉત્તર ગુજરાતમાં દિવેલા, કપાસ અને જીરુના પાકને નુક્સાન થવાની શક્યતા સેવાઈ રહી છે.

# મંત્રી પદ ગયા બાદ બાવળિયા અસલી વિપક્ષી મૂડમાં! તંત્ર પર પ્રશ્નોનો મારો

## રથયાત્રાના નામે ફરિયાદ નિવારણની બેઠક મોકૂફ રાખવા તંત્રની કવાયત

**રાજકોટ**

ગુજરાતની વિજય રૂપાણી સરકારની વિદાય સાથે કુંવરજી બાવળિયા પણ હવે જસદણ મતવિસ્તારના ધારાસભ્ય રહી ગયા છે. એક સમયે પોતે સરકારનો જ એક હિસ્સો હતા ત્યારે પ્રજાકીય પ્રશ્નો મામલે જાહેરમાં કોઈ પ્રશ્ન નહીં ઉઠાવીને તે સરકારી તંત્રને જાણે છાવરતા રહ્યા હતા. પરંતુ મંત્રીપદ ગયા બાદ હવે તેઓએ રાજકોટ જિલ્લા ફરિયાદ સમિતિ સમક્ષ પ્રશ્નોનો ખડકલો કરી દેતાં આગામી બેઠકમાં તડાફડી થવાના અણસાર મળી રહ્યાં છે.

બાવળિયા કોંગ્રેસમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય હતા એ વખતે રાજકોટ જિલ્લા કક્ષાની આ બેઠકમાં ફરિયાદો-પ્રશ્નોનો મારો ચલાવતા પણ પછીથી ભાજપમાં ભળતાવેંત મંત્રીપદ મળ્યું ત્યારથી રૂબરૂ ઉપરાંત પ્રશ્નોરૂપે પણ તેની ગેરહાજરી દાખવીને સરકારી તંત્ર સામે આંખ આડા કાન કરવા માંડયા હતા. દરમિયાન, બાવળિયા માટે એક તો કોંગ્રેસ છોડીને ભાજપમાં ભળ્યા બાદ માંડ એકા'દ વર્ષ મળેલું મંત્રીપદ પણ છીનવાઈ ગયાનો અફસોસ અને એમાં વળી આગામી ચૂંટણીમાં ટિકિટ મળવા વિશે પ્રશ્નાર્થ જેવી સ્થિતિ ઊભી થઈ છે ત્યારે તેમણે આગામી તા.૨૦ની રાજકોટ જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિમાં ચર્ચા માટે ધડાધડ ૬૦ થી વધુ પ્રશ્નો રજૂ કરી દીધા છે. બાવળીયાના આ તેવર બાદ બીજી તરફ, તા.૧૮થી ૨૦ સરકારની રથયાત્રાઓ હોવાનાં બહાને વિવાદ ટાળવા ફરિયાદ નિવારણ સમિતિની તા.૨૦ની બેઠક મોકૂફ રાખવા વિચારણા થઈ રહી હોવાનું પણ જાણવા મળે છે.

# પાકિસ્તાનથી મોકલાયેલું રૂ. 600 કરોડનું ડ્રગ્સ મોરબીથી ઝડપાયું

**મોરબી**

કચ્છ અને દ્વારકા જિલ્લામાંથી કરોડો રૂા.નું ડ્રગ્સ પકડાયા બાદ હવે મોરબી જિલ્લામાં આવેલા નાના એવા ઝીંઝુડા ગામેથી એટીએસની ટીમે દરોડા પાડીને રૂા 600 કરોડની કિંમતનું મનાતુ 120 કિલોગ્રામ ડ્રગ્સ ઝડપી લેતા સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે.

આ કેફી દ્રવ્યોનો જથ્થો દરિયાકાંઠા મારફતે અહી સુધી આવી પહોંચ્યો હોવાનું તેમજ પાકિસ્તાનથી દ્વારકામાં ડ્રગની ડીલીવરી લીધા પછી આ જથૃથો દ્વારકાના દરિયાકિનારે સંતાડી રાખીને મોરબીના ઝીંઝુડા ગામે પહોંચાડવામાં આવ્યો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. આ ઘટનામાં જેના ઘરમાંથી ડ્રગનો જથ્થો મળી આવ્યો હતો તે શખ્સ ઉપરાંત જોડિયા અને સલાયાના અન્ય બે શખ્સ મળી કુલ ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લીધા છે. ગુજરાતના દરિયાકાંઠેથી હેરોઈનની દાણચોરીના બનાવો વધતા ચાલ્યા છે, જેમાં અગાઉ પાકિસ્તાન અને ઈરાનથી મોકલેલ હેરોઈનનો મોટો જથ્થો ઝડપી લેવાયો હતો, તે ઉપરાંત તાજેતરમાં દ્વારકા જીલ્લામાંથી પણ ડ્રગ્સનો મોટો જથૃથો ઝડપાયો હતો જેને પગલે એટીએસ ટીમે સતર્કતા દાખવી હતી અને સઘન તપાસ ચલાવતા મોરબી જીલ્લાના ઝીંઝુડા ગામમાં ડ્રગ્સના જથ્થા વિષે બાતમી મળી હતી.


# ચાઈલ્ડ પોર્નોગ્રાફી : CBIના ગુજરાત સહિત 77 સ્થળે દરોડા

## 10ની ધરપકડઃ આંધ્ર, દિલ્હી, યુપી, પંજાબ, ઓડિશા, તામિલનાડુ, ગુજરાત, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશમાં સપાટો

**નવી દિલ્હી**

સીબીઆઈ દ્વારા ગુજરાત સહિત દેશભરમાં 77 સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ દરોડા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બાળ યૌન શોષણ સામગ્રી જોવા અને પ્રસારિત કરવા તેમજ સ્ટોર કરવા બદલ પાડવામા આવ્યા હતા.

દેશભરમાં આશરે 14 જેટલા રાજ્યોમાં સીબીઆઈએ સપાટો બોલાવ્યો હતો. સીબીઆઈને મળેલી જાણકારી અનુસાર સોશિયલ મીડિયા પર આ પ્રકારના અપરાધો માટે અનેક ગ્રુપ એક્ટિવ છે. જે બાળ યૌન શોષણ સામગ્રી પ્રસારિત કરે છે.




જેમાંથી ઘણા ગ્રુપનો સંબંધ વિદેશ સાથે પણ જોડાયેલો છે. વિવિધ દેશોમાં આ પ્રકારની વાંધાજનક સામગ્રી પ્રસારિત કરવા માટે ઓછામાં ઓછા 100 દેશોના અનેક નાગરિકો સામેલ છે. એજન્સીએ 14મી નવેમ્બરના રોજ 83 આરોપીઓની સામે એફઆઈઆર દાખલ કરવાનું શરૂ કરી દીધુ હતું.

જે દરમિયાન દરોડા પાડવાનું પણ શરૂ કરાયું હતું. હાલ આશરે 10 જેટલા લોકોની સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. આ દરોડા જે પણ સ્થળોએ પાડવામાં આવ્યા હતા તેમાં ગુજરાતના ભાવનગર અને જામનગરનો પણ સમાવેશ થાય છે. આ દરમિયાન મોટી સંખ્યામાં લેપટોપ કે અન્ય ગેજેટ્સ પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

એવી વિગતો પણ સામે આવી છે કે કેટલાક વ્યક્તિ સીએસઈએમ સામગ્રીના વેપારમાં સામેલ હતા. સીબીઆઈના પ્રવક્તા આરસી જોશીએ જણાવ્યું હતું કે આંધ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ, પંજાબ, બિહાર, ઓડિશા, તામિલનાડુ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, હરિયાણા, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને હિમાચલ પ્રદેશમાં આ તપાસ અભિયાન ચલાવવામા આવ્યું હતું. હાલ પણ અનેક સ્થળોએ આ તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓ મુજબ, સમગ્ર દેશમાં બાળકોની વિરૂદ્ધ સાયબર ક્રાઈમ 2019ની સરખામણીમાં 2020માં 400 ટકાથી વધુ વધ્યા છે. એમાંથી મોટા ભાગના મામલા યૌન કાર્યોમાં બાળકોને દેખાડવાની સામગ્રીનું પ્રકાશન અને પ્રસારણ સાથે જોડાયેલાં છે.

પોર્નોગ્રાફીના સૌથી વધુ મામલા ઉત્તરપ્રદેશમાં 161, મહારાષ્ટ્રમાં 123, કર્ણાટકમાં 122, કેરળમાં 101, ઓડિશામાં 71, તામિલનાડુમાં 28, આસામમાં 21, મધ્યપ્રદેશમાં 20 હિમાચલ પ્રદેશમાં 17, હરિયાણામાં 16, આંધ્રપ્રદેશમા 15, પંજાબમાં 8, રાજસ્થાનમાં 6 કેસ નોંધાયા છે. એમાંથી કેરળ અને કર્ણાટકને છોડીને ઘણાં રાજ્યોમાં આજે રેડ કરવામાં આવી રહી છે. આ સિવાય ગુજરાત અને દિલ્હીમાં પણ આજે CBIની તપાસ ચાલી રહી છે.

# મની લોન્ડરિંગ કેસ : દિલ્હી-NCRમાં સુપરટેકના પરિસરોમાં ઇડીના દરોડા

**નવી દિલ્હી**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઇડી) એ મની લોન્ડરિંગના કેસની તપાસમાં રિયલ એસ્ટેટ ગ્રુપ સુપરટેકના વિવિધ પરિસરોમાં દરોડા પાડયા હતાં તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર નેશનલ કેપિટલ રિજિયન માં સુપરટેક અને તેના પ્રમોટરોના ૯ પરિસરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૩૧ ઓગસ્ટના રોજ સુપ્રીમ કોર્ટે નોઇડા સ્થિત સુપરટેકના ટ્વિન ટાવર તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. આ બંને ટાવરોનું બાંધકામ ગેરકાયદે કરવામાં આવ્યું હોવાથી સુપ્રીમ કોર્ટે બંને ટાવરોને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે આ બંને ટાવર તોડી પાડવા ૩ મહિનાનો સમય આપ્યો હતો. આ સમય ૩૦ નવેમ્બરે પૂર્ણ થશે. સુપરટેકના એમરાલ્ડ કોર્ટ હાઉસિંગ પ્રોજેક્ટના પરિસરોમાં બાંધવામાં આવેલા ૪૦ માળના બે ટાવરમાં ૯૦૦થી વધુ ફ્લેટ અને ૨૧ દુકાનો છે. ઉલ્લેખનીય છે કે અલ્લાહાબાદ હાઇકોર્ટે ૨૦૧૪માં જ આ બંને ટાવરોને તોડવાનો આદેશ આપ્યો હતો.

# જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં 2 મોટા એન્કાઉન્ટર: 5 ખુંખાર આતંકીવાદીઓ ઠાર

## જમ્મુથી 43 લાખ સાથે ત્રણ આતંકીઓની ધરપકડ, પુલવામામાંથી પણ બે ઝડપાયા

**નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીરના કુલગામ જિલ્લામાં સૈન્ય દ્વારા બે મોટા એન્કાઉન્ટર હાથ ધરાયા હતા. જેમાં ટીઆરએફનો કમાંડર સહિત કુલ 5 આતંકીઓને ઠાર મારવામાં આવ્યા હતા. માર્યા ગયેલા આ આતંકીઓમાં ધ રેઝિસ્ટેન્સ ફોર્સ (ટીઆરએફ)નો કમાંડર અફાક સિકંદર પણ સામેલ છે.

સર્ચ ઓપરેશન દરમિયાન આતંકીઓએ સૈન્ય પર ગોળીબાર કરી દીધો હતો જેને પગલે બાદમાં બન્ને વચ્ચે સામસામે ભારે ઘર્ષણ થયું હતું. દરમિયાન બારામુલ્લામાં ગ્રેનેડ હુમલો થયો હતો જેમાં સીઆરપીએફના બે જવાનો અને બે નાગરિકો ઘવાયા હતા.

સવારે 11. 15 કલાકે આ ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો. જોકે હુમલો ક્યા આતંકી સંગઠન દ્વારા કરવામાં આવ્યો હતો તેની કોઇ જાણકારી નથી મળી શકી અને હુમલાખોરોની શોધખોળ માટે તપાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યુ છે.

બીજી તરફ જમ્મુ કાશ્મીરના પુલવામામાં લશ્કરે તોયબાના બે આતંકીઓની ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા આતંકીઓમાં આમિર બશીર અને મુખ્તર બટનો સમાવેશ થાય છે.

ધરપકડ કરાયેલા આતંકીઓ કોઇ મોટા હુમલાને અંજામ આપવાનુ કાવતરૂ ઘડી રહ્યા હતા. દરમિયાન મોટા પ્રમાણમાં હથિયારો અને વિસ્ફોટક સામગ્રી પણ જપ્ત કરાઇ હતી. જેમાં બે રેડી ટુ યુઝ આઇઇડીનો સમાવેશ થાય છે.

# વિદેશમાં ગેરકાયદે રૂપિયા 500 કરોડ ટ્રાન્સફર કરતી લોન એપ કંપની પર આઇટીના દરોડા

## એપથી તાત્કાલિક લોન આપતી કંપની લોન ચૂકવતી વખતે ઉંચા દરે પ્રોસેસિંગ ફી વસૂલતી હતી

**નવી દિલ્હી**

મોબાઇલ એપ દ્વારા તાત્કાલિક લોન આપવાનું કાર્ય કરતી એક ફિનટેક કંપનીમાં આવકવેરા વિભાગે દરોડા પાડીને વિદેશમાં ગેરકાયદેસર રીતે 500 કરોડ રૂપિયા મોકલવાનો પર્દાફાશ કર્યો છે તેમ સીબીડીટીએ એક નિવેદનમાં જણાવ્યું છે.

IT વિભાગે દિલ્હી અને ગુડગાવમાં કંપનીના પરિસરોમાં દરોડા પાડયા હતાં. તપાસ દરમિયાન એ પણ જાણવા મળ્યું હતું ક લોન આપતી વખતે કંપની



ખૂબ જ વધારે પ્રોસેસિંગ ફી વસૂલ કરતી હતી. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ(સીબીડીટી)એ એક નિવેદનમાં જણાવ્યું છે કે વધુ પ્રોસેસિંગ ફી વસૂલ કરવાના કારણે લોન લેનારાઓ પર વધુ આર્થિક બોજ પડતો હતો. તપાસમાં જાણવા મળ્યું હતું કે આ કંપનીની માલિકી કેમન આઇલેન્ડના એક ગ્રુપની છે. આ કંપનીનું સંચાલન પાડોશી દેશના એક વ્યક્તિ દ્વારા કરવામાં આવતું હતું. સીબીડીટીના જણાવ્યા અનુસાર અઆ કંપની સામાન્ય ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ દ્વારા સામાન્ય મૂડીથી શરૂ કરવામાં આવી હતી પણ તેણે ભારતીય બેંકો પાસેથી મોટા પ્રમાણમાં લોન લીધી હતી.

# લખીમપુર હિંસાઃ સુપ્રીમ કોર્ટ દ્વારા પૂર્વ હાઈકોર્ટ જજ, 3 IPSની નિમણૂંક કરાઈ

## હિંસામાં ખેડૂતો અને ભાજપ કાર્યકરોના મોત થયા હતા

**લખનૌ**

યુપીના લખીમપુર ખીરીમાં ખેડૂત આંદોલન દરમિયાન થયેલી હિંસાના મામલાની તપાસ કરી રહેલી SIT(સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ) માં સુપ્રીમ કોર્ટે ફેરફારો કર્યા છે.

આ સિવાય આ તપાસ પર નજર રાખવા માટે પંજાબ અને હરિયાણા હાઇકોર્ટના પૂર્વ જજ રાકેશ કુમાર જૈનની વરણી કરી છે. કોર્ટનુ કહેવુ છે કે, મામલાની પારદર્શક રીતે તપાસ થાય તે માટે કોર્ટે આ કાર્યવાહી કરી છે.

આ પહેલા સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને વિશેષ ટીમ બનાવીને મામલાની તપાસનો આદેશ આપ્યો હતો. એ પછી કોર્ટે આજે વિશેષ ટીમમાં ત્રણ વરિષ્ઠ આઈપીએસ અધિકારીઓની પણ નિમણૂંક કરી છે.

ગઈ સુનાવણી દરમિયાન યુપી સરકારે પણ રાજ્ય બહારના પૂર્વ ન્યાયાધીશની નિમણૂંક માટે સંમતિ આપી હતી. ઉલ્લેખનીય છે કે, આ હિંસામાં ખેડૂતો અને ભાજપના કાર્યકરોના મોત થયા હતા. કેન્દ્રીય મંત્રી અજય મિશ્રાના પુત્ર પર ખેડૂતોને જીપ નીચે કચડવાનો આરોપ પણ લાગ્યો હતો.

# આસામના એન્ગલોન્ગથી બે બદમાશો પાસેથી 12 કરોડનું હેરોઇન જપ્ત

**દિફુ**

પોલીસે બુધવારે આસામના કાર્બિ એન્ગલોન્ગ જિલ્લામાં બે બદમાશો પાસેથી 12 કરોડનું હેરોઇન જપ્ત કર્યું હતું. આ પૈકીનો એક જણ ભાગવા જતા, પોલીસે એને રોકવા માટે કરેલા ગોળીબારમાં બદમાશ ઘવાયો હતો. પોલીસ સ્ટાફે ખોટખોટી વિસ્તારમાં તપાસ દરમિયાન મોટરસાયકલ પર જઈ રહેલા બે જણને અટકાવ્યા હતા. પોલીસે બંને બાઇકસવારોની જડતી લેતાં 150 સાબુની પેટીઓમાંથી 1. 77 કિલોગ્રામ હેરોઇન મળી આવ્યું હતું. આ જથ્થો ગોલાઘાટ જિલ્લાના સારૂપાથારસ્થિત એજન્ટોને પહોંચાડવાનો હતો. પોલીસ બંને આરોપીઓને પોલીસ-વાહનમાં બેસાડવા માટે લઇ જઇ રહી હતી.

# પાંચ રાજ્યોના 7000થી વધુ ગામોને ફોર-જી મોબાઇલ કનેક્ટિવિટી મળશે

## આંધ્ર, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર, ઓડિશાનો સમાવેશ

**નવી દિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે મળેલ કેબિનેટની બેઠકમાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતાં. કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે આ નિર્ણયોની માહિતી આપતા જણાવ્યું હતું કે આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશાના 44 જિલ્લાઓના 7000થી વધુ ગામોમાં મોબાઇલ ટાવર કનેક્ટિવિટી આપવામાં આવશે.

સરકારના કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ ગામોને ફોર-જી મોબાઇલ સેવાઓ પ્રદાન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પાછળ કુલ 6466 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે સરકારે નિર્ણય લીધો છે પાંચ રાજ્યો આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ઝારખંડ, મહારાષ્ટ્ર અને ઓડિશાના 44 જિલ્લાઓના 7266 ગામોમાં મોબાઇલ ટાવરની સુવિધા આપવામાં આવશે.

# ઉત્તર ભારતમાં ઠંડીએ જોર પકડ્યું, -1.5 ડિગ્રી તાપમાનથી શ્રીનગર ઠુઠવાયું

**ભોપાલ**

કાશ્મીર ખીણમાં જબરજસ્ત ઠંડી પડી રહી છે. શ્રીનગરે -1. 5 ડિગ્રી તાપમાન સાથે સીઝનની સૌથી ઠંડી રાત નોંધાવી છે. કાશ્મીર ખીણમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી પણ નીચે ઉતરી ગયું હતું. હવામાન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સીઝનના આ ભાગમાં સમગ્ર ખીણમાં તાપમાન સરેરાશ કરતાં પણ નીચે ઉતરી જાય છે. શ્રીનગરે અગાઉના દિવસે -1. 2 ડિગ્રીના બદલે હવે -1. 5 ડિગ્રી તાપમાન નોંધાવ્યું હતું. અમરનાથ યાત્રાના બેઝકેમ્પ પહલગામના અધિકારીઓએ કહ્યું કે તેઓએ -4. 7 ડિગ્રી સેલ્સિયસ જેટલું નીચું તાપમાન નોંધ્યું છે. પહલગામ રાજ્યમાં સૌથી ઠંડુ સ્થળ બની ગયું છે.

# ભારત 22 હજાર કરોડના ખર્ચે US પાસેથી 30 ડ્રોન ખરીદશે, 2 મહિનામાં થશે ડીલ

**નવી દિલ્હી**

સરહદ પર ચીન સાથેના તનાવ વચ્ચે દુશ્મનો પર નજર રાખવા માટે અને જરૂર પડે તો હુમલો પણ કરી શકે તેવા ડ્રોન ખરીદવા માટે અમેરિકા અને ભારત વચ્ચેની વાટાઘાટો અંતિમ તબક્કામાં છે.

અમેરિકાના પ્રિડેટર નામના ડ્રોનને દુનિયાનુ સૌથી ઘાતક ડ્રોન માનવામાં આવે છે. આવા 30 ડ્રોન ખરીદવા માટે ભારત અમેરિકા સાથે 22000 કરોડ રૂપિયાની ડિલ કરવાનુ છે. ડ્રોનનુ જે વર્ઝન ભારત ખરીદવાનુ છે તેનુ મૂળ નામ એમક્યુ-9બી લોન્ગ રેન્જ એન્ડ્યોરન્સ ડ્રોન છે. આ ડ્રોન હવામાંથી જમીન પર માર કરનારી મિસાઈલ વડે સજ્જ હોય



છે. આગામી સપ્તાહમાં સરકારની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ આ સોદાને લીલી ઝંડી આપશે અને એ પછી કેબિનેટ સમક્ષ મંજૂરી માટે પ્રસ્તાવ મુકાશે.

ડ્રોન સાથેના હથિયારોના પેકેજને અંતિમ સ્વરૂપ હાલમાં અપાઈ રહ્યુ છે. આ વર્ષના અંત સુધીમાં ડ્રોન માટે સત્તાવાર રીતે ડીલ થઈ જશે. સેનાની ત્રણે પાંખને 10-10 ડ્રોન ફાળવવામાં આવશે. આ ડ્રોન અમેરિકન કંપની જનરલ એટોમિક્સ દ્વારા બનાવાય છે.

આ ડ્રોન મલ્ટી પર્પઝ છે. દુશ્મન પર નજર રાખવા, જરૂર પડે તો હુમલો કરવા માટે સક્ષમ છે. સાથે સાથે તે દુશ્મનના ડ્રોન હુમલાને પણ નાકામ બનાવવા માટેની ક્ષમતા ધરાવે છે. એટલે સુધી કે દરિયાના પેટાળમાં હંકારતી સબમરિન પર પણ તે નજર રાખી શકે છે.

રાત્રે અંધારામાં ઉડવા માટે પણ તે સક્ષમ છે. તેના થર્મલ સેન્સર કેમેરા રાત્રીના અંધારામાં થતી માનવીય હિલચાલનો પણ તાગ મેળવી શકે છે.

# ટિકરી સરહદે વધુ 1 આંદોલનકારી ખેડૂતનું મોત, કુલ મૃતાંક 600 પાર

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાઓના વિરોધમાં ખેડૂતો દિલ્હીની સરહદો પર આશરે એક વર્ષ જેટલા સમયથી આંદોલન ચલાવી રહ્યા છે. ખેડૂતોનું કહેવું છે કે આંદોલનમાં સામેલ અત્યાર સુધીમાં 600થી વધુ ખેડૂતો અને એક્ટિવિસ્ટ્સે જીવ ગુમાવ્યો છે. જ્યારે દિલ્હીના ટિકરી બોર્ડર પર વધુ એક ખેડૂતે જીવ ગૂમાવ્યો છે.

દિલ્હીના ટિકરી બોર્ડર પર કૃષિ કાયદાના વિરોધમાં આંદોલન શરૂ થયું ત્યારથી તેમાં સામેલ પંજાબના 65 વર્ષીય ખેડૂત મોહિંદરસિંહનું મોત નિપજ્યું હતું. જોકે તેમના મોતનું ચોક્કસ કારણ સામે નથી આવ્યું પણ હાર્ટ એટેકને કારણે તેમણે જીવ ગૂમાવ્યો હોવાના અહેવાલો છે. મોહિંદરસિંહ ખેત મજૂર હતા અને તેમણે લગ્ન નહોતા કર્યા.

દિલ્હી સરહદોએ જે પણ ખેડૂતોએ અત્યાર સુધીમાં જીવ ગૂમાવ્યો તેની સંખ્યા 600ને પાર પહોંચી ગઈ હોવાનું સંગઠનોએ જણાવ્યું હતું. જે પણ ખેડૂતોએ આંદોલન સમયે જીવ ગૂમાવ્યો છે તેમાંથી મોટા ભાગના ખેડૂતો ટૂંકી જમીન ધરાવે છે. મૃતક ખેડૂતના ભાઈ 68 વર્ષીય રૂલદુ સિંઘે જણાવ્યું હતું કે અમારી પાસે બહુ જ ઓછી માત્ર 2. 5 એકર જ જમીન હતી પણ બહેનના લગ્ન સમયે તે જમીનને પણ અમે વેચી દીધી હતી.

# દેશમાં કોરોનાનો કેર યથાવત, વધુ 11919 કેસ નોંધાયા, 470ના મોત

**નવી દિલ્હી**

ભારતમાં કોરોનાના કેસ ઘટી રહ્યા છે. દેશમાં સળંગ ૪૧માં દિવસે કોરનાના નવા કેસ ૨૦ હજારથી નીચે રહ્યા છે. જ્યારે સળંગ ૧૪૪માં દિવસે કોરોનાના નવા કેસ ૫૦ હજારથી નીચે નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧૧,૯૧૯ નવા કેસ નોંધાયા છે અને ૪૭૦ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો છે. ૧૧,૨૪૨ લોકો કોરોના સામે જંગ જીત્યા છે. દેશમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧,૨૮,૭૬૨ પર પહોંચી છે. રિકવરી રેટ ૯૮.૨૬ ટકા છે, જે માર્ચ ૨૦૨૦ પછી સૌથી વધારે છે. દેશમાં નોંધાયેલા કુલ કૈસ પૈકી કેરળમાં ૬૮૪૯ કેસ નોંધાયા છે અને ૬૧ સંક્રમિતોના મોત થયા છે. જ્યારે ૬૦૪૬ લોકો સાજા થયા છે. દેશમાં કુલ રસીકરણનો આંકડો ૧૧૩ કરોડને પાર પહોંચ્યો છે. બુધવારે ૧૦,૧૯૭ નવા કેસ નોંધાયા હતા અને ૩૦૧ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો હતો. દિવાળી બાદ અમદાવાદમાં કોરોનાના કેસ વધી રહ્યા છે. ગુજરાતમાં પણ કોરોના ફરી ધીમે-ધીમે માથું ઉંચકી રહ્યો છે. બુધવારે રાજ્યમાં કોરોનાના નવાં ૫૪ કેસ નોંધાયા છે. જે પૈકી અમદાવાદમાં સૌથી વધુ ૨૮ કેસ નોંધાયા છે.

# દિલ્હી-NCR પ્રદુષણ અત્યંત ગંભીર બની માત્ર ગેસથી ચાલતા ઉદ્યોગોને પરવાનગી

**નવી દિલ્હી**

દિલ્હી-એનસીઆરમાં ખતરનાક પ્રદુષણના પગલે હવે દિલ્હી સરકારે સંખ્યાબંધ નિર્ણયોની જાહેરાત કરી છે. જે પ્રમાણે 21 નવેમ્બર સુધી દિલ્હીમાં બાંધકામ પર પ્રતિબંધ મુકી દેવાયો છે. સરકારી વિભાગોમાં 100 ટકા કર્મચારીઓ માટે વર્ક ફ્રોમ હોમનો નિયમ લાગુ કરાયો છે.

દિલ્હી સરકારના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે કહ્યુ હતુ કે, સ્કૂલ કોલેજ આગામી આદેશ સુધી બંધ રહેશે. દિલ્હીમાં જરૂરી સેવાઓ પૂરી પાડતા સામાનને બાદ કરતા બીજી ટ્રકોની એન્ટ્રી બેન કરાઈ છે. વધારાની 1000 સીએનજી બસોને દોડાવવામાં આવશે. મેટ્રો અને બસોમાં ઉભા ઉભા મુસાફરી કરવ માટે મંજૂરી માંગવામાં આવી છે. દિલ્હીમાં વાહનોના પીયુસી સર્ટિફિકેટની તપાસ કરવામાં આવશે અને



માત્ર ગેસથી ચાલતા ઉદ્યોગોને પરવાનગી આપવામાં આવશે. પાણી છાંટવા માટે 371 વોટર ટેન્કરનો ઉપયોગ થઈ રહ્યો છે. ગોપાલ રાયે કહ્યુ હતુ કે, માત્ર ભંડોળ ફાળવવાથી આ સમસ્યાનુ સમાધાન નહીં થાય. કેન્દ્ર દ્વારા બીજા રાજ્યોને પણ તાકીદ કરવાની જરૂર છે.

# પૂર્વાંચલ એક્સપ્રેસ હાઈવે 3. 2 કિ.મી. લાંબી એરસ્ટ્રીપ સાથે ચીનને પડકારવાનો રાજમાર્ગ

## નવા યુપીના નિર્માણનો માર્ગ, અગાઉના સીએમે વિકાસ ઘર સુધી મર્યાદિત રાખ્યો : PM

**સુલતાનપુર**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સુલતાનપુરમાં રૂ. ૨૨,૫૦૦ કરોડના ખર્ચે ત્રણ વર્ષમાં બનેલા ૩૪૧ કિ. મી. લાંબા પૂર્વાંચલ એક્સપ્રેસ વેનું ઉદ્ઘાટન કર્યું હતું. લખનઉને ગાઝીપુર સાથે જોડતા છ લેનના એક્સપ્રેસ-વેના ઉદ્ઘાટન માટે વડાપ્રધાન મોદીએ હવાઈદળના સી-૧૩૦ હરક્યુલિસ વિમાનથી પૂર્વાંચલ એક્સપ્રેસ વેની એર સ્ટ્રીપ પર ઉતરાણ કર્યું હતું. આ એક્સપ્રેસ વે ચીનને પડકારવા માટેનો



રાજમાર્ગ બની શકે છે. તેના પર ફાઈટર પ્લેનના ઈમર્જન્સી લેન્ડિંગ માટે ૩. ૨ કિ. મી. લાંબી એર સ્ટ્રીપ બનાવવામાં આવી છે.

ઉત્તર પ્રદેશના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પૂર્વાંચલ એક્સપ્રેસ વેનો શિલાન્યાસ વડાપ્રધાન મોદીએ જુલાઈ ૨૦૧૮માં કર્યો હતો. વડાપ્રધાને જણાવ્યું હતું કે, ત્રણ-ચાર વર્ષ પહેલાં અહીં માત્ર જમીન હતી અને આજે અહીંથી અત્યાધુનિક એક્સપ્રેસ-વે પસાર થઈ રહ્યો છે. આ એક્સપ્રેસ વે ઉત્તર પ્રદેશમાં આધુનિક બની રહેલી સુવિધાઓનું પ્રતિબિંબ છે. ઉત્તર પ્રદેશમાં અગાઉની સરકારોએ પૂર્વાંચલ વિસ્તારને માફિયાવાદ અને ગરીબીમાં ધકેલી દીધો હતો.

# જમ્મુ-કાશ્મીરમાં કોંગ્રેસ પર સંકટ, સાત દિગ્ગજ નેતાઓના રાજીનામાં

**જમ્મુ-કાશ્મીર**

કોંગ્રેસના જમ્મુ અને કાશ્મીર એકમના સાત અગ્રણી નેતાઓએ પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીને તેમના રાજીનામા પત્ર મોકલીને દાવો કર્યો છે કે તેમને આ કેન્દ્રશાસિત પ્રદેશમાં પાર્ટી સાથે સંબંધિત બાબતો પર તેમના વિચારો વ્યક્ત કરવાની તક આપવામાં આવી નથી. રાજીનામા પત્ર મોકલનારાઓમાં ચાર પૂર્વ મંત્રીઓ અને ત્રણ ધારાસભ્યોનો સમાવેશ થાય છે. સૂત્રોનું કહેવું છે કે તેઓ પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદના નજીકના છે. કોંગ્રેસના આ નેતાઓના રાજીનામાના થોડા દિવસ પહેલા આઝાદે જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી હતી. સૂત્રોએ રાજીનામું આપનારા નેતાઓના નામ જાહેર કર્યા નથી. તેમનું કહેવું છે કે સોનિયા ગાંધી સિવાય આ નેતાઓએ પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પાર્ટીના રાજ્ય પ્રભારી રજની પાટિલને પણ રાજીનામાની નકલો મોકલી છે. રાજીનામાના પત્રમાં આ નેતાઓએ આરોપ લગાવ્યો છે કે પ્રદેશ કોંગ્રેસ નેતૃત્વના 'પ્રતિકૂળ વલણ'ના કારણે તેઓએ આ પગલું ભરવું પડ્યું છે. તેમણે પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ ગુલામ અહેમદ મીર પર નિશાન સાધ્યું છે.

# પશ્ચિમ બંગાળમાં હિન્દુ દેવી-દેવતાઓની મૂર્તિઓની તોડફોડના પગલે તણાવ

**નવી દિલ્હી**

પશ્ચિમ બંગાળમાં દેવી દેવતાઓની મૂર્તિઓની તોડફોડના મામલાના પગલે તનાવ ફેલાયો છે. રાજ્યના ઉત્તરી 24 પરગણા જિલ્લામાં આગામી તહેવારો માટે બનાવાઈ રહેલી મૂર્તિઓને કેટલાક અરાજકતા ફેલાવનારા તત્વોએ તોડી નાંખી હતી. આગામી દિવસોમાં યોજાનારા રાશ ઉત્સવ માટે આ મૂર્તિઓ તૈયાર કરવામાં આવી રહી હતી. આ ઘટના બાદ વિસ્તારમાં તનાવ જોવા મળી રહ્યો છે. પોલીસનુ કહેવુ છે કે, સ્થાનિક લોકોએ મૂર્તિઓની તોડફોડ થઈ હોવાની જાણકારી આપી હતી. એ પછી પોલીસે તપાસ શરૂ કરી છે. જોકે હજી સુધી ખબર નથી પડી કે મૂર્તિઓની તોડફોડ કરવામાં કોનો હાથ છે.

# દેશમુખની ધરપકડ બાદ દરેક દિવસની કિંમત વસુલીશું: શરદ પવારની ધમકી

**મુંબઈ**

એનસીપીના અધ્યક્ષ શરદ પવારે પૂર્વ ગૃહ મંત્રી અનિલ દેશમુખને ક્લીન ચીટ આપી છે અને સાથે સાથે ભાજપને ચીમકી પણ આપી છે કે, દેશમુખની ધરપકડના દરેક દિવસ અને દરેક કલાકની કિંમત અમે ભાજપ પાસે વસુલ કરીશું.

પવારે કહ્યુ હતુ કે, મહારાષ્ટ્ર પ્રગતિની દીશામાં આગળ વધી રહ્યુ છે પણ કેટલાક લોકોને આ પસંદ નથી આવી રહ્યુ.સત્તા હાથમાંથી જતી રહેવાના કારણે ઘણા લોકો અસ્વસ્થ બની ગયા છે.જેના કારણે તેઓ દિલ્હીની મદદથી મહારાષ્ટ્ર સરકારને સમયાંતરે ગબડાવવ માટે પ્રયાસ કરી રહ્યા છે.એનસીપી, કોંગ્રેસ અને શિવસેનાના નેતાઓને કેન્દ્રની સરકારી એજન્સીઓ હેરાન કરી રહ્યા છે. તેમણે અનિલ દેશમુખને ક્લીન ચીટ આપતા કહ્યુ હતુ કે, મુંબઈના પોલિસ કમિશનર મારી પાસે આવ્યા હતા અને તેમણે મને દેશમુખની ફરિયાદ કરી હતી. ત્યારે મેં તેમને પૂછ્યુ હતુ કે, જો તમને દેશમુખે વસૂલીનો આદેશ આપ્યો તો તેના પર તમે અમલ કર્યો ત્યારે તેમણે મને ના પાડી દીધી હતી.

# મધ્યપ્રદેશમાં હવે કોરોના રસી નહીં લેનારા રેશનિંગનું અનાજ નહીં અપાય

**ભોપાલ**

કોરોના સામેની લડાઈમાં વેક્સીનેશનનુ મહત્વ ગણુ વધી ગયુ છે. કોરોનાની ત્રીજી લહેરને રોકવા માટે વેક્સીનનો વ્યાપ વધારવાની જરૂર છે ત્યારે મધ્યપ્રદેશે કોરોના વેક્સીન નહીં લગાવનારાઓ માટે મહત્વનો નિર્ણય લીધો છે. સરકારે આદેશ કર્યો છે કે, રાજ્યમાં રેશનિંગનુ અનાજ એ જ લોકોને અપાશે જે રસી લઈ ચુકયા છે. વેક્સીન વગર અનાજ નહીં આપવામાં આવે. આ નિર્ણય ડિસેમ્બરથી લાગુ કરવામાં આવશે. જેથી જે લોકોએ રસી નથી મુકાવી તેમને સમય મળી રહે. સરકાર દ્વારા વેક્સીન લેવા માટે જન જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યુ છે.

# આખરે મુંબઈ રાજ્યનું વિસર્જન થયું : ગુજરાતનું નામ 'મહાગુજરાત' રાખવાનો સુધારો ફગાવાયો !

તા. ૧૯મી એપ્રિલ, ૧૯૬૦ના રોજ ભારતની સાંસદે મુંબઈ રાજ્યના વિભાજનનું બીલ આખરી તબક્કામાંથી પસાર કરી દીધું. વિરોધ પક્ષ દ્વારા ૧૦૦ જેટલા સુધારા રજૂ થયા. તેમાં એક સુધારો ગુજરાતનું નામ 'મહાગુજરાત' રાખવાનો હતો પણ તે નામંજૂર થયો. તા. ૨૩મી એપ્રિલે રાજ્યસભાએ પણ મુંબઈ રાજ્યના વિસર્જનના બીલને મંજૂરી આપી દીધી. તા. ૨૫મી એપ્રિલે રાષ્ટ્રપતિશ્રીએ મુંબઈ રાજ્યના વિસર્જનના ખરડા પર સહી કરી દીધી. ડૉ. જીવરાજ મહેતાના મુખ્યમંત્રી પદે ગુજરાતના નવા મંત્રીમંડળની જાહેરાત કરવામાં આવી. આમ તા. ૧લી મે, ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે અલગ રાજ્યોની રચના થઈ. દ્વિભાષી મુંબઈ રાજ્ય વખતે આબુરોડ અને માઉન્ટ આબુનો બનાસકાંઠા જિલ્લામાં સમાવેશ થતો હતો, પણ ગુજરાતનું અલગ રાજ્ય બનતાં આબુરોડ અને માઉન્ટ આબુ રાજસ્થાનમાં ગયાં. મુંબઈનો મહારાષ્ટ્રમાં સમાવેશ થયો. ડાંગ ગુજરાતમાં આવ્યું. આમ સાડા ત્રણ વર્ષનો જંગ ખેલ્યા બાદ ગુજરાતની રચના થઈ.

### મુખ્ય સચિવ ઇશ્વરન્

હવે ગુજરાત રાજ્યની રચનાના પ્રશ્નો ઝડપથી વિચારવાની અને નિર્ણયો લેવાની શરૂઆત થઈ ચૂકી હતી. એમ નક્કી થયું કે, ગુજરાતના ભાવી મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ દર અઠવાડિયે અમદાવાદની મુલાકાત લઈને અને કયા વિભાગની ઑફિસ કયા સ્થળે બેસાડવી તેનો સ્થળ ઉપર જ નિર્ણય કરવો. ગુજરાતના મુખ્ય સચિવ તરીકે ઈશ્વરન્ (આઈ.સી.એસ.) અને મુખ્ય પોલીસ વડા તરીકે કાનેટકર તેમજ ગૃહસચિવ તરીકે ગુજરાતના જ જી. એલ. શેઠ (આઈ.સી.એસ.)નાં નામો જાહેર થઈ ગયા હતા. એમ પણ જાહેરાત થઈ કે, માર્ચ માસમાં મુંબઈથી સચિવાલયનો સ્ટાફ ખાસ ટ્રેનો મારફત અમદાવાદ મોકલવાનું શરૂ થઈ જશે. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને બીજા ન્યાયમૂર્તિઓ તેમજ પબ્લિક સર્વિસ કમિશનની કચેરી માટે અમદાવાદ શાહીબાગના ૩૩ સરકારી બંગલાઓ રાખવાનું જાહેર થયું.

### આંબાવાડીમાં સચિવાલય

રાજભવન તરીકે શાહીબાગ ખાતેનો કમિશનરનો બંગલો (અત્યારનું સરદાર સ્મારક) નક્કી થયું. ગુજરાતના કામચલાઉ સચિવાલય તરીકે અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં આવેલ પૉલિટૅક્નિક બિલ્ડિંગ નક્કી કરવામાં આવ્યું. જ્યારે ધારાસભા ગૃહ તરીકે નવી સિવિલ હૉસ્પિટલમાં આવેલ ઓ.પી.ડી. વિભાગનાં મકાન અને ઑડિટોરિયમ હૉલનો ઉપયોગ કરવાનું વિચારાયું. હાઈકોર્ટ માટે નવરંગપુરામાં આવેલ ચિલ્ડ્રન હૉસ્પિટલની જગ્યા પસંદ થઈ હતી. વળી અમદાવાદ શહેરમાં નવા ટેલિફોનો માટે ૨૦૦૦ લાઈનો આપવાનું નક્કી થયું. વળી ખુદ સરકારના ઉપયોગ માટે મોટી સંખ્યામાં ટેલિફોનની જરૂર પડશે તેવી ટેલિફોન ખાતાને પણ ખબર આપવામાં આવી. સરકારના ત્રીજા વર્ગના કર્મચારીઓ માટે શાહીબાગ, દૂધેશ્વર વગેરે સ્થળોએ આવેલ હાઉસિંગ બોર્ડનાં મકાનોનો કબજો લેવાનું ઠરાવ્યું.

### મુંબઈથી ખાસ ટ્રેનો દોડાવાઈ

મુંબઈથી ૨૦ ઉચ્ચ અધિકારીઓની એક ટુકડી તા. ૧૯-૨-૬૦ના રોજ અમદાવાદ આવી. આ ટુકડીએ સૂચિત સચિવાલય, ધારાસભા ગૃહ, હાઈકોર્ટનું મકાન તેમજ સ્ટાફનાં મકાનો વગેરે નક્કી થયેલી જગ્યાઓ, જ્યાં શાહીબાગ તેમજ કૅમ્પ વિસ્તારમાં રહેલા કલેક્ટર વગેરે સરકારી અધિકારીઓને તેમના બંગલાઓ ખાલી કરવા જણાવવામાં આવ્યું હતું. વધુમાં તા. ૧-૪-૬૦ના રોજથી અમદાવાદ શહેરના વિસ્તારને ડી.એસ.પી.ને બદલે પોલીસ કમિશનરની હકૂમત હેઠળના વિસ્તાર તરીકે જાહેર કરવાનું નક્કી થયું હતું. નવી દિલ્હીમાં મોરારજીભાઈએ તા. ૨૪-૨-૬૦ના રોજ જાહેરાત કરી કે ગુજરાત રાજ્યનું ઉદ્ઘાટન ૧લી મે, ૧૯૬૦ના રોજ થશે અને મહારાષ્ટ્ર રાજ્યનું ઉદ્ઘાટન ૨૮મી એપ્રિલ, ૧૯૬૦ના રોજ શિવાજી જયંતીના દિવસે થશે. બંને અલગ તારીખો અંગે તેમણે કહ્યું કે, આ તારીખ ગ્રહોની દૃષ્ટિએ ગુજરાત માટે અનુકૂળ ન હતી.

આ જાહેરાત થતાંની સાથે જ અમદાવાદ મ્યુ. કૉર્પોરેશનના નાગરિક પક્ષના ૪૧ સભ્યો તા. ૯-૪-૬૦ના રોજ એક સાથે કૉંગ્રેસમાં જોડાઈ ગયા. આ લોકોનું વલણ શરૂઆતથી જ જનતા પરિષદની સાથે સુમેળભર્યું હતું જ નહીં અને ખાસ કરીને શહીદ સ્મારકના સવાલ ઉપર તેઓ સામસામા આવી ગયા હતા અને મનથી તેઓ કૉંગ્રેસની સાથે જ હતા.

જાહેરાત થઈ કે હવે ગુજરાત રાજ્યની રચના અંગેનું બધું જ કામ પૂરું થઈ ગયું છે. ગુજરાતના વહીવટને લગતો દરેક પત્રવ્યવહાર અને ફાઈલો વગેરે લઈને મુંબઈથી ખાસ ટ્રેનો તા. ૧૬, ૧૭, ૨૦ અને ૨૨ એપ્રિલ, ૧૯૬૦ના રોજ અમદાવાદ દોડાવવામાં આવશે એમ નક્કી થયું. એવી પણ જાહેરાત થઈ કે, મુખ્ય સચિવ ઈશ્વરન ઉપરાંત સિનિયર સચિવ એમ. જી. મોનાની, જી. એસ. શેઠ, હબિબુલ્લા, એલ. આર. દલાલ, બનેસિંગજી અને આર. એન. દેસાઈ જુદા જુદા ખાતાના સચિવ તરીકે રહેશે. તા. ૩૦-૪-૬૦ના રોજ કૉંગ્રેસ વિધાનસભા પક્ષની બેઠક પણ બોલાવવામાં આવી અને તેમાં પક્ષના નેતાની ચૂંટણી થશે અને તા. ૧-૫-૬૦ના રોજ ગુજરાતના પ્રથમ પ્રધાનમંડળની સોગંદવિધિ કરવામાં આવશે.




**ગુજરાતના મુખ્ય સચિવ તરીકે ઈશ્વરન્ (આઈ.સી.એસ.) અને મુખ્ય પોલીસ વડા તરીકે કાનેટકર તેમજ ગૃહસચિવ તરીકે ગુજરાતના જ જી. એલ. શેઠ (આઈ. સી.એસ.)નાં નામો જાહેર થઈ ગયા હતા. એમ પણ જાહેરાત થઈ કે, માર્ચ માસમાં મુંબઈથી સચિવાલયનો સ્ટાફ ખાસ ટ્રેનો મારફત અમદાવાદ મોકલવાનું શરૂ થઈ જશે.**

તા. ૧૩-૪-૬૦ના રોજ ગુજરાત સચિવાલયના કર્મચારીઓ અને સેંકડો ટાઈપરાઈટરો, ૪૦૦૦થી વધુ કાગળોનાં પાર્સલો સાથે ટ્રેનો મુંબઈથી અમદાવાદ આવી પહોંચી. ત્યાર પછીની વિધિ બંને રાજ્ય માટે માત્ર ઔપચારિક હતી. મહારાષ્ટ્ર કૉંગ્રેસ ધારાસભા પક્ષના નેતા તરીકે તા. ૨૧-૪-૬૦ના રોજ યશવંતરાવ ચવાણ અને વિદર્ભના કન્નમબાર ઉપનેતા તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા.

### ગુજરાતનું મંત્રીમંડળ

તા. ૨૫-૪-૬૦ના રોજ ગુજરાતના નવા પ્રધાનમંડળના પ્રધાનો અને નાયબ પ્રધાનોની યાદી નીચે મુજબ જાહેર કરવામાં આવી : (૧) મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતા, (૨) રસિકલાલ પરીખ, (૩) માણેકલાલ શાહ, (૪) હિતેન્દ્ર દેસાઈ, (૫) જશવંતલાલ શાહ, (૬) છોટુભાઈ મકનજીભાઈ પટેલ, (૭) બહાદુરભાઈ પટેલ, (૮) પ્રેમજી ભવાનજી ઠક્કર, (૯) અકબરઅલી જસદણવાલા, (૧૦) શ્રીમતી કમળાબહેન પટેલ, (૧૧) માધવસિંહ સોલંકી અને સ્પીકર તરીકે (૧૨) માનસિંહજી ભાસાહેબ રાણાની પસંદગી થઈ હતી.

તા. ૨૫-૪-૬૦ના રોજ રાષ્ટ્રપતિએ મુંબઈના વિભાજનના ખરડા ઉપર સહી કરી દીધી અને સરકારી ગૅઝેટમાં તે જ દિવસે પ્રસિદ્ધ થઈ ગયો.

ગુજરાત રાજ્યના પ્રથમ ગવર્નર તરીકે હૈદરાબાદના શાહી કુટુંબના એક સજ્જન પુરુષ મહેંદી નવાજ જંગની નિમણૂકની જાહેરાત થઈ.

### વિરોધ પક્ષ

ગુજરાતમાં કૉંગ્રેસી પ્રધાનમંડળ બનશે એ તો દેખીતી જ વાત હતી અને કૉંગ્રેસમાંથી છૂટા પડેલા લોકો કૉંગ્રેસમાં પાછા જઈ રહ્યા હતા. તે સંજોગોમાં ગુજરાત વિસ્તારમાં વ્યવસ્થિત વિરોધ પક્ષની રચના અનિવાર્ય હતી અને ખાસ કરીને જનતા પક્ષનું વિસર્જન કરવામાં આવ્યું. ત્યારે જે ધારાસભ્યો હતા તેમની સાથે બેસીને વિચાર કરવો તે દૃષ્ટિએ તા. ૨૬-૪-૬૦ના રોજ જનતા પરિષદના ધારાસભ્યો પૈકીના એક છોટાલાલ નારણદાસ પટેલના જમાલપુર દાણાપીઠના નિવાસસ્થાને બેઠક મળી હતી. આ સભામાં ચર્ચા પછી એવી વિચારણા થઈ હતી કે, બધાએ સાથે મળીને વિરોધ પક્ષ તરીકે જ બેસવું અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા અને અન્ય કામકાજ બાબતોની વિગતો વિચારવા બ્રહ્મકુમાર ભટ્ટ, રમણલાલ નાગજીભાઈ પટેલ અને મહેન્દ્ર દેસાઈની એક સમિતિ નીમવામાં આવી. વિધાનસભા પક્ષના નેતા તરીકે કપડવંજના ધારાસભ્ય નગીનદાસ ગાંધી(વકીલ)ને રાખવા તેમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું. ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષની નવરચના અંગે ઈંદુલાલ યાજ્ઞિકે પણ જણાવ્યું કે, ગુજરાત ધારાસભામાં વ્યવસ્થિત વિરોધ પક્ષ ઊભો થાય તે વાત આવકારદાયક છે.

તા. ૩૦-૪-૬૦ના રોજ ગુજરાતની રચના થતાં ડૉ. જીવરાજ મહેતાની સરકારને આવકારવા લાલ દરવાજા સરદાર બાગમાં જાહેરસભા યોજવામાં આવી હતી. જ્યારે મહાગુજરાત જનતા પરિષદની 'શહીદ સ્મારક સમિતિ' જેને ચાલુ રાખવી હતી, તેના તરફથી માણેકચોક તિલક મેદાનમાં રાતના ૭॥ વાગે જાહેરસભા યોજવામાં આવી હતી. આ સભામાં જનતા પરિષદના અગ્રણીઓએ પ્રવચનો કર્યાં હતાં.

### સોગંધવિધિ થઈ

તા. ૧-૫-૬૦ના રોજ અમદાવાદ સાબરમતી ગાંધી આશ્રમમાં ગુજરાતના પ્રધાન મંડળની સોગંધવિધિ થઈ. આ પ્રસંગે ગુજરાતના લોકસેવક રવિશંકર મહારાજે જણાવ્યું કે, 'ગુજરાત રાજ્યને તુમારશાહીની ચુંગાલમાંથી બચાવવા વહીવટકર્તાઓ ધ્યાન આપે તેટલી જ મારી તો સલાહ છે.' આમ તા. ૧-૫-૬૦ના રોજથી મહાગુજરાતનું રાજ્ય અને તેનો વહીવટી કાર્યભાર અસ્તિત્વમાં આવેલો.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### ખારા પાણીમાં મેન્ગ્રુવના જંગલ



ઉષ્ણ કટિબંધના ગરમ પ્રદેશના દરિયા કિનારે જોવા મળતી મેન્ગ્રુવ વનસ્પતિ અન્ય વનસ્પતિ કરતા જુદી હોય છે તેના જંગલ પણ વિશિષ્ટ હોય છે. ખારા પાણીવાળી જમીન અને દરિયાકાંઠાની વિશિષ્ટ આબોહવાને કારણે આ વનસ્પતિ પણ વિશેષતા ધરાવે છે. દરિયામાં ભરતી આવે ત્યારે કાંઠાની જમીન પર પાણી ભરાય છે. આ ખારા પાણીમાં ઘણી જાતની વનસ્પતિ થાય છે તેના મૂળ અર્ધા પાણીમાં અને અર્ધા જમીનની બહાર હોય છે. ખારા પાણી પીને વિકાસ પામતા આ વનસ્પતિ મોટે ભાગે ઘાસ જેવી લાંબી હોય છે. સમુદ્ર કાંઠાના તીવ્ર પવનો, ક્ષારવાળા વાતાવરણ અને ઓછા ઓક્સિજનવાળા વાતવરણમાં કહેલી આ વનસ્પતિ ભરતી સમયે સમુદ્રના જોરદાર મોજાનો પણ સામનો કરે છે. ભારતમાં બંગાળના સુંદરવનના મેન્ગ્રુવ જંગલ વિશ્વ પ્રસિદ્ધ છે. આ જંગલમાં ૫૦ માળની વનસ્પતિ થાય છે તેના મૂળ કાદવ કીચડમાંથી જમીન તરફ ફેલાય છે. ઘણી વનસ્પતિને થડ હોતાં જ નથી. મૂળિયાના સમૂહ જ થડની ગરજ સારે છે. મેન્ગ્રુવ વનસ્પતિ પાન ઓછા અને મૂળ વધારે હોય છે. ઓક્સિનિયા નામની વનસ્પતિને ત્રણ મીટર લાંબા છોડમાં હજારો મૂળ હોય છે. આ વનસ્પતિ પર્યાવરણ માટે ઉપયોગી છૈ. દરિયા કાંઠાના ધોવાણને અટકાવે છે.

# ભારતને બે વન-ડે વર્લ્ડ કપ સહિત ICCની ત્રણ ઈવેન્ટ્સની યજમાની

## ભારત 2023ના વન-ડે વર્લ્ડ કપની પણ યજમાની કરવાનું છે, પાકિસ્તાનને 29 વર્ષ બાદ યજમાની મળી

**દુબઇ :** આઈસીસીએ ૨૦૨૪થી ૨૦૩૧ સુધી યોજનારી તેની મેગા ઈવેન્ટ્સના યજમાન દેશોની જાહેરાત કરી છે. જેમાં ભારતને ત્રણ મેજર ઈવેન્ટ્સની યજમાની મળી છે. ભારતને ત્રણ મેજર ઈવેન્ટ્સની યજમાની મળી છે. જોકે ભારત ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ સહિત આગામી નવ વર્ષમાં કુલ ચાર આઈસીસી ઈવેન્ટ્સની યજમાની કરશે. ભારત ૨૦૨૬માં શ્રીલંકા સાથે ટી૨૦ વર્લ્ડ કપ અને ૨૦૩૧માં બાંગ્લાદેશ સાથે વન-ડે વર્લ્ડ કપની યજમાની કરશે. આ દરમિયાન ૨૦૨૯માં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પણ ભારતમાં રમાશે. પાકિસ્તાનને પણ એક મેજર ઈવેન્ટનું યજમાન બનાવવામાં આવ્યું છે. પાકિસ્તાન ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફી રમાડશે. ૨૦૨૪થી ૨૦૩૧ સુધીમાં વન-ડે અને ટી૨૦ના કુલ છ વર્લ્ડ કપ રમાશે. ૨૦૨૩નો વન-ડે વર્લ્ડ કપ ભારતમાં રમાવાનો છે.



### ઓસ્ટ્રેલિયાના સાત શહેરમાં ૨૦૨૨ના ટી૨૦ વર્લ્ડ કપની મેચ રમાશે, ૧૩મી નવેમ્બરે મેલબોર્નમાં ફાઇનલ

**દુબઇઃ** મેલબોર્ન, સિડની, બ્રિસબેન, પર્થ અને એડિલેડ સહિત ઓસ્ટ્રેલિયાના સાત શહેર આગામી વર્ષે ૨૦૨૨માં રમાનારા આઇસીસી ટી૨૦ વર્લ્ડ કપની યજમાની કરશે. આ વર્લ્ડ કપ ૧૬મી ઓક્ટોબરથી ૧૩મી નવેમ્બર સુધી રમાશે. ઓસ્ટ્રેલિયાના બે અન્ય શહેર જિલાંગ અને હોબાર્ટ ખાતે પણ મેચો રમાડવામાં આવશે. જોકે આ સેન્ટરમાં રાઉન્ડ-૧ના મુકાબલા રમાય તેવી સંભાવના છે. ફાઇનલ મુકાલો ૧૩મી નવેમ્બરે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) ખાતે રમાશે. આઇસીસીએ જણાવ્યું હતું કે, આગામી વર્ષે રમાનારા વર્લ્ડ કપમાં ૪૫ મુકાબલા રમાશે જેની ઓસ્ટ્રેલિયાના સાત શહેર યજમાની કરશે. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ તથા એડિલેડ ઓવલ ખાતે અનુક્રમે નવમી તથા ૧૦મી નવેમ્બરે બે સેમિફાઇનલ રમાશે. સુપર-૧૨ તબક્કા માટે સીધું ક્વોલિફાય કરનાર ટીમોમાં વર્તમાન ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ પણ સામેલ છે. અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, ભારત, પાકિસ્તાન અને સાઉથ આફ્રિકાએ સુપર-૧૨ તબક્કા માટે સીધું ક્વોલિફાય કર્યું છે.

### સ્મૃતિ મંધાનાની તોફાની બેટિંગ

# WBBLમાં સદી નોંધાવનાર પ્રથમ ભારતીય ક્રિકેટર બની



**સિડની**

ભારતની અનુભવી ખેલાડી સ્મૃતિ મંધાનાએ વિમેન્સ બિગ બેશ લીગમાં (WBBL) રેકોર્ડ સર્જ્યો હતો. તેણે ૫૭ બોલમાં પોતાની સદી પૂરી કરી હતી અને ઓસ્ટ્રેલિયામાં મહિલાઓ માટે રમાતી આ લીગમાં સદી નોંધાવનાર પ્રથમ ભારતીય ક્રિકેટર બની ગઈ હતી. સિડની થંડર માટે રમનાર મંધાનાએ અણનમ ૧૧૪ રનની ઈનિંગ રમી હતી પરંતુ તેની ટીમ ચાર રન માટે હારી ગઈ હતી. રેનેગેડ્સે આ મુકાબલો જીતી લીધો હતો. થંડરને અંતિમ ઓવરમાં વિજય માટે ૧૩ રનની જરૂર હતી પરંતુ ભારતીય સુકાની હરમનપ્રીત કૌરે ચુસ્ત બોલિંગ કરીને મંધાના તથા તાહિલા વિલ્સનને એક પણ બાઉન્ડ્રી ફટકારવા દીધી નહોતી. આ પરાજય સાથે સિડની થંડર પ્લે ઓફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી.

**૬૪ બોલમાં અણનમ ૧૧૪ રન ફટકાર્યા, મેલબોર્ન માટે હરમનપ્રીતે ૮૧ રન બનાવ્યા**

મંધાનાએ ૬૪ બોલમાં ૧૪ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૧૧૪ રન બનાવ્યા હતા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. મેલબોર્ને ચાર વિકેટે ૧૭૫ રન બનાવ્યા હતા. મેલબોર્ન રેનેગેડ્સ માટે હરમનપ્રીતે ૫૫ બોલમાં ૧૧ બાઉન્ડ્રી અને બે સિક્સર વડે અણનમ ૮૧ રન ફટકારવા ઉપરાંત ૨૭ રનમાં એક વિકેટ ઝડપી હતી. મંધાનાએ ૨૦૧૭માં એશ્લે ગાર્ડનરે રમેલી હાઈએસ્ટ ૧૧૪ રનની ઈનિંગના રેકોર્ડને પણ સરભર કર્યો હતો.

# ભારત અને સાઉથ આફ્રિકા આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપમાં એક જ ગ્રૂપમાં

## 16 ટીમો વચ્ચે કુલ 48 મુકાબલા ખેલાશે : પાંચમી ફેબ્રુઆરીએ ફાઈનલ

**જમૈકા**

આવતા વર્ષે વેસ્ટ ઈન્ડિઝમાં યોજાનારા અંડર-૧૯ વર્લ્ડ કપના ગ્રૂપ જાહેર કરી દેવામાં આવ્યા છે. ભારતને ગ્રૂપ-બીમાં સાઉથ આફ્રિકા તેમજ યુગાન્ડા અને આયરલેન્ડની સાથે સ્થાન મળ્યું છે. તારીખ ૧૪મી જાન્યુઆરીથી શરૂ થનારા અંડર-૧૯ વર્લ્ડ કપની મેચો વેસ્ટ ઈન્ડિઝમાં ચાર જુદા-જુદા દેશોમાં રમાશે. નોધપાત્ર છે કે, ગત અંડર-૧૯ વર્લ્ડ કપની ફાઈનલમાં બાંગ્લાદેશની ટીમ ભારતને ડકવર્થ લુઈસની મદદથી ત્રણ વિકેટથી હરાવીને વિજેતા બની હતી. વિશ્વની ૧૬ ટીમો વચ્ચે કુલ ૪૮ મુકાબલા ખેલાશે. જ્યારે ફાઈનલ પાંચમી ફેબ્રુઆરીએ રમાશે. ડિફેન્ડિંગ ચેમ્પિયન બાંગ્લાદેશને ગ્રૂપ-એમાં ઈંગ્લેન્ડ, કેનેડા અને સંયુક્ત આરબ અમીરાતની સાથે સ્થાન મળ્યું છે. જ્યારે ગ્રૂપ-સીમાં પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઝિમ્બાબ્વે તેમજ પાપુઆ ન્યુ ગિની છે. સૌથી સ્પર્ધાત્મક કહી શકાય તેવું ગ્રૂપ- ડી છે. જેમાં વિન્ડિઝ અને ઓસ્ટ્રેલિયાની સાથે શ્રીલંકા અને સ્કોટલેન્ડ છે. ન્યુઝીલેન્ડે બાળકો અને કિશોરો માટેના કડક ક્વોરન્ટાઈન નિયમોને કારણે અંડર-૧૯ વર્લ્ડ કપમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. ન્યુઝીલેન્ડના સ્થાને સ્કોટલેન્ડને સમાવવામાં આવ્યું છે.

## જ્યોતિએ એક પોઈન્ટના અંતરથી એશિયન તીરંદાજીનો ગોલ્ડ જીત્યો

**ઢાકા**

ભારતીય તીરંદાજ જ્યોતિ સુરેખાએ વેન્નમે એક પોઈન્ટથી સાઉથ કોરિયન હરિફ યૂહ્યુનને હરાવીને એશિયન કમ્પાઉન્ડ તીરંદાજીમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. બાંગ્લાદેશમાં યોજાયેલી એશિયન તીરંદાજીમાં જ્યોતિ અને રિષભ યાદવની જોડીએ મિક્સ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીત્યો હતો. જ્યારે ભારતીય મેન્સ ટીમને અગાઉ બ્રોન્ઝ મેડલ મળ્યો હતો. વર્લ્ડ તીરંદાજી ચેમ્પિયનશિપમાં ત્રણ સિલ્વર મેડલ જીતનારી જ્યોતિએ એશિયન ચેમ્પિયનશિપની સેમિ ફાઈનલ અને ફાઈનલમાં કોરિયન તીરંદાજોને હરાવતા સફળતા હાંસલ કરી હતી.

# પ્રથમ ટી-20માં ન્યૂઝીલેન્ડનો ભારત સામે 5 વિકેટથી પરાજય

## ન્યૂઝીલેન્ડ 6/164, ભારત 5/166, શ્રેણીમાં 1-0ની લીડ મેળવી

**જયપુર**

હાઈસ્કોરિંગ બનેલી પ્રથમ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને બે બોલ બાકી રાખીને પાંચ વિકેટે પરાજય આપ્યો હતો. આ સાથે નવા કોચ રાહુલ દ્રવિડ અને ટી૨૦ ફોર્મેટમાં સ્થાયી રીતે સુકાની બનાવવામાં આવેલા રોહિત શર્માની કેપ્ટનશિપ હેઠળ ભારતે નવા યુગનો વિજય સાથે પ્રારંભ કર્યો હતો. ભારતે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરી હતી. ન્યૂઝીલેન્ડે છ વિકેટે ૧૬૪ રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતે ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૬ રન બનાવીને વિજય હાંસલ કર્યો હતો. ભારતે ત્રણ મેચની શ્રોણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. રનચેઝ કરનાર ભારતના ઓપનર રોહિત શર્મા અને લોકેશ રાહુલે (૧૫) પ્રથમ વિકેટ માટે ૫૦ રનની ભાગીદારી નોંધાવી હતી. ત્યારબાદ રોહિત અને સૂર્યકુમાર યાદવે બીજી વિકેટ માટે ૫૯ રન ઉમેર્યા હતા. રોહિત ૩૬ બોલમં ૪૮ રન તથા સૂર્યકુમાર ૪૦ બોલમાં છ બાઉન્ડ્રી અને ત્રણ સિક્સર વડે ૬૨ રન બનાવીને આઉટ થયો હતો. રિષભ પંત ૧૭ રન બનાવીને અણનમ રહ્યો હતો. અગાઉ ન્યૂઝીલેન્ડની ઈનિંગમાં મુખ્ય યોગદાન ઓપનર માર્ટિન ગુપ્ટિલના ૪૨ બોલમાં ૭૦ તથા માર્ક ચેપમેનના ૬૩ રનનું રહ્યું હતું.

## WTAફાઈનલ્સમાં મુગુરુઝા ચેમ્પિયન: સ્પેનની પ્રથમ ખેલાડી

**મેક્સિકો**

સ્પેનની ગુર્બાઈન મુગુરુઝાએ ફાઈનલમાં એનેટ કોન્ટાવેટને સીધા સેટમાં હરાવીને વર્ષની અંતે રમાતી છેલ્લી મેજર ટૂર્નામેન્ટ ડબ્લ્યૂટીએ ફાઈનલ્સ ટેનિસ ટૂર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું હતું. સ્પેનની ૨૮ વર્ષીય મુગુરુઝાએ ઈસ્ટોનિયાની કોન્ટાવેટને ૬-૩, ૭-૫થી હરાવીને કારકિર્દીમાં પ્રથમ વખત આ ટ્રોફી પોતાના નામે કરી હતી. મેક્સિકોમાં મોન્ટેરરી ઓપન ટૂર્નામેન્ટ ૨૦૧૮ અને ૨૦૧૯માં ચેમ્પિયન બનેલી મુગુરુઝા વિમેન્સ સિંગલ્સમાં સિઝનના અંતે રમાતી આ ટૂર્નામેન્ટ જીતનાર સ્પેનની પ્રથમ ખેલાડી બની ગઈ છે. આ પહેલાં સ્પેનની અરાંત્ઝા સાંચેઝ વિકારિયો બે વખત રનર્સ-અપ બની હતી.



# નેધરલેન્ડ્સ 8 વર્ષ બાદ ફિફા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થયું

**રોટરડેમ**

નેધરલેન્ડ્સે આઠ વર્ષના લાંબા ગાળા બાદ ફિફા વર્લ્ડ કપ ફૂટબોલ માટે ક્વોલિફાય કરી લેતાં નોર્વેના સ્ટાર ખેલાડી ઈર્લિગ હોલેન્ડને વિશ્વ ફૂટબોલની મેગા ઈવેન્ટમાં રમવા માટે હવે ૨૦૨૬ સુધી રાહ જોવી પડશે. રોટરડેમ ખાતે રમાયેલી મેચમાં નેધરલેન્ડ્સની ટીમે મેચની અંતિમ પળોમાં ગોલ કરીને નોર્વેને ૨-૦થી પરાજય આપ્યો હતો. આ પરાજય સાથે નોર્વે ક્વોલિફાઈંગની રેસમાંથી બહાર થઈ ગયું છે. ઈજાના કારણે ૨૧ વર્ષીય હોલેન્ડ આ મુકાબલામાં રમ્યો નહોતો. ગ્રૂપ-જીમાં નેધરલેન્ડ્સની ટીમ ટોચના ક્રમે રહી છે. તુર્કીએ મોન્ટેગ્રોને ૨-૧થી હરાવીને નોર્વેને પાછળ રાખી દીધી છે અને માર્ચમાં રમાનારા પ્લે ઓફમાં સ્થાન મેળવી લીધું હતું. યુક્રેને પણ બોસનિયા હર્જેગોવિનાને ૨-૦થી હરાવીને પ્લે ઓફમાં પોતાનું સ્થાન નિ્ુતિ કર્યું હતું.

ગ્રૂપ-ડીમાં પોતાની આઠમાંથી છ મેચ ડ્રો રમનાર યુક્રેને ફિનલેન્ડને પણ પાછળ રાખ્યું હતું. આ ગ્રૂપમાં ફ્રાન્સની ટીમ અગાઉથી ક્વોલિફાય થઈ ચૂકી છે. ફ્રાન્સે કેઈલન મબાપે અને કરીમ બેન્ઝેમાના ગોલની મદદથી ફિનલેન્ડને ૨-૦થી હરાવ્યું હતું જેના કારણે તેની આશા ઉપર પણ પાણી ફરી વળ્યું હતું. ગ્રૂપ-ઈમાંથી વેલ્સ અને ચેક રિપબ્લિકે પ્લે ઓફમાં પ્રવેશ કર્યો છે. વેલ્સે કાર્ડિફમાં બેલ્જિયમ સામેનો મુકાબલો ૧-૧થી ડ્રો કર્યો હતો અને ગ્રૂપમાં બીજું સ્થાન મેળવ્યું હતું.

## ICCની ક્રિકેટ સમિતિના ચેરમેનપદે ગાંગુલીની વરણી

**દુબઇ**

બીસીસીઆઈના પ્રમુખ સૌરવ ગાંગુલીની આઈસીસી મેન્સ ક્રિકેટ સમિતિના ચેરમેન તરીકે વરણી કરવામાં આવી છે. દુબઈ ખાતે યોજાયેલી આઈસીસીની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. ગાંગુલી પોતાના ભૂતપૂર્વ સાથી ખેલાડી અને ભારતના દિગ્ગજ લેગ સ્પિનર અનિલ કુંબલેનું સ્થાન લેશે. કુંબલેએ નવ વર્ષનો કાર્યકાળ પૂરો થયા બાદ પોતાનો હોદ્દો છોડયો છે. આઈસીસી પ્રમુખ ગ્રેગ બાર્કલેએ જણાવ્યું હતું કે આઈસીસી ક્રિકેટ સમિતિના ચેરમેનપદે ગાંગુલીની વરણી કરવાનો મને આનંદ છે. વિશ્વના સર્વશ્રોષ્ઠ ખેલાડીઓમાંના એક તથા એક પ્રશાસક તરીકેનો ગાંગુલીનો અનુભવ અમને આગળ વધવામાં તથા ક્રિકેટના વિકાસમાં મદદરૂપ બનશે.




# યુરોપના 61 દેશોમાં કોરોનાના કેસનો રાફડો, USAમાં હોસ્પિટલોમાં બેડની મોટી તંગી

## ગયા અઠવાડિયે વધેલા નવા 33 લાખ કેસમાંથી 21 લાખ કેસો માત્ર યુરોપમાં

**પેરીસ**

દુનિયામાં હાલ યુરોપ જ એકમાત્ર એવો પ્રદેશ છે જ્યાં કોરોનાના નવા કેસો અને મરણાંક સતત વધી રહ્યા છે તેમ વિશ્વ આરોગ્ય સંસ્થાના અઠવાડિક અહેવાલમાં જણાવ્યું હતું. છેલ્લા એક સપ્તાહમાં યુરોપમાં કોરોનાના કેસોની સંખ્યામાં પાંચ ટકાનો વધારો થયો છે. દુનિયામાં ગયા સપ્તાહે કોરોનાના કુલ 33 લાખ કેસો નોંધાયા હતા જેમાંથી 21 લાખ કેસો યુરોપમાં નોંધાયા હતા.

જે દેશોમાં સૌથી વધારે કોરોનાના કેસો નોંધાયા છે તેમાં રશિયા, યુકે અને





જર્મનીનો સમાવેશ થાય છે. જર્મનીમાં ગુરુવારે 60 હજાર કેસ જ્યારે 248 દર્દીઓના મોત થયા હતા. યુરોપિયન યુનિયનમાં 61 દેશોનો સમાવેશ કરે છે. જેમાં રશિયા અને મધ્ય એશિયાનો પણ સમાવેશ થાય છે. જે દેશોમાં રસીનો અભાવ છે તે દક્ષિણપૂર્વ એશિયા અને આફ્રિકામાં પણ મરણાંક ઘટયો છે. જ્યારે નોર્વેમાં કોરોના મરણાંક 67 ટકા અને સ્લોવાકિયામાં 38 ટકા વધ્યો છે.

બીજી તરફ યુએસએમાં મિનેસોટા અને મિશિગનમાં આ અઠવાડિયે કોરોનાના ત્રણ હજાર દર્દીઓ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થતાં બેડની તંગી સર્જાઇ છે. મિનેસોટામાં પણ તમામ હોસ્પિટલોમાં બેડ ભરાઈ ગયા છે. યુએસમાં હાલ દરરોજ કોરોનાના 40,000 દર્દીઓ હોસ્પિટલોમાં સારવાર મેળવવા દાખલ થઈ રહ્યા છે.

# બાઈડન-કમલા હેરિસ વચ્ચે ખટરાગ, નવા વા. પ્રેસિડેન્ટની નિમણૂંક સંભવ

**વોશિંગ્ટન**

અમેરિકન પ્રેસિડેન્ટ જો બાઈડન અને વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ વચ્ચે ખટરાગ શરુ થયો હોવાની અટકળો ચાલી રહી છે. અમેરિકાના મીડિયા રિપોર્ટ પ્રમાણે બાઈડન નવા વાઈસ પ્રેસિડેન્ટની નિયુક્તિ કરવા માટે તેમજ કમલા હેરિસને પાછલા બારણે સુપ્રીમ કોર્ટમાં નિમણૂંક આપવા માટે વિચાર કરી રહ્યા છે. એવો પણ દાવો કરાયો છે કે, વ્હાઈટ હાઉસના મુખ્ય કર્મચારીઓએ કમલા હેરિસ અને તેમના સ્ટાફ પર ધ્યાન આપવાનુ બંધ કરી દીધુ છે.કમલા હેરિસના સહયોગીઓ વ્હાઈટ હાઉસમાં તેમની થઈ રહેલી ઉપેક્ષાથી નારાજ છે અને કહી રહ્યા

છે કે, કમલા હેરિસને સાઈડ લાઈન કરવામાં આવી રહ્યા છે. કમલા હેરિસને લઈને તેમની જ ડેમોક્રેટિક પાર્ટીમાં ચર્ચાઓ થઈ રહી છે.ઘણા ડેમોક્રેટસ કમલા હેરિસના ભવિષ્યને લઈને નિશ્ચિત નથી. ઉલ્લેખનીય છે કે, કમલા હેરિસને અમેરિકામાં આગામી ચૂંટણીમાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પણ ગણવામાં આવી રહ્યા છે.

# બ્રિટનમાં ફુગાવો વધી 4.2% : 10 વર્ષની ઉચ્ચ સપાટી ઉપર પહોંચ્યો

**લંડન**

બ્રિટનમાં ઓક્ટોબરનો ફુગાવો છેલ્લા દસ વર્ષની ઉચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. ઉર્જા સંબધિત સેવાઓ મોંઘી થવાના કારણે ઓક્ટોબરમાં ફુગાવો વધ્યો છે તેમ સરકાર દ્વારા જારી કરાયેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે.

નેશનલ સ્ટેટિસ્ક્સ ઓફિસના જણાવ્યા અનુસાર ઓક્ટોબરમાં ફુગાવો વધીને ૪.૨ ટકા રહ્યો છે. જે ગયા મહિને ૩.૧ ટકા હતો. ઓક્ટોબરમાં અપેક્ષા કરતા ફુગાવો વધુ આવ્યો છે. ઓક્ટોબર, ૨૦૨૧નો ફુગાવો નવેમ્બર, ૨૦૧૧ પછીનો સૌથી વધારે છે. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબરમાં ગેસ અને વીજળીના ભાવમાં ૧૨ ટકાનો વધારો થયો છે. જેના કારણે લાખો લોકોને અસર થઈ છે. યુઝ્ડ કાર, ફ્યુઅલ, રેસ્ટોરન્ટના ભોજન અને હોટેલ રૂમના ભાવ વધવાને કારણે ફુગાવો વધ્યો છે. ઓફિસ ઓફ નેશનલ સ્ટેટિસ્ટિક્સના મુખ્ય અર્થશાસ્ત્રી ગ્રાન્ટ ફિટ્ઝનેરના જણાવ્યા અનુસાર ફેક્ટરીઓ દ્વારા ઉત્પાદિત વસ્તુઓ અને કાચા માલના ભાવ સતત વધી રહ્યાં છે અને તેના ભાવ હાલમાં છેલ્લા દસ વર્ષની ઉંચી સપાટીએ પહોંચી ગયા છે.

# અમેરિકાની ટ્રાવેલ એડવાઝરી: ભારતમાં આતંકવાદ અને રેપથી બચવાની સલાહ

## અમેરિકાએ ભારત માટે લેવલ-2, પાકિસ્તાન માટે લેવલ-3ની એડવાઈઝરી બહાર પાડી

**વોશિંગ્ટન**

અમેરિકાએ ભારત અને પાકિસ્તાનનો પ્રવાસ કરતા નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી બહાર પાડી છે. ભારતના સંદર્ભમાં પ્રવાસીઓને સૂચન કરવામાં આવ્યું હતું કે ભારતમાં આતંકવાદ અને રેપથી બચીને રહેવું. મહિલાઓએ દેશભરમાં ક્યાંક એકલા પ્રવાસ ન કરવો એવી ભલામણ એમાં કરવામાં આવી હતી.

અમેરિકાએ ભારત માટે ટ્રાવેલ એડવાઈઝરી બહાર પાડી છે. એમાં આતંકવાદ અને બળાત્કારથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવી છે. ભારત માટે અમેરિકાએ લેવલ-૨ અને પાકિસ્તાન માટે લેવલ-૩ કેટેગરીની એડવાઈઝરી જારી કરી છે. પાકિસ્તાનનો પ્રવાસ કરવાનું વિચારતા પ્રવાસીઓને ફેરવિચારણા કરવાની સલાહ એ એડવાઈઝરીમાં કરવામાં આવી છે.

ભારતમાં જમ્મુ-કાશ્મીરનો પ્રવાસ ન કરવાની તાકીદ અમેરિકન પ્રવાસીઓને કરવામાં આવી છે. અમેરિકાની સત્તાવાર ટ્રાવેલ ગાઈડમાં કહેવાયું હતું કે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલા વધારે થાય છે એટલે ત્યાંનો પ્રવાસ કરવાનું સલાહભર્યું નથી. વળી, નાગરિકોમાં અશાંતિ હોવાથી પણ એ રાજ્યનો પ્રવાસ હિતાવહ નથી એવું કહેવાયું હતું. અમેરિકાની ટ્રાવેલ એડવાઈઝરીમાં જમ્મુ-કાશ્મીરનો ઉલ્લેખ કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે નહીં, પરંતુ રાજ્ય તરીકે થયો છે.

# ફાઈઝર, બાયોએનટેક તેમજ મોડર્નાએ કોરોના કાળમાં પ્રતિ સેકન્ડે 1,000 ડોલરની આવક રળી

**ન્યૂયોર્ક**

સમગ્ર વિશ્વ છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીનો સામનો કરી રહી છે અને અનેક દેશોના અર્થતંત્રની કમર ભાંગી ગઈ છે તેવા મુશ્કેલ સમયમાં કોરોનાની રસી શોધનારી ત્રણ ફાર્મા કંપનીઓ ફાઈઝર, બાયોએનટેક અને મોડર્નાએ તેમની કોરોનાની રસી મારફત પ્રત્યેક સેકન્ડે 1,000 ડોલરનો નફો કર્યો છે.

બીજીબાજુ વિશ્વના ગરીબ દેશો હજુ પણ રસી મેળવવાથી વંચિત છે અને લાખો લોકોએ મોતનો સામનો કરવો પડયો છે. આ ત્રણેય કંપનીઓએ તેમની રસીનો મોટાભાગનો હિસ્સો ધનિક દેશોને વેચ્યો છે, જેને પગલે તેમણે વાર્ષિક 34 અબજ ડોલરનો નફો કર્યો છે, જે દૈનિક 9.35 કરોડ ડોલર આથવા પ્રત્યેક મિનિટે 65,000 ડોલર




આથવા પ્રત્યેક સેકન્ડે 1,000 ડોલરથી વધુ થાય છે.

બીજી બાજુ દુનિયામાં કોરોનાના નવા 2,17,795 કેસો નોંધાવાને પગલે કોરોનાના કુલ કેસોની સંખ્યા 254,788,242 થઈ છે જ્યારે 4191 મરણ થવાને પગલે કુલ કોરોના મરણાંક 51,26,088 થયો હતો.

# પાકિસ્તાનમાં રેપિસ્ટોને નપુંસક બનાવાશે, સંસદમાં બિલ પસાર

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાનની સંસદે દેશમાં બળાત્કારની ઘટનાઓ પર પ્રતિબંધ મૂકવા માટે કડક બિલ પસાર કર્યું છે. પાકિસ્તાની સંસદમાં ગુરુવારે જાહેર કરાયેલા એક બિલમાં બળાત્કારીઓને તટસ્થ બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. આ વિધેયક બળાત્કારના કેસોની ઝડપી સુનાવણી સુનિશ્ચિત કરશે તેમજ બળાત્કારના ગુનેગારોને કડક સજા આપશે. પાકિસ્તાનમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં મહિલાઓ અને યુવતીઓ પર બળાત્કારના કેસમાં ઘણો વધારો થયો છે. જેની સામે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. પાકિસ્તાની કેબિનેટ દ્વારા પસાર કરવામાં આવેલા વટહુકમને રાષ્ટ્રપતિ આરિફ અલ્વીએ બહાલી આપ્યાના લગભગ એક વર્ષ બાદ આ બિલ પસાર કરવામાં આવ્યું છે. આ બિલમાં દોષિતની સંમતિથી રાસાયણિક રીતે નિષ્પક્ષ અને ઝડપી ટ્રાયલ માટે વિશેષ અદાલતોની સ્થાપના કરવાનું કહેવામાં આવ્યું છે. બુધવારે સંસદના સંયુક્ત સત્રમાં ક્રિમિનલ લો (એમેન્ડમેન્ટ) બિલ 2021 બિલ 33 અન્ય બિલની સાથે પસાર કરવામાં આવ્યું હતું. એક અખબારે અહેવાલ આપ્યો છે કે, પાકિસ્તાન પીનલ કોડ, 1860 અને ક્રિમિનલ પ્રોસિજર કોડ, 1898માં સુધારો કરવા માંગે છે.

# સિંગાપોર કોર્ટે વધુ એક ભારતીય મલેશિયનને મોતની સજા ફટકારી

**ન્યૂયોર્ક**

સિંગાપોર : 2018ની સાલમાં માદક દ્રવ્યોથી ભરેલી બેગ સાથે ઝડપાયેલા વધુ એક ભારતીય મૂળના 39 વર્ષિય મલેશિયન નાગરિકને સિંગાપોરની કોર્ટે માદક દ્રહવ્યોની હેરાફેરી કરવાના ગુનાસર મોતની સજા ફટકારી હતી. અગાઉ 1 ભારતીય મલેશિયન નાગરિકને પણ માદક દ્રવ્યોની હેરાફેરી કરવાના ગુનાસર ફાંસીની સજા ફટકારી હતી. તેને અગાઉના નિર્ધારિત કાર્યક્રમ મુજબ 10 નવેમ્બરના રોજ પાંસીના માંચડે લટકાવી દેવાનો હતો પરંતુ તેને કોરોનાનું સંક્રમણ થતાં તેને આ સંજોગોમાં ફાંસીની સજાનો અમલ કરવાનું કોર્ટને યોગ્ય લાગ્યુ નહોતું તેથી તેની ફાંસીની સજાની મુદત પાછી ઠેલી હતી.

# અમેરિકાને પછાડીને હવે ચીન વિશ્વનો સૌથી ધનિક દેશ બન્યો

## સૌથી વધુ નેટવર્થ ધરાવતા ટોચના 10 દેશોમાં ભારત નહીં

**બેઈજિંગ**

અમેરિકાને પછાડીને ચીન દુનિયાનો સૌથી ધનિક દેશ બની ગયો છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ મેનેજમેન્ટ કન્સલટન્ટ મેકેન્ઝી એન્ડ કંપનીના રિસર્ચ એકમના એક અહેવાલમાં દાવો કરાયો છે કે છેલ્લા બે દાયકામાં દુનિયાની સંપત્તિમાં ત્રણ ગણો વધારો થયો છે. વર્ષ ૨૦૨૦માં દુનિયાની કુલ સંપત્તિ ૧૫૬ લાખ કરોડ હતી, જે ૨૦૨૦માં વધીને ૫૧૪ લાખ કરોડ ડોલર થઈ ગઈ છે અને તેમાં ચીનની ભાગીદારી એક તતિયાંશ જેટલી છે. ચીનની સંપત્તિ વર્ષ ૨૦૦૦માં ૭ લાખ કરોડથી વધીને ૨૦૨૦માં ૧૨૦ અબજ ડોલરે પહોંચી ગઈ છે. મેનેજમેન્ટ કન્સલટન્ટ કંપની મેકિન્સે એન્ડ કંપનીના રિસર્ચ એકમના રિપોર્ટ મુજબ વિશ્વની ૬૦ ટકાથી વધુ સંપત્તિ માત્ર ૧૦ દેશો પાસે છે, જેમાં ચીન, અમેરિકા, જર્મની, ફ્રાન્સ, બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા, જાપાન, મેક્સિકો અને સ્વીડનનો સમાવેશ થાય છે.

# યુકેમાં પત્નીની હત્યા બદલ ભારતીય મૂળના નાગરિકને આજીવન કેદની સજા

**લંડન**

ઈંગ્લેન્ડના દક્ષિણ-પૂર્વમાં આવેલા મિલ્ટન કિનિસ વિસ્તારમાં પોતાની પત્નીને મોતને ઘાટ ઉતારી દેવાના કેસમાં યુકેની કોર્ટે ભારતીય મૂળના એક નાગરિકને આજીવન કેદની સજા ફટકારી હતી. જાન્યુઆરી મહિનામા થેમ્સ વેલી પોલીસે 47 વર્ષિય અનિલ ગીલ નામના આ હત્યારાએ તેની પત્ની 43 રનજીત ગીલની હત્યા કેસમાં ધરપકડ કરી હતી. આશ્ચર્યની વાત તો એ હતી કે આ હત્યારાએ જાતે ફોન કરીને પોલીસને પોતાના ઘરે બોલાવી હતી. તેના શરીર ઉપર ખંજર કે છરીના સંખ્યાબંધ ઘા ના નિશાન હતા. ગત ફેબ્રુઆરી મહિનામાં પોલીસે અનિલ ઉપર હત્યાના એક ગુનાનો આરોપ મૂક્યો હતો.


Wish you all
Happy Diwali
&
A Prosperous New Year
WE ARE GROWING AGAIN!
Sell Max With Save Max
SAVE MAX
Real Estate Inc. Brokerage
Let's Grow Together
PRANAY JANI
BROKER
416 258 5264
Office: 304-6755 Mississauga Rd. Mississauga. L5N 7Y2
Ab Call Toh Karna Hi Hoga!

Dr. Salim Kapadia DDS
Dental Centre

Your Perfect Smile... Is Our Greatest Satisfaction!

Dr. Salim Kapadia Dental Centre, Scarborough Mirror 2020 readers' choice Awards PLATINUM




SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges(Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

416-321-3268





Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE

416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. *(St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)*

**ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત**
**$4270**

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* *This is not a general insurance. Applies only in case of a death away from home.*

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com